કેડીઓ કલરવની


। મોતીચારો ભાગ-૮ ।

ડૉ. આઈ. કે. વીજળીવાળા

કેડીઓ કલરવની

ડૉ. આઈ. કે. વીજળીવાળા

ભગવદ્‌ગોમંડળમાં કલરવ શબ્દના જેટલાં અર્થ આપ્યા છે એમાંનો એક અર્થ છે 'મધુર અસ્પષ્ટ અવાજ.' બસ, આ જ છે જિંદગીના દરેક પ્રસંગમાંથી ઊઠતો નાદ. ક્યારેક એમાં કોયલનો ટહુકો હોય તો ક્યારેક મોરનો કેકારવ, ક્યારેક કાગડાના અવાજની કર્કશતા સંભળાય તો વળી ક્યારેક બુલબુલના મધુર ગીતો. એને સાંભળતાં, માણતાં, એના સાક્ષી બનતાં, એની સાથે જોડાતાં કે ક્યારેક એનો જ ભાગ બનતાં જિંદગીની કેડી પર આપણે આગળ વધતાં હોઈએ છીએ. એવા જ કેટલાક પ્રસંગોનું અહીં નિરૂપણ કર્યું છે. હું માનું છું કે આમાંના ઘણાં અવાજો આપણે જરૂર સાંભળ્યા હશે તો પણ એ આપણા મન અન મગજને આનંદ અને શાતા આપશે.



મોતીચારો શ્રેણીનાં આ પુસ્તકો તમે વાંચ્યા? અનેક વાંચકોને લાગણી ભીનાં કરી નાંખનાર આ પુસ્તકોની કુલ ૨,૫૦,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચૂકી છે.

₹ 80

VISIT…

LANZAROTE Caliente.com

ભગવદ્‌ગોમંડળમાં કલરવ શબ્દના જેટલાં અર્થ આપ્યા છે એમાંનો એક અર્થ છે 'મધુર અસ્પષ્ટ અવાજ.' બસ, આ જ છે જિંદગીના દરેક પ્રસંગમાંથી ઊઠતો નાદ. ક્યારેક એમાં કોયલનો ટહુકો હોય તો ક્યારેક મોરનો કેકારવ, ક્યારેક કાગડાના અવાજની કર્કશતા સંભળાય તો વળી ક્યારેક બુલબુલના મધુર ગીતો. એને સાંભળતાં, માણતાં, એના સાક્ષી બનતાં, એની સાથે જોડાતાં કે ક્યારેક એનો જ ભાગ બનતાં જિંદગીની કેડી પર આપણે આગળ વધતાં હોઈએ છીએ. એવા જ કેટલાક પ્રસંગોનું અહીં નિરૂપણ કર્યું છે. હું માનું છું કે આમાંના ઘણાં અવાજો આપણે જરૂર સાંભળ્યા હશે તો પણ એ આપણા મન અન મગજને આનંદ અને શાતા આપશે.



મોતીચારો શ્રેણીનાં આ પુસ્તકો તમે વાંચ્યા? અનેક વાંચકોને લાગણી ભીનાં કરી નાંખનાર આ પુસ્તકોની કુલ ૨,૫૦,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચૂકી છે.



₹ 80

કેડીઓ કલરવની

ડૉ. આઈ. કે. વીજળીવાળા

કેડીઓ કલરવની

। મોતીચારો ભાગ-૮ ।

ડૉ. આઈ. કે. વીજળીવાળા



Dr. I. K. Vijaliwala, M.D.Ped

Doctor House, Kalanala, Bhavnagar 364 001, Gujarat, India.

પ્રસ્તાવના

'મોતીચારો' શ્રેણીનું આ આઠમું પુસ્તક વાચકોના હાથમાં મૂકતાં મને અવર્ણનીય આનંદ થઈ રહ્યો છે. ઈન્ટરનેટનાં ઓવારેથી મળેલ મોતીઓને વાચકોએ ખૂબ ભાવથી અને પ્રેમથી આવકાર્યા છે. આજે ફરીથી એ જ પનઘટ પરથી એકાદ ખોબો ભરીને અહીં મૂકું છું. આમાંની ઘણી વાતો અગાઉ વાંચવામાં આવી હશે. પરંતુ આગળ દરેક વખતે લખ્યું એમ, ગમતી વસ્તુ ફરી એકવાર વાંચવામાં કંટાળો નહીં જ આવે.

સ્પર્શ એક અનુભવની વસ્તુ છે, અહેસાસની વસ્તુ છે. એ ગમે તે પ્રકારનો હોય, હાથથી હાથનો, એક માણસના હૃદયથી બીજા માણસના હૃદયનો હોય કે ઈશ્વરની કૃપાનો માણસના મસ્તક પર હોય, એનું એક અદભુત સૌન્દર્ય હોય છે. આપણા રોજબરોજના જીવનમાં દરેક પ્રસંગે એ આગવી રીતે વ્યક્ત થતું હોય છે. બાળકને ખોળામાં બેસાડીને એના મસ્તક પર હળવેથી ફરતા માતાના હાથના સ્પર્શનું સૌન્દર્ય તો આ સ્પર્શ જેણે માણ્યો હોય કે એને જોયો હોય એ જ સમજી શકે. અને એ સ્પર્શની સુંદરતા પણ વર્ણનથી પર છે. અમુક પ્રાણીઓમાં બચ્ચાનાં જન્મ પછી જો એને માતાની જીભનો સ્પર્શ ન થાય તો એનું જીવવું અશક્ય બની જતું હોય છે. સ્પર્શ ઈશ્વરનું વરદાન છે, સંબંધોનું જોડાણ છે. અભિવ્યક્તિનું એક અનેરું માધ્યમ છે, અનુકંપાનો અહેસાસ છે, શાંતિનો સ્રોત છે અને બીજાના હૃદય સુધી પહોંચવાનો એક રસ્તો પણ છે. અહીં એવા જ અમુક પ્રસંગો લીધા છે જે માનવીના મનનો, જીવનમૂલ્યોનો અને ઈશ્વરના પ્રેમનો આપણને સ્પર્શ કરાવે. એ સ્પર્શના સૌન્દર્યનો અનુભવ કરાવે. મોટા ભાગના પ્રસંગો અનનોન ઓથર્સ – અજ્ઞાત લેખકોએ લખેલા જ લીધા છે. પણ એ કોઈકે તો લખ્યા જ હશે ને? એ દરેક નામી-અનામી કર્તાઓનો અહીં ખરા દિલથી આભાર માનું છું.

હંમેશની માફક આ પ્રસંગે મારી જીવનસાથી અને સૌથી ઉત્તમ મિત્ર કૃતિકા તેમજ દીકરી તર્જનીનો તહે દિલથી આભાર માનું છું. એ લોકો જ મારી આ મહેનત પાછળના પ્રોત્સાહક બળ છે. તબિયતની બેરુખી અને કામના બોજા છતાં મારા લખાણની ભૂલો સુધારી અને પ્રકરણોને યોગ્ય ક્રમમાં મૂકી આપવાની જફા વેંઢારનાર બહેન શરીફાનો તો ઋણી બની ગયો છું. મારા દરેક પુસ્તકને વાચકો સુધી સારામાં સારા રંગરૂપે મૂકનાર શ્રી આર.આર.શેઠ એન્ડ કુ. પ્રા.લિ. ના શ્રી ચિંતનભાઈ, શ્રી રત્નરાજભાઈ તેમજ એમના સ્ટાફના દરેક વ્યક્તિનો આ ક્ષણે આભાર માનું છું. મારા સ્ટાફના ડૉ. ધિલેનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ સરવૈયા તેમજ જગદીશભાઈ રાઠોડનો પણ દિલથી આભાર માનું છું.

અંતે એટલું જ કહીશ કે એ દિવ્ય શક્તિ, હે જગ-નિયંતા! અમને તારા અનુપમ સ્પર્શને અનુભવવાનું વરદાન આપજે. કારણ કે અમારા સ્પર્શનું સૌન્દર્ય તો કદાચેય કોઈ સ્વાર્થના ધબ્બાથી ખરડાયેલું હશે, પણ તારા એ નિષ્કલંક અને નિસ્વાર્થ અહેસાસને માણવાનું ભાગ્ય અમને મળે એવી અમારી અભિલાષાને કબૂલ ન કરે તો કાંઈ નહી, એને જીવતી તો જરૂર રાખજે. અમે એ સૌન્દર્ય પામી ન શકીએ તો કાંઈ નહી, એની ઝાંખી અમારા મનમાં હંમેશાં જીવંત રાખજે, અને એનાથી જ ધન્યતા અનુભવતા અમે કોઈ વાર તારા માર્ગે પ્રસ્થાન કરીએ અથવા તો એવું કરવાની તમન્ના કરતા રહીએ એવું તો જરૂર કરજે. તું તો દરેક ક્ષણે અમને સ્પર્શે છે, અમને તારા હોવાની પ્રતીતિ કરાવે છે, પણ તારા એ સ્પર્શને અમે સમજી શકીએ એટલી શક્તિ અમને જરૂર આપજે. તો જ અમને એવું લાગશે કે તારી આપેલી પંચેન્દ્રિય કામ લાગી અને એ પાછળનો તારો આશય અમે પાર પાડી શક્યા.

ડૉ. આઈ.કે.વીજળીવાળા

ભાવનગર

૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૬.

આદરણીય ડૉ. નલિનભાઈ પંડિત સાહેબ

તેમજ

આદરણીય દેવયાનીબહેનને ...

શ્રી પ્રવીણભાઈના ગયા પછી આપ બંને અમારા માટે હૂંફનું સ્થાનક છો,

છત્રછાયા છો.



Contents

1. ભીનું પેન્ટ

પરદેશની આ વાત છે.

એક નિશાળમાં ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ ભણી રહ્યાં હતાં. એ વખતે આલ્બર્ટ નામનાં એક બાળકને જોરથી પેશાબ લાગી. એણે ટોઇલેટ જવા માટે ટચલી આંગળી ઊંચી કરી. પણ શિક્ષિકાબેને એ જોવા છતાં કોઈ જ પ્રતિભાવ ન આપ્યો. છોકરાએ એ પછી પણ બે થી ત્રણ વખત આંગળી ઊંચી કરીને બહેનનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરી જોયો. પરંતુ એમણે તો એવું જ જડસુ વલણ અપનાવીને એ છોકરાની અવગણના કરવાનું ચાલું રાખ્યું. એને ટોઇલેટ ન જવા દીધો.

બિચારો આઠેક વરસનો બાળક કુદરતના જોર સામે કેટલો સમય ઝીક ઝીલી શકે? અંતે જે થવાનું હતું એ થઇ જ ગયું! એનાથી પેન્ટમાં પેશાબ થઇ ગયો. એના બંને પગ વચ્ચે પેશાબનું પાટોડું ભરાઈ ગયું. બીજા કોઈને તો એ અકસ્માતની ખબર ન પડી પરંતુ એની આગળની બેંચ પર બેઠેલી સુઝી નામની છોકરી એ જોઈ ગઈ.

આલ્બર્ટ માથે તો જાણે આભ તૂટી પડ્યું હતું. એને ખાતરી હતી કે જેવા ટીચર(શિક્ષિકાબેન) નજીક આવશે અને પોતાનું ભીનું પેન્ટ અને લાદી પર પડેલો પેશાબ જોશે એટલે એમનો પિત્તો જશે અને પછી પોતાનું આવી જ બનશે. એ તો ઠીક પરંતુ પછી બધા છોકરા-છોકરીઓ પોતાની ઠેકડી ઉડાડશે એ પણ નક્કી હતું. એના મનમાં એક ધાસ્તી પેસી ગઈ કે આ બનાવ અંગે ખબર પડશે એ પછી બધા એને કાયમ માટે ચીડાવ્યા કરશે. એનાં હૃદયના ધબકારા વધી ગયા.

અચાનક એનું ધ્યાન ટીચર ઉપર પડ્યું. બધાની નોટ તપાસતા તપાસતા એ એની તરફ જ આવતા હતા. આલ્બર્ટે બંને હાથમાં પોતાનું માથું પકડી લીધું. એને થયું કે બસ, હવે પાંચ જ મિનિટ, પછી જે ફજેતી થશે એ કદાચ કાયમ પોતાને હેરાન કરશે.

ટીચર એકાદ બેંચ દૂર હતા એ જ વખતે આગળની બેંચ પરથી સુઝી, જે આ જોઈ ગઈ હતી, એ ઊભી થઇ. એના હાથમાં એ દિવસે એ પોતાના ઘરેથી લાવી હતી એ ગોલ્ડ-ફિશનું વાસણ હતું. એ વાસણ (પોટ) લગભગ કાંઠા સુધી પાણીથી ભરેલું હતું. એમાં એક મોટી ગોલ્ડ-ફિશ તરી રહી હતી. માછલી અંગે ભણવા માટે એ દિવસે એ

ખાસ પોતાની ખૂબ વહાલી ગોલ્ડ-ફિશને જોડે લાવી હતી. ટીચર હજુ કાંઈ જુએ કે કહે એ પહેલા તો સુઝી આલ્બર્ટ પર પડી. એના હાથમાં રહેલ ફિશ-પોટ આલ્બર્ટના ખોળામાં ઢોળાઈ ગયું. એનું પેન્ટ સાવ ભીનું થઇ ગયું. ગોલ્ડ-ફિશ ફર્શ પર પડીને તરફડવા લાગી.

ટીચરે એ છોકરી સુઝીને ધમકાવી નાખી. પછી આલ્બર્ટને સ્પોર્ટ્સ રૂમમાં લઇ જઈને એક ડ્રેસ પહેરવા માટે કાઢી આપ્યો જેથી એના ભીના પેન્ટ-શર્ટ સૂકવવા માટે નાખી શકાય.

સાંજ પડી. નિશાળ છૂટી. બધા સ્કુલબસની રાહ જોઇને બેઠાં હતાં. સુઝી બધાથી દૂર બેઠી હતી. આલ્બર્ટ એની પાસે જઈને બેઠો. સુઝી એની સામે હસી. એ પણ હસ્યો. પછી કહ્યું, 'સુઝી! થેંક્યું વેરી મચ. તારો ખૂબ આભાર. મને ખબર છે કે મને બચાવી લેવા માટે જ તેં આ બધું જાણીજોઈને કર્યું હતું ખરું ને? હું તો હજુ આ મહિને જ તારા ક્લાસમાં દાખલ થયો છું. તો પણ તેં મારા માટે તારી વહાલી ગોલ્ડ-ફિશને મરવા દીધી? શું હું જાણી શકું કે તે આવું શું કામ કર્યું?'

સુઝી થોડી વાર એની સામે જોઈ રહી. પછી ચહેરા પર એક મોટું સ્મિત લાવીને બોલી, 'ગયા વરસે મારાથી પણ આવું થઇ ગયું હતું! અને પછી શું થાય છે અને શું વીતે છે એની મને ખબર હતી, એટલે!'

***

2. પ્રાર્થનાની તાકાત

ડાયેના નામની યુવતી કોલેજની રજાઓમાં વેકેશન ગાળવા પોતાના ઘરે આવી હતી. હોસ્ટેલમાંથી ઘરે આવ્યા પછી બાળપણની સખીઓને મળવાની અને એમની સાથે વાતો કરવાની એને ખૂબ મજા આવતી. બધી બહેનપણીઓ લાંબો સમય ભેગી થઈને ગપ્પા મારતી. એક સાંજે આવી જ રીતે ગપ્પા મારવામાં ઘરે પાછા ફરતા એને ઘણું મોડું થઇ ગયું.

ઘરે પાછા ફરતી વખતે જલદી પહોંચી શકાય એ માટે એણે એક ટૂંકો રસ્તો લીધો. એ રસ્તા પર એ થોડીક જ આગળ ગઈ હશે ત્યાં જ એને થયું કે એ રસ્તો લઈને એણે ખોટું કર્યું હતું. એ રસ્તો સાવ જ નિર્જન હતો. અડધા કિલોમીટરના એ રસ્તા પર એક પણ ઘર નહોતું. ઉપરાંત રસ્તાની બંને તરફ ઊંચા ઊંચા વૃક્ષો હતા. હવે અર્ધે રસ્તે આવી ગયા પછી પાછા ફરવાનો પણ કોઈ અર્થ નહોતો. હિંમત રાખી, ભગવાનને યાદ કરતી એ ચાલતી રહી. બરાબર પોણે રસ્તે એ પહોંચી ત્યારે એનું ધ્યાન રસ્તાના છેડા પાસે ઊભેલા એક માણસ પર પડ્યું. દેખાવમાં જ એ માણસ ખૂંખાર અને ગુંડા જેવો લાગતો હતો. એના પર ધ્યાન પડતા જ ડાયેનાના ધબકારા વધી ગયા. એ માણસનું ધ્યાન પણ ડાયેના તરફ જ હતું. ડાયેનાને ખુબજ બીક લાગવા માંડી. એણે મનોમન ભગવાનને પ્રાર્થના કરવાનું શરુ કરી દીધું. એ મનમાં જ કહેવા લાગી કે, 'હે ભગવાન! મારી રક્ષા કરજો!'

મનમાં વારંવાર આ જ રટણ કરતી એ રસ્તાના છેક છેડે પહોંચી. પેલો મવાલી જેવો લાગતો માણસ હજુ એના તરફ જ જોઈ રહ્યો હતો. ડાયેના બસ, એમજ પાર્થના કરતા કરતા એની બાજુમાંથી પસાર થઈ ગઈ. પેલો માણસ ત્યાં જ ઊભો રહી ગયો. ડાયેના હેમખેમ પોતાના ઘરે આવી ગઈ. ઘરે પહોંચતા જ એણે સૌથી પહેલા ભગવાનનો આભાર માન્યો.

બીજા દિવસે સવારે ડાયેનાએ છાપામાં સમાચાર વાંચ્યા કે અન્ય એક યુવતી પર એ જ નિર્જન રસ્તા પર બળાત્કાર થયો હતો. અને એ પણ ડાયેના પસાર થઈ એની વીસ જ મિનિટ પછી! પોલીસ ગુનેગારને પકડી શકી નહોતી કારણકે આઘાતમાં સરી પડેલી એ પીડિત યુવતી બળાત્કારીનું વર્ણન કરવાની સ્થિતિમાં નહોતી. થોડાક શકમંદો પકડાયા હતા, પણ મૂળ ગુનેગાર તો જ ઝડપાય જો પેલી યુવતી એનું બયાન આપે,

આ વાંચતા જ ડાયેનાને પેલો માણસ યાદ આવી ગયો. એને મનમાં થયું કે પોતે એ ગુનેગારને ઓળખવામાં પોલીસને મદદરૂપ થઇ શકશે. એ પોલીસ સ્ટેશન પહોંચી. પોતાના અનુભવની પોલીસને વાત કરી. પોલીસ એને શકમંદો પાસે લઇ ગઈ.

લાઈનમાં ઊભેલા માણસોમાંથી ડાયેનાએ તરત જ એણે નિર્જન રસ્તા પર જોયેલા પેલા માણસને ઓળખી બતાવ્યો. પોલીસે પેલાને જણાવ્યું કે હવે તારા માટે કોઈ છટકબારી રહેતી નથી, ત્યારે એણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો.

પોલીસે ડાયેનાનો આભાર માન્યો. પછી પોતે ડાયેનાને કઈ રીતે મદદરૂપ થઈ શકે એવું પૂછ્યું ત્યારે ડાયેનાએ કહ્યું કે પોતે પેલા બળાત્કારીને એક સવાલ પૂછવા માંગે છે વીસ મિનિટ પહેલા એ ત્યાંથી જ સાવ એકલી પસાર થયેલી ત્યારે એણે એના પર શા માટે એટેક નહોતો કર્યો?

પોલીસને નવાઈ લાગી. છતાં એણે પેલા ગુંડાને પાછો બોલાવીને આ સવાલ કર્યો.

પેલો બોલ્યો, ‘ એ યુવતી ખોટું બોલે છે સાહેબ! એ એકલી નહોતી. એની પાછળ બંને તરફ બે કદાવર માણસો ચાલી રહ્યા હતા. અને ભલા! બોડીગાર્ડ સાથે નીકળેલી એ યુવતી પર હુમલો કરવાનું કોઈ વિચારે પણ ખરું?’

ડાયેના સ્તબ્ધ થઈ ગઈ. એ જાણતી હતી કે આગલી સાંજે એ સાવ એકલી જ હતી. એની સાથે કોઈ જ નહોતું. પણ હા! એને યાદ આવ્યું કે પોતાની રક્ષા કરવા માટે એણે ભગવાનને પ્રાર્થના જરૂર કરેલી. એ ઘરે પહોંચી ત્યાં સુધી એના મનમાં આ વાત જ ઘૂંટાતી રહી. એને માન્યામાં જ નહોતું આવતું કે પ્રાર્થનામાં આટલી બધી તાકાત હોય ખરી?

***

3. એક આંખવાળી મા !

એક છોકરાની માતાને એક જ આંખ હતી. બીજી આંખની જગ્યાએ ફક્ત એક ખાડો હતો. એ છોકરાને એનાથી ખૂબ જ શરમ આવતી. એ અને એની મા એમ બે જ જણ ઘરમાં રહેતા હતા. એ લોકોની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. એની મા પારકા ઘરનાં કામ કરીને એ બંનેનું પૂરું કરતી હતી. મા રોટલો રળવામાં રાત દિવસ એક કરીને મજૂરી કરી રહી છે એ પેલા છોકરાના ધ્યાનમાં ક્યારેય આવતું નહીં. એને તો બસ, પોતાની કાણી માનો દેખાવ જ મનમાં ખટક્યા કરતો.

એક દિવસ કોઈક જરૂરી કામથી એની મા એની નિશાળે આવી હતી. પોતાની કાણી મા આવી એ પેલા છોકરાને જરા પણ ન ગમ્યું. પોતાની મા સાથે વાત કરવાને બદલે એ દોડતો ત્યાંથી ભાગી ગયો. એ દિવસે ઘરે પહોંચીને એ પોતાની મા સાથે બરાબરનો ઝઘડ્યો. બરાડા પાડીને એણે કહ્યું, ‘તું મારી નિશાળે શું કામ આવી? બધા મારી મશ્કરી કરે એ તને ગમતું લાગે છે કાં? “તારી મા તો એક આંખે કાણી છે” એવું કહીને બધા મને ચીડવે છે. આના કરતાં તો હું ક્યાંક ભાગી જાઉં અથવા તું જતી રહે, અથવા તું મરી જા!’

આવેશમાં ને આવેશમાં એ આવું કેટલું અને કેવું બોલી ગયો એનો એને ખયાલ જ નહોતો રહ્યો. પણ એની માતા કાંઈ જ ન બોલી. ચૂપચાપ ઊભાં ઊભાં એ આંસુ સારતી રહી.

પછી તો દિવસો એમ જ પસાર થતા ગયા. પેલો છોકરો મોટો થયો. કોલેજ પૂરી કરી એ પરદેશ જતો રહ્યો. ત્યાંની જ એક છોકરી સાથે એણે લગ્ન કરી લીધા. એ વખતે માતાને જાણ કરવા માટે પોતાના સરનામાંવાળો કાગળ એને લખેલો. બસ, એ પછી કોઈ જ જાતનો પત્રવ્યવહાર એણે ક્યારેય કરેલો જ નહી. વરસો વીતતાં ગયાં. એને ત્યાં પણ બાળકો થયાં.

એક દિવસ એની મા અચાનક એના લગ્ન વખતે લખેલ પત્રમાં રહેલાં સરનામાને આધારે શોધતી શોધતી એના ઘરે પરદેશ પહોંચી ગઈ. દીકરાને જોયાને એક દાયકાથી પણ વધારે સમય પસાર થઈ ગયો હતો એટલે એનાથી રહેવાયું નહી. એણે પોતાના એક દાયકાની કમાણીમાંથી પાઈ પાઈ બચાવીને ટિકિટ ખરીદી હતી અને માંડ પરદેશ પહોંચી હતી. દીકરાને ત્યાં પણ હવે દીકરા-દીકરી આવી ગયાં હશે એ વિચારથી જ એને આનંદ થતો હતો. પૌત્ર-પૌત્રીને જોવાની એક છૂપી તાલાવેલી પણ એના મનમાં સ્થાન લઈ ચૂકી હતી.

ઘણી મહેનત પછી એને દીકરાનું ઘર મળ્યું. ઘરનાં બારણાં પર દીકરાના નામની તકતી વાંચીને જ એની આંખમાં આંસુ આવી ગયાં. એણે વહાલથી એ તકતી

ઉપર બે વાર હાથ ફેરવી લીધો. પછી દરુજતા હાથે ડોરબેલ વગાડી. દીકરાના મોટા દીકરાએ બારણું ખોલ્યું. એની જોડે એનાથી નાની બહેન હતી. બંને છોકરાં વિચિત્ર પોશાક પહેરેલી એક આંખવાળી વૃદ્ધ સ્ત્રીને જોઈને જોરજોરથી હસવા લાગ્યા. પણ સૌથી નાનો દીકરો એને જોઈને રડવા લાગ્યો. એના રડવાનો અવાજ સાંભળીને અંદરથી એનો દીકરો દોડતો બહાર આવ્યો. પોતાની કાણી માને જોઈને એક ક્ષણમાં જ એ પરિસ્થિતિ પામી ગયો અને એક વખત નિશાળમાં મા આવી ગઈ હતી અને એ જેવી રીતે ગુસ્સે થયો હતો એવી જ રીતે ગુસ્સે થઈને બરાડ્યો, 'અરે! મારી અભાગણી મા! તું અહીંયા પણ મારાં બાળકોને ડરાવવા આવી પહોંચી? પણ કાન ખોલીને સાંભળી લે, તારા માટે આ ઘરમાં કોઈ જ જગ્યા નથી. સારું તો એ જ રહેશે કે તું અહીંયાથી ચાલી જા.'

એ જ વખતે એની પત્ની અંદરથી બહાર આવી. એક આંખવાળા માજીને રડતાં જોઈને એણે પોતાના પતિને પૂછ્યું, 'કોણ છે આ માજી? એમને શું જોઈએ છે?'

દીકરો કાંઈ બોલ્યો નહી. એણે કરડી નજરે એની મા સામે જોયા કર્યું.

માને થયું કે હવે દીકરાને વધારે ક્ષોભમાં નથી મૂકવો. એણે મન વાળ્યું કે પુત્રવધૂ અને દીકરાના સંતાનોને જોવાની ઈચ્છા તો પૂરી થઈ જ ગઈ હતી. આંખો લૂંછીને એ બોલી, 'માફ કરજો ભાઈ! મેં તમને સૌને ખોટા હેરાન કર્યા. મને કદાચ ખોટું સરનામું મળ્યું લાગે છે!' એટલું કહીને એ ત્યાંથી નીકળી ગઈ.

એ પછી એકાદ વરસે એનો દીકરો જ્યાં ભણ્યો હતો એ નિશાળમાં એક સ્નેહમિલન સમારંભ રાખવામાં આવ્યો હતો. એમાં જે તે વરસમાં ભણતા બધા વિદ્યાર્થીઓને હાજર રહેવાનું શાળા તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. એ છોકરાની શાળામાં ભણી ચૂકેલા એના બધા મિત્રોએ એને હાજર રહેવા માટે ખૂબ ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. બધાના આગ્રહને કારણે એ પોતાની પત્ની અને બાળકોની રજા લઈને પોતાના ગામ આવ્યો.

ગામમાં આવ્યા પછી પ્રથમ વખત એને પોતાના ઘરે જવાની ઈચ્છા થઈ. એ ઘરે, જ્યાં પોતે પોતાનું બાળપણ પસાર કર્યું હતું. ઘડીક એણે મનને મારીને રાખ્યું. સ્નેહમિલન સમારંભ શરૂ થવામાં હજુ ઘણી વાર હતી. એનાથી રહેવાયું નહી. પોતાના મિત્રને કહીને એ ત્યાંથી નીકળ્યો અને પોતાના બાળપણનાં ઘરે પહોંચ્યો. જઈને જોયું તો ખંડેર બની ગયેલું એ ઘર બંધ હાલતમાં હતું. એણે પાડોશીને પૂછ્યું તો એમણે જણાવ્યું કે છ મહિના પહેલા એની મા મૃત્યુ પામી હતી અને મરતાં પહેલાં એક પત્ર આપતી ગઈ હતી અને કહેતી ગઈ હતી કે કોઈ દિવસ એનો દીકરો આવે તો એને એ પત્ર આપવો.

દીકરો એટલો નીભર હતો કે માના મોતની વાતથી પણ એને કોઈ દુ:ખ ન થયું. પરંતુ કાણી માએ પત્રમાં શું લખ્યું હશે એ જાણવાની એને ઈચ્છા જરૂર થઈ હતી. એણે પત્ર ખોલ્યો. પત્રમાં એની માએ લખ્યું હતું, ‘મારા વ્હાલા દીકરા! દરેક ક્ષણે અને દરેક શ્વાસે હું તને જ યાદ કરું છું અને મરતાં સુધી યાદ કરતી રહીશ. એ દિવસે તારાં બાળકો ડરી ગયાં હતાં એના માટે હું તારી માફી માંગું છું.

આ સાથે જ બીજી એક વાતની પણ હું માફી લઉં છું. મારા એક આંખવાળા ચહેરાને કારણે તારે જે નાનમ અનુભવવી પડી એના માટે હું શરમિંદા છું. પણ શું કરું દીકરા? તું નાનો હતો ત્યારે તને એક અકસ્માત નડેલો. એમાં તારી એક આંખમાં ખૂબ નુકસાન થયેલું. તારી આંખના આગળના કાળા ભાગમાં સફેદ ફૂલું થઈ ગયેલું. તું આખી જિંદગી એક આંખ સાથે જીવે એ મને જરાય પસંદ નહોતું. એના માટે મેં મારી એક આંખનો એ ભાગ કઢાવીને તારી આંખમાં બેસાડાવ્યો હતો. એના લીધે મારી આંખ કાયમ માટે નકામી થઈ ગઈ, પણ તું બંને આંખે દેખતો થઈ ગયો એ મારા માટે સૌથી મોટી વાત હતી. હું ભલે આખી જિંદગી કાણી રહી, પણ તને કોઈ કાણિયો નહી કહે એનો આનંદ મને હંમેશાં રહ્યો છે અને રહેશે બેટા!

બસ! મારી આંખેથી પણ તું દુનિયા જોતો રહીશ એનાથી મને હંમેશાં સુખ મળતું રહેશે, મારા મર્યા પછી પણ. તું અને તારું કુટુંબ કાયમ સુખી અને ખુશ રહો એવા મારા અંતરના આશીર્વાદ,

એ જ. લિ. તારી કાણી માના આશીર્વાદ.’

પત્ર પૂરો થયો. એ નીભર માણસની આંખમાંથી ગંગાજમના વહેવા લાગ્યાં. પત્રને છાતીએ લગાવીને ધ્રુસકે ધ્રુસકે રડતો એ જમીન પર બેસી ગયો. જિંદગીમાં પહેલી વાર એને પોતાની ભૂલ સમજાઈ. જીવતી માને હંમેશાં એણે નફરત જ કરી હતી, પરંતુ આજે એને પોતાની મરેલી મા ખૂબ જ વહાલી લાગવા માંડી હતી. એને પારાવાર પસ્તાવો થવા લાગ્યો. પણ જેણે નફરતનાં વૃક્ષો જ વાવ્યાં હોય એના નસીબમાં પસ્તાવાની છાંયડી ક્યારેય નથી હોતી. એને પણ એવું જ લાગતું હતું. એની સાથે પણ એમ જ બન્યું હતું.

***

4. ભગવાનનો પત્ર!

પરદેશના એક કુટુંબમાં ૧૪ વરસના એબી નામના એક કૂતરાનું મૃત્યુ થઇ ગયું. ઘરના એક સભ્ય બની ગયેલા એબીના જવાથી કુટુંબના બધાને ખૂબ જ આઘાત લાગ્યો. તેમ છતાં મોટાં તો બધાં થોડા દિવસમાં સ્વસ્થ થઇ ગયા, પરંતુ ચાર વરસની નાની દીકરી મેરેડીથ કોઈ વાતે સ્વસ્થ નહોતી થતી. ઘણા દિવસો વીતવા છતાં રોજ એ એબીને યાદ કરીને રડ્યા કરતી અને આખો દિવસ એની જ વાતો કર્યા કરતી. એની માતા એને વારંવાર સમજાવતી કે એબી હવે ભગવાનને ત્યાં પહોંચી ગયો હશે અને ત્યાં એકદમ સારો અને મજામાં હશે. પરંતુ તેમ છતાં મેરેડીથ છાની નહોતી રહેતી અને રોજ કલાકો સુધી પોતાના વ્હાલા કૂતરા એબીને યાદ કરીને રડ્યા કરતી.

એક દિવસ એની મમ્મી ફરીથી એને એબી ભગવાનને ઘરે ગયો છે એવું સમજાવતી હતી ત્યારે રડતાં રડતાં મેરેડીથ બોલી કે, 'મમ્મી! આપણે ભગવાનને પત્ર લખીએ તો? એ પત્રમાં એબીનો ફોટો પણ મૂકીશું જેથી ભગવાન એને ઓળખી શકે!'

એની માતાને આ વિચાર સારો લાગ્યો. એને થયું કે એ બહાને તો એ બહાને, મેરેડીથ રડતી તો બંધ થશે! એણે કાગળ પેન તૈયાર કરીને લખવા બેસતી વખતે મેરેડીથને પૂછ્યું કે પત્રમાં શું લખવું છે? અને એની નવાઈ વચ્ચે મેરેડીથે ભગવાન પર કાગળ લખાવ્યો કે,

'વ્હાલા ભગવાન!

તમે મારા કૂતરા એબીની કાળજી લેશો ખરા? એનું હજુ થોડા દિવસ પહેલા જ મૃત્યુ થયું છે અને બધાના કેવા પ્રમાણે હવે એ તમારી પાસે સ્વર્ગમાં આવ્યો છે. મને એની ખૂબ યાદ આવે છે. તમે મને આટલો સારો કૂતરો આપેલો એના માટે તમારો આભાર!

હું તમને એક વિનંતી કરી શકું? તમે એની સાથે રોજ રમશો ખરા? એને દડા સાથે રમવું ખૂબ ગમે છે. એટલે તમે એની સાથે દડા વડે ખાસ રમજો. એને સ્વિમિંગ પૂલમાં તરવું પણ ખૂબ ગમે છે, ત્યાં જો સ્વિમિંગપૂલ હોય તો એને તરવા દેજો. આ સાથે હું એનો ફોટો મોકલું છું, જેથી તમે એને ઓળખી શકો. હા, એને રોજ સાંજે તમારા બગીચામાં એક આંટો જરૂર મરાવજો.

એને કહેજો કે હું એને ખૂબ મિસ કરું છું. એ માંદો પણ છે, એટલે એનું ધ્યાન રાખજો.

એજ લિ. મેરેડીથના પ્રેમભર્યા નમસ્કાર.'

કાગળ પૂરો થયો. પછી મા-દીકરીએ એબીનો એક સરસ ફોટો એની સાથે જોડ્યો. કવર બંધ કરીને એના પર ''પ્રતિ, શ્રી ભગવાન! સ્વર્ગમાં..!'' એવું સરનામું લખ્યું. નીચે મેરેડીથના નામથી પોતાના ઘરનું સરનામું લખ્યું. કાગળ પર મેરેડીથે ઘણી બધી ટિકિટ લગાડી કારણકે સ્વર્ગ ખૂબ દૂર હોય છે એની એને ખબર હતી. એ પછી માં-દીકરી નજીકના પોસ્ટના ડબલામાં એ કાગળ પોસ્ટ કરી આવ્યા.

કાગળ લખ્યા પછી મેરેડીથ થોડી મૂડમાં રહેવા માંડી. એકાદ અઠવાડિયા પછી એણે એની માને પૂછી લીધું કે ભગવાનને એમનો પત્ર મળી તો ગયો હશે ને? જવાબમાં એની માએ હા પાડેલી!

આ વાતને હજુ તો એકાદ અઠવાડિયું જ માંડ વીત્યું હશે. ને મા-દીકરી બંનેના આશ્ચર્ય વચ્ચે પોસ્ટમાં એક સોનેરી રંગનું પેકેટ આવ્યું! એના પર મોટા અક્ષરે '''ટુ મેરેડીથ'' એમ લખેલું હતું. એ અક્ષર પણ સાવ અજાણ્યા હતા.

એમણે પેકેટ ખોલ્યું. અંદર એક ચોપડી અને એક કવર હતા. ચોપડીનું શીર્ષક હતું ' જયારે પાળેલું પ્રાણી મૃત્યુ પામે ત્યારે...'.

સાથેનું કવર ખોલતાં અંદરથી એક સોનેરી કાગળ અને એબીનો ફોટો નીકળ્યા. સોનેરી કાગળ પર સરસ મરોડદાર અક્ષરમાં લખેલો એક પત્ર હતો. એ પત્રમાં લખ્યું હતું:

' વહાલી મેરેડીથ,

એબી અહી સ્વર્ગમાં સુખરૂપ પહોંચી ગયો છે. તેં એનો ફોટો મને મોકલ્યો એ ખૂબ સારું થયું. એનાથી હું એને તરત ઓળખી શકયો.

બીજું, અહી સ્વર્ગમાં બીમારી હોતી નથી. એટલે એબીને હવે કોઈ બીમારી નથી. એ હવે બિલકુલ સાજો છે. તું એની ચિંતા કરીશ નહી.

એબી લખાવે છે કે તારા કૂતરા તરીકે રહેવાની એને ખૂબ મજા પડી હતી. એ પણ તને યાદ કરે છે. અને ખૂબ ખુશ છે. એણે તને પણ ખૂશ રહેવાનું કહ્યું છે.

અને હા મેરેડીથ! સ્વર્ગમાં પોશાકમાં ખિસ્સા હોતા નથી. એટલે તારો મોકલેલ ફોટો કયાં રાખવો એ અમારા માટે પ્રશ્ન છે, એટલે એ તને પાછો મોકલું છું. એક ચોપડી પણ આ સાથે મોકલું છું. તું તારી મા પાસે એ સાંભળજે એટલે એબીની યાદ તને દુ:ખી નહીં કરે.

મને કાગળ લખવા બદલ આભાર! ખાસ તો આવો સરસ કાગળ લખી દેવા બદલ તારી માતાનો આભાર માનજે. આવી સારી મા બહુ ઓછાને મળતી હોય છે. મેં

ખાસ તારા માટે જ આવી સરસ મા મોકલી છે. હું તમને બધાને આશીર્વાદ આપું છું. અને યાદ રાખજો કે જ્યાં પ્રેમ હોય છે ત્યાં હું હંમેશા હાજર જ હોઉં છું.

લિ. ભગવાન.'

માતાના મોઢેથી કાગળનું લખાણ સાંભળીને મેરેડીથ નાચવા માંડી. એબી હવે માંદો નથી અને આનંદમાં છે એ વાતથી એ પોતે પણ આનંદમાં આવી ગઈ.

એની માતા પણ બે કારણથી ખુશ થઇ ગઈ હતી. એક તો મેરેડીથ પાછી આનંદમાં આવી ગઈ એટલે અને બીજું પોસ્ટખાતાની કોઈ અજાણી વ્યક્તિનું આ અદભુત કામ જોઇને. જેને પોતે ક્યારેય મળ્યા ન હોય એવા માણસોની ખુશી માટે આટલું બધું કરી છૂટતાં એ અજાણ્યા ફરિશ્તાને એ આંસુભરી આંખે મનોમન વંદન કરતી રહી.

*

ક્યારેક કોઈની ખુશીનું કારણ બનીએ. ભલે થોડુક ઘસાવું પડે, પણ એમાં અફસોસ તો ક્યારેય નહીં થાય એની સો ટકા ખાતરી!

***

5. ભગવાન પર ભરોસો

એક પર્વતારોહક હતો. એના મનમાં એકોન્કાગુઆ પર્વતને સર કરવાની એક ધૂન ચડી ગઈ હતી. એશિયાની બહાર એ સૌથી ઊંચી પર્વતમાળા છે. એનું ૨૩૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું શિખર સર કરવાની એને રીતસરની તાલાવેલી લાગી હતી.

વરસોની મહેનત પછી પૂરા સજ્જ થઈને એક દિવસ એણે એકલાએ જ અકોન્કાગુઆની ચડાઈ શરુ કરી. થોડા દિવસમાં જ એ ટોચની નજીક પહોંચી ગયો. છેલ્લા દિવસે જયારે એ શિખરની નજીક પહોંચ્યો ત્યારે સાંજ પડવા આવી હતી. પર્વતારોહણના અમુક નિયમો મુજબ એણે સાંજે કેમ્પ લગાવવાને બદલે ચડવાનું શરુ જ રાખ્યું.

એ ખાસ્સી ઊંચાઈ પર આવી ગયો હતો. શિખર એનાથી લગભગ સોએક મીટર જ દૂર હશે ત્યાં જ એકદમ અંધારું થઇ ગયું. એ રાતે ચંદ્ર નહોતો નીકળ્યો અને તારા પણ વાદળોમાં ઢંકાયેલા હતા. અચાનક બરફ વરસવાનું શરુ થઇ ગયું. પવનની ગતિ પણ ઘણી વધી ગઈ. પોતાનો હાથ પણ ન દેખાય એવું ઘોર અંધારું થઇ ગયું હતું. એનું હૃદય એને કેમ્પ લગાવીને આરામ કરવાનું કહી રહ્યું હતું. પણ એકોન્કાગુઆનું શિખર સૌથી ઝડપે સર કરવાનો ખિતાબ એને પોતાની નજર સામે જ દેખાતો હતો. એણે બાકીની બધી બાબતોને નજરઅંદાજ કરીને ચડવાનું શરુ જ રાખ્યું.

આવા વખતે પછી જે બને એ જ બન્યું. થાકેલું શરીર, વિષમ વાતાવરણ, ઝીરો વિઝીબીલીટી એ બધું ભેગું થઇ ગયું. એક કરાડ પરથી એનો પગ લપસ્યો. હાથ છૂટી ગયા અને પથ્થરની જેમ એ નીચે પડવા માંડ્યો. એને થયું કે એના સો વરસ પૂરા થઇ ગયા. પણ અચાનક એને કમરથી બે ભાગમાં એને વહેંચી દે તેવો ઝાટકો વાગ્યો. એ પડતા અટકી ગયો. એને યાદ આવી ગયું કે એની કમર પર બાંધેલા બચાવ માટેના દોરડાના સહારે એ લટકી રહ્યો હતો. એણે ચારે તરફ ફાંફાં મારી જોયા. પણ ઘોર અંધકારમાં ન તો એને કાંઈ નજરે પડ્યું કે ન તો એના હાથમાં કાંઈ આવ્યું.

નિસહાય એમ જ લટકતાં એને જિંદગીના સારા-ખરાબ અનુભવો યાદ આવવા માંડ્યા. ઘરનાં સભ્યો અને મિત્રો યાદ આવી ગયા અને છેલ્લે ભગવાન યાદ આવ્યા. ડૂબતો માણસ તરણું ઝાલે, એમ એણે પણ ભગવાનને પ્રાર્થના કરવાનું વિચાર્યું. થોડોક વિચાર કરીને પછી જોરથી એણે બૂમ પાડી કે, 'હે ભગવાન! મને મદદ કરો!'

એના સુખદ આશ્ચર્ય વચ્ચે આકાશમાંથી એક ધીર-ગંભીર અવાજ આવ્યો, 'હું ભગવાન બોલું છું દીકરા! તારે કઈ રીતની મદદ જોઈએ છે?'

'મને બચાવી લો પ્રભુ!' એણે આશાભર્યા અવાજે કહ્યું.

'તને મારામાં પૂરો વિશ્વાસ છે કે હું તને બચાવી લઈશ ?' ફરી અવાજ આવ્યો.

'હા ભગવાન! મને ખાતરી છે કે તમે મને બચાવી લેશો!' પેલા માણસે કહ્યું.

'તો તારી કમર પર જે છરી બાંધેલી છે એનાથી તું જેના સહારે લટકી રહ્યો છે એ દોરડું કાપી નાખ!!'આકાશમાંથી અવાજ આવ્યો.

પેલો માણસ સ્તબ્ધ થઈ ગયો. એણે દોરડાને થોડું વધારે મજબૂતીથી પકડી લીધું અને એમ જ લટકવાનું ચાલુ રાખ્યું. એણે પોતાની નોંધપોથીમાં ગડબડીયા અક્ષરે આ નોંધ કરી લીધી. અંધારામાં નહોતું દેખાતું તો પણ એણે લટકતાં લટકતાં આશરે જ આ નોંધ કરી અને અદ્રશ્ય અવાજની વાત કેવી ફાલતુ છે એ પણ લખ્યું. ચારે તરફ પહેલા હતી એવી જ બિહામણી શાંતિ ફરી એકવાર ફેલાઈ ગઈ. બરફનો વરસાદ થોડો વધુ તેજ થઈ ગયો. પવનના સૂસવાટા ભયાનક રાત્રીને વધારે ભયાનક બનાવી રહ્યા હતા.

સવારે બચાવ ટૂકડીએ જોયું તો એ માણસ દોરડાને બરાબર વળગીને લટકતી હાલતમાં જ થીજી ગયો હતો અને મૃત્યુ પામ્યો હતો. અને એ પણ જમીનથી માત્ર બે ફૂટની જ ઊંચાઈ પર!

*

ભગવાનની અદભુત યોજનાને અપનાવી લેવાને બદલે આપણે ફાલતું આશાઓના તાંતણે લટકાઈ રહેવાનું કેમ પસંદ કરતા હઈશું? પછી અચાનક જ ખ્યાલ આવે કે, 'ઓહ! થોડોક વધારે વિશ્વાસ રાખ્યો હોત તો....'

***

6. કોન્ટેક્ટ લેન્સ !

બ્રેંડા નામની એક યુવતી પોતાના ગ્રુપ સાથે રોક-ક્લાઇમ્બિન્ગ (એક પ્રકારનું પર્વતારોહણ) માટે ગઈ હતી. જોકે આ પ્રકારનાં સાહસથી એને કાયમ બીક જ લાગતી હતી, છતાં મિત્રોના અતિ આગ્રહથી એ બધા સાથે આ સાહસમાં જોડાવા તૈયાર થઈ હતી. છતાં એના મનમાં ઊંડે ઊંડે એક ફફડાટ તો ચાલુ જ હતો. ગ્રેનાઈટના ઊભા પથ્થરો પર ચડવાનું આમ પણ જરાય સહેલું નહોતું. બ્રેંડાને પોતે ચડી શકશે કે કેમ એ અંગે પૂરેપૂરી શંકા હતી. બહારથી તો એ હિંમત બતાવી રહી હતી, પણ અંદરથી એ ખાસ્સી ડરેલી હતી. દોરડાઓના સહારે અને મિત્રોએ આપેલ હિંમતના ટેકાથી એ ધીમે-ધીમે ચડી રહી હતી.

ઉપર ચડતાં એ એક વિશ્રામ-સ્થાનથી થોડે દૂર હતી એ જ વખતે એક અકસ્માત થયો. એ છેલ્લું ચડાણ પૂરું કરે એ પહેલાં જ સલામતી માટે બાંધેલું દોરડું એના ચહેરા સાથે અથડાયું. એ સાથે જ બ્રેંડાની જમણી આંખમાંથી કોન્ટેક્ટ લેન્સ નીકળીને ક્યાંક ઊડી ગયો. એની ડાબી આંખ તો પહેલેથી જ નબળી હતી. જમણી આંખના સહારે જ બ્રેંડા એનું કામ ચલાવતી. અચાનક આજે કોન્ટેક્ટ લેન્સ નીકળી જવાથી એ આંખ પણ નકામાં જેવી જ બની ગઈ. એને આસપાસનું બધું ઝાંખું દેખાવા માંડ્યું. એને એક ઊંડો ધ્રાસકો પડી ગયો. નીચે સેંકડો ફૂટ ઊંડી ખીણ હતી, બરાબર દેખાતું નહોતું અને છેલ્લું ચડાણ તો હજુ બાકી હતું.

એણે સામેની પથ્થરની ધાર પર વારાફરતી બંને હાથ વડે ફંફોસીને લેન્સ શોધવાનો પ્રયત્ન કરી જોયો. ઘણાં ફાંફાં માર્યા, પણ સાવ વ્યર્થ! એને ઊડી ગયેલો લેન્સ ન મળ્યો. બ્રેંડા એ વખતે જે જગ્યાએ હતી ત્યાંથી સૌથી નજીકની માનવ વસાહત ઘણી દૂર હતી. એટલે કોઈ જઈને બીજો એવો જ લેન્સ લઈ આવે એ શક્યતા પણ નહોતી. એને થયું કે હવે તો પ્રાર્થના સિવાય અન્ય કોઈ સહારો જ નથી. છેવટે હારી-થાકીને એણે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. પ્રાર્થના કરતાં કરતાં એણે ચારે તરફ દૃષ્ટિ ફેંકી. થોડીવાર પહેલા જ્યાં પહાડોનો અદભુત નજારો દેખાતો હતો ત્યાં એને હવે બધું જ ધૂંધળું અને ધુમ્મસ જેવું ઝાંખું લાગતું હતું. બીકના કારણે એના ધબકારા વધી ગયા હતા.

હિંમત એકઠી કરીને એણે દોરડાઓના સહારે ધીમે-ધીમે ઉપર ચડવાનું શરુ કર્યું. જેમ તેમ કરીને એ વિશ્રામ સ્થાન સુધી પહોંચી. ઉપર પહોંચ્યા પછી એની એક મિત્રે એણે પહેરેલાં કપડાં પણ ધ્યાનથી જોઈ લીધા કે કદાચ લેન્સ ઊડીને કપડામાં ભરાઈ ગયો હોય કે એકાદ ખિસ્સામાં પડી ગયો હોય તો મળી આવે. પરંતુ એ પણ વ્યર્થ! એમાંય એમને નિરાશા જ સાંપડી. લેન્સ ન જ મળ્યો.

થાકીને બધા આરામ કરવા બેઠા. આમેય એમને ત્યાં થોડો સમય રાહ જોવાની હતી. જેથી પાછળથી આવી રહેલી ટુકડીઓ એમની સાથે થઈ જાય. એ સમય દરમિયાન બ્રેંડા સતત ઈશ્વરને યાદ કરી રહી હતી કે, 'હે ઈશ્વર! કાંઈક રસ્તો કાઢજે! કાંઈક મદદ કરજે!' ઝાંખી આંખે અને ફફડતા જીવે એ ચારે તરફ જોઈ રહી હતી. એને મનમાં થતું હતું કે આ પર્વતનાં ઢોળાવ પર રહેલા સેંકડો વૃક્ષો, અગણિત પથ્થરો અને નીચે હજારો ફૂટ ઊંડી ખીણ! કોને ખબર એ બધાની વચ્ચે કઈ જગ્યાએ એનો કોન્ટેક્ટ લેન્સ પડ્યો હશે? આવો વિચાર પણ એને હતોત્સાહ કરી નાખતો હતો.

એ જ વખતે એને બાઈબલનાં વાક્યો યાદ આવ્યાં કે 'ભગવાનની આંખો બધું જ જોતી હોય છે!' એ વાક્યો યાદ આવતાં જ બ્રેંડાનાં હૃદયમાં એક નવી જ આશાનો સંચાર થયો. એની હતાશા અચાનક જ જાણે ઓસરી ગઈ. પોતાની બંને આંખ બંધ કરી એણે બંને હાથ જોડીને પ્રાર્થના કરી કે, 'હે ભગવાન! તમારી આંખો તો બધું જ જોતી હોય છે. તમે તો આ પર્વતો અને ખીણનો એક એક ઇંચ જોઈ શકો છો. તમે એ પણ જાણતા જ હશો કે મારો કોન્ટેક્ટ લેન્સ ક્યાં પડ્યો છે! પ્લીઝ, ભગવાન, પ્લીઝ! મને એ શોધી આપોને!' એટલું બોલતા એની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં.

બરાબર એ જ વખતે બીજી ટુકડીના થોડાક સભ્યો ચડીને વિશ્રામ માટે ત્યાં આવી પહોંચ્યા. એમાંના એકે બૂમ પાડી કે, 'હે યુ ગાય્ઝ! એ મિત્રો! તમારામાંથી કોઈનો કોન્ટેક્ટ લેન્સ પડી ગયો છે?'

આ સાંભળીને બ્રેંડા સફાળી ઊભી થઈને બોલી ઊઠી, 'હા ડુડ! હા ભાઈ! મારો પડી ગયો છે. ઓહ! થેન્ક યૂ સો મચ! દોસ્ત, તારો ખૂબ ખૂબ આભાર!'

પેલાએ બ્રેંડાને લેન્સ આપ્યો. લેન્સને પોતાના પર્સમાં રહેલી કીટ વડે સાફ કરી બ્રેંડાએ ફરી પહેરી લીધો. પછી પેલાને પૂછ્યું, 'પણ દોસ્ત! તને આ લેન્સ મળ્યો કઈ રીતે?'

'તું નહી માને!', પેલાએ કહ્યું, 'હું અહીંથી થોડી નીચાઈ પર એક પથ્થરની ધાર પકડીને ચડી રહ્યો હતો. મારું માથું એ ધારની ખૂબ નજીક હતું. અચાનક મારી નજર એક વિચિત્ર દૃશ્ય પર પડી. મારી આંખની બરાબર સામે જ એક કીડી આ લેન્સ લઈને ચાલી રહી હતી. જો એણે આ લેન્સ ઉપાડ્યો ન હોત તો મને એ દેખાત જ નહી. પરંતુ એ હલતો હતો એટલે જ મારી નજરે ચડી ગયો. મને હજુ પણ એ વાતની જ નવાઈ લાગે છે કે આટલો મોટો લેન્સ એ કીડીએ ઉપાડ્યો કઈ રીતે હશે?'

બ્રેંડા કાંઈ ન બોલી. એની આંખમાં આંસુ આવી ગયાં. એને ખબર પડી ગઈ હતી કે નાનકડી કીડીએ આવડા મોટા કોન્ટેક્ટ લેન્સનો ભાર કઈ રીતે ઉપાડ્યો હશે? એનું મન કહેતું હતું કે કદાચ ભગવાને જ એને આમ કરવાનું કહ્યું હશે.

*

બ્રેંડાના પિતા એક જાણીતા કાર્ટૂનિસ્ટ હતા. એમણે આ આખી ઘટના છપાવી હતી. એમાં એમણે એક કાર્ટૂન દોરેલું. જેમાં એક કીડી કોન્ટેક્ટ લેન્સ ઉપાડીને ચાલતાં ચાલતાં બોલી રહી હોય કે, ‘હે ભગવાન! મને સમજાતું નથી કે તું મને આવી નકામી ચીજ ઉપાડવાનું કેમ કહે છે? એક તો હું એને ખાઇ શકતી નથી, અને બીજું એ વજનમાં પણ અત્યંત ભારે છે. પરંતુ તું મને આ કામ કરાવવા જ ઈચ્છતો હોય તો હું એ ચોક્કસ ઉપાડીશ! કારણ કે એની પાછળ તારો કોઈક શુભ આશય જરૂરથી હશે!’

*

આપણે બધાં ઘણી વખત એવું બોલતાં હોઈએ છીએ કે, ‘હે ભગવાન! તું મારા પર આ કેવો વિચિત્ર અને ભારેખમ બોજો નાખી રહ્યો છે?’ પરંતુ આપણે એક વાત ભૂલી જઈએ છીએ. આપણે એની સાથે એક વધારે વાક્ય જોડવું જોઈએ કે, ‘કાંઈ વાંધો નહી ભગવાન! તું મારી પાસે આ બોજો ઉપડાવવા જ માંગતો હોય તો હું એ ચોક્કસ ઉપાડીશ કારણ કે એની પાછળ તારો કોઈક શુભ આશય જરૂરથી હશે!’

આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે ભગવાન કોઈ કામ કરાવવા માટે નિષ્ણાતને જ પસંદ કરે એવું નથી હોતું. પણ હા! એ જેને પસંદ કરે એને એ કામમાં નિષ્ણાત જરૂર બનાવી દેતો હોય છે!

***

7. ભગવાનની સુગંધ!

૧૦ માર્ચ, ૧૯૯૦ની એક ઠંડી રાત્રે ડલાસ, અમેરિકાના એક દવાખાનામાં ડાયેના બ્લેસિંગ નામની એક સ્ત્રીએ અધૂરા મહિને એક બાળકીને જનમ આપ્યો. હજુ તો એને છઠ્ઠો મહિનો જતો હતો ત્યાં જ બાળકીનો જનમ થઈ ગયો હતો. ૧૨ ઇંચની લંબાઈ અને ફક્ત ૬૦૦ ગ્રામ વજન ધરાવતી એ દીકરી શ્વાસ પણ માંડ લઈ શકતી હતી.

એને તરતજ નાના બાળકોનાં ઇન્ટેન્સિવ કેર યુનિટમાં દાખલ કરી દેવામાં આવી. એની સારવાર શરૂ કરાવીને ડૉક્ટર , ડાયેના અને એના પતિ ડેવિડ સાથે વાત કરવા માટે આવ્યા. એમણે મૂળ વાત પર આવતાં પહેલાં આ બંને સાથે થોડી ફોર્મલ વાતો શરૂ કરતાં પૂછ્યું, ‘હેલો ડેવિડ અને ડાયેના! કોન્ગ્રેચ્યુલેશન! એક બાળકીનાં માતા-પિતા બનવા બદલ અભિનંદન! તમે લોકોએ એનું કોઈ નામ વિચારી રાખ્યું છે?’

‘હા ડૉક્ટર!’ ડાયેના બોલી, ‘અમારી દીકરીનું નામ અમે દાનાઈ રાખવાનું નક્કી કર્યું છે.’

‘ઓકે! ગુડ!’ ડૉક્ટર મૂળ વાત પર આવ્યા, ‘જુઓ! હું દાનાઈના ભવિષ્ય અંગે વાત કરવા આવ્યો છું. સૌપ્રથમ વાત તો એ કે તમારી દીકરી ખૂબ જ પ્રિ-મેચ્યોર એટલે કે અધૂરા મહિને જન્મેલી છે. અમારી ભાષામાં આને અલ્ટ્રા-લો-બર્થ-વેઇટ કહે છે. સવાર સુધી એ જીવતી રહે એવી શક્યતા ફક્ત ૧૦% જ છે. અને જો ગમે તે રીતે એ જીવતી રહી ગઈ, તોપણ એનું ભવિષ્ય ખૂબ જ ખરાબ રહેવાની પૂરેપૂરી શક્યતાઓ છે.’ આટલું બોલીને ડૉક્ટર એમનો પ્રતિભાવ જાણવા અટક્યાં.

ડેવિડ અને ડાયેનાએ એકબીજા સામે જોયું. બંનેની આંખમાં ધ્રાસકો અને ઝળઝળિયાં હતાં.

‘ડૉક્ટર! એનું ભવિષ્ય ખરાબ હોવાની પૂરેપૂરી શક્યતા છે એટલે શું એ અમને જરા વિગતે સમજાવશો, પ્લીઝ?’ ડાયેનાએ સવાલ કર્યો.

‘જુઓ!’, ડૉક્ટર બોલ્યા, ‘આવાં અધૂરે મહિને જન્મેલાં બાળકો બચી જાય તોપણ એમનો શારીરિક તેમજ માનસિક વિકાસ નોર્મલ થવાની શક્યતાઓ ખૂબ જ ઓછી રહેતી હોય છે. એમને સેરેબ્રલ પાલ્સી (એક પ્રકારનો લકવો) તેમજ મેન્ટલ રિટાર્ડેશન(માનસિક મંદતા) થઈ શકે. એમની જોવા, સાંભળવાની તેમજ બોલવાની શકિતઓનો વિકાસ ન થાય અને કાયમ માટે એ લોકો લાકડાની જેમ પડ્યા રહે એવું પણ બને. ટૂંકમાં, એ લોકો ફક્ત શ્વાસ લેતાં લાકડાંના ટુકડા જેવું જીવન જ જીવે એવું પણ થતું હોય છે.’

ડેવિડ અને ડાયેના પર જાણે વીજળી પડી હોય એમ બંને જણ અવાચક બની ગયાં. દીકરીના જનમથી એમનો ત્રણ જણાનો સંસાર વધારે આનંદભર્યો બની જશે એવું એમણે વિચાર્યું હતું. એમને ડસ્ટીન નામનો પાંચ વરસનો એક દીકરો હતો. એ બંનેનું સપનું હતું કે એક દીકરીના આગમનથી એમનું કુટુંબ સંપૂર્ણ બની જશે. ડૉક્ટરની વાતથી એમનું આ સપનું તૂટીને ચૂર-ચૂર થઈ જતું એમને લાગ્યું.

સવાર પડી. ઘણી બધી નળીઓ અને વાયર વચ્ચે વીંટળાયેલી ૬૦૦ ગ્રામની દાનાઈ સવાર સુધી જીવી ગઈ. ઇન્ટેન્સિવ કેર યુનિટના કાચની આરપાર એને દૂરથી જ જોઈને ડાયેનાએ દિલથી જ નક્કી કર્યું કે એ ભગવાનને પ્રાર્થના કરશે, વિનવશે, અરે આજીજી કરશે કે પોતાની આ ટચૂકડી દીકરીને જીવતી રાખે. એણે પોતાના કમરામાં પાછા ફરતી વખતે એના પતિ ડેવિડને કહ્યું કે, 'ડેવિડ! જોજે! આપણી દીકરી જરૂર જીવતી રહેશે. અને મારું મન કહે છે કે એ સાવ નોર્મલ પણ થશે. તું જોઈ લેજે! ભગવાન એનું એટલું ધ્યાન રાખશે કે હું સો ટકા સાચી પડીશ!'

વાસ્તવિકતાથી પૂરેપૂરો વાકેફ ડેવિડ એની હા-માં હા મિલાવતો હતો પણ એનું આંતરમન જાણતું હતું કે ડાયેના કહે છે એ કદાચ ક્યારેય શક્ય નહી બને. ડૉક્ટરે એને એકલાને બોલાવીને કહી દીધું હતું કે દાનાઈ કોઈ પણ ક્ષણે મૃત્યુ પામી શકે છે. દાનાઈ માટે જરૂર ઊભી થાય તો અંતિમક્રિયાની વ્યવસ્થા કરવી પડશે એ વાતથી એ સભાન હતો. ડેવિડ જ્યારે આ બધી દોડાદોડીમાં પડ્યો હતો ત્યારે ડાયેના બસ એક જ કામ કરતી હતી, બે હાથ જોડીને એ ઈશ્વરને સતત પ્રાર્થના કરતી રહેતી કે, 'હે ભગવાન! મારી દીકરીનો ખ્યાલ રાખજે. એને અમારી જોડે રહેવાનો મોકો આપજે!'

કલાકો જેમ જતા રહ્યા એમ ધીમે ધીમે દિવસો પણ ગયા. એ પછી અઠવાડિયાં પસાર થવા લાગ્યાં. બે મહિના પછી પ્રથમ વખત ડાયેનાને પોતાની દીકરીને અડકવાની અને તેડવાની છૂટ્ટી મળી. ડાયેના તો ખુશીની મારી પાગલ જેવી બની ગઈ. દાનાઈને હજુ રજા નહોતી અપાઈ, પણ ડાયેનાને ખાતરી થઈ ગઈ કે દાનાઈ સુખરૂપ ઘરે આવશે જ! એ દિવસે એણે દાનાઈને ખૂબ વહાલ કર્યું અને એ જલદી સાજી થઈ જાય એવી ઘણી બધી વાતો એનાં કાનમાં કહી! એ દિવસે પણ ડૉક્ટરે દાનાઈને મેન્ટલ રિટારડેશન અને સેરેબ્રલ પાલ્સી થઈ શકે છે એ વાત ભારપૂર્વક જણાવી. ખબર નહી કેમ, પણ આ વખતે ડૉક્ટરના શબ્દોની ડાયેના પર કોઈ જ અસર ન થઈ.

ત્રણ મહિને દાનાઈને ઘરે જવાની છૂટ્ટી મળી. એ દિવસે એમનો પુત્ર ડસ્ટીન પણ એની બહેનને ઘરે લઈ જવા હોસ્પિટલે આવ્યો હતો. આનંદ અને ઉત્સાહથી એ ત્રણે જણ દાનાઈને ઘરે લઈ ગયા.

ધીરે ધીરે દાનાઈ મોટી થવા લાગી. ડૉક્ટરની બધી જ ભવિષ્યવાણી જાણે ખોટી પાડતી હોય એમ એ બધી રીતે નોર્મલ બનવા લાગી. દોઢ વરસે એ બધું જ બોલતા પણ શીખી ગઈ. ડાયેના અને ડેવિડને એક વાતની કાયમ નવાઈ લાગતી. દાનાઈ ઘણી વાર ભગવાનની વાતો કરતી. એમને બંનેને થતું કે ડાયેના બધાને એવું કહેતી રહે છે કે દાનાઈને બચાવવા એણે ભગવાનને ખૂબ જ પ્રાર્થનાઓ કરેલી એ સાંભળીને દાનાઈ ભગવાન અંગેની વાતો શીખી ગઈ હશે. છતાં ભગવાન અંગેની એની અમુક વાતો તો એ લોકોને પણ ન સમજાતી.

૧૯૯૬ના ઉનાળામાં ડસ્ટીનને બેઝબોલની ટ્રેનિંગ લેવા જવાનું હતું. દાનાઈ પણ ડસ્ટીન અને ડાયેના જોડે ઇરવિંગની એક ક્લબમાં એ દિવસે ગઈ હતી. ડસ્ટીન પ્રેક્ટિસ કરી રહ્યો હતો. પાંચ વરસની દાનાઈ એની મમ્મીનાં ખોળામાં બેઠી હતી. એ એટલું બધું બોલતી હતી કે આજુબાજુ બેઠેલા બધાનાં આકર્ષણનું એ કેન્દ્ર બની ગઈ હતી.

અચાનક એ સાવ ચૂપ થઈ ગઈ. એણે પોતાના બંને હાથ જાણે કોઈને બાથ ભરતી હોય એમ પોતાની જ છાતી પર મૂકી દીધા. એ પછી આંખો બંધ કરીને એ ઊંડા ઊંડા શ્વાસ લેવા લાગી. આ બધું જોઈને એની માને નવાઈ લાગી. એ બોલી, 'દાનાઈ! બેટા શું થયું? તું કેમ અચાનક ચૂપ થઈ ગઈ?'

દાનાઈએ આંખો ખોલીને મા સામે જોયું. પછી ધીમેથી પૂછ્યું, 'તને એની સુગંધ આવે છે?'

માએ ઊંડો શ્વાસ લીધો. આકાશમાં આછી ગડગડાટી થઈ રહી હતી. ડાયેનાને નજીક આવી રહેલા વરસાદની અને ભીની માટીની સુગંધ આવી. એને થયું કે દાનાઈ કદાચ એની જ વાત કરી રહી હશે. એણે દાનાઈને કહ્યું, 'હા બેટા! મને ભીની માટીની અને નજીક આવી રહેલા વરસાદની સુગંધ આવે છે.'

'નહિ મમ્મી!' દાનાઈ થોડા ઊંચા અવાજે બોલી, 'આ વરસાદની કે માટીની નહી, એની સુગંધ છે!'

'તો પછી કોની સુગંધ છે બેટા? તું શું કહેવા માંગે છે બેટા?' ડાયેનાએ પૂછ્યું. એનું આશ્ચર્ય હવે વધતું જતું હતું.

'ભગવાનની!' દાનાઈ બોલી, 'આ સુગંધ ભગવાનની છે. મમ્મી! તમે જ્યારે તકલીફમાં હો અને ભગવાન તમને તેડી લે ત્યારે આવી જ સુગંધ આવે! હું જ્યારે એમની છાતી પર માથું મૂકતી ત્યારે આવી સુગંધ જ આવતી!' એટલું કહીને દાનાઈએ ફરી એકવાર આંખો બંધ કરી લીધી, પછી પોતાની છાતી પર હાથ મૂકીને ઊંડા ઊંડા શ્વાસ લેવા માંડી.

ડાયેનાની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. એને ખાતરી થઈ ગઈ કે વેદનાભર્યા પ્રથમ બે મહિનામાં એની દીકરી જ્યારે મોત સામે ઝઝૂમી રહી હતી ત્યારે ભગવાને એને પોતાની છાતી પર રાખીને વહાલથી સાચવી હશે. એટલે જ દાનાઈ ભગવાનની આટલી બધી વાતો કરતી હતી અને એટલે જ આટલી નાની દીકરીને ભગવાનની સુગંધ યાદ રહી ગઈ હશે! એણે આકાશ સામે જોયું. પછી આંસુભરી આંખે વહાલથી દાનાઈના માથા પર એણે હાથ ફેરવ્યો. બરાબર એ જ વખતે ધોધમાર વરસાદ શરૂ થયો.

દાનાઈએ પોતાના બંને હાથ ફેલાવ્યા. એના કોમળ હાથમાં વરસાદના સુગંધી છાંટા પડવા લાગ્યા. ડાયેનાને પણ હવે વરસાદની સુગંધ કંઇક અલગ જ લાગતી હતી.

***

8. જ્યોર્જ

ક્રિસમસની સાંજ હતી.

જ્યોર્જ નામનો માણસ અમેરિકામાં પોતાના ગેસ સ્ટેશન-પેટ્રોલપંપની ઓફિસમાં સાવ એકલો અને સૂનમૂન બેઠો હતો. એની પત્ની માર્થા ગુજરી ગઈ પછી એણે ક્યારેય નાતાલનો તહેવાર ઉજવ્યો જ નહોતો. પોતાના ગેસ સ્ટેશનને પણ એને બિલકુલ શણગાર્યું નહોતું. નહોતી લાઈટિંગ કરી કે નહોતા કોઈ શો-પીસ લગાડ્યા. લોકો માટે એ ખાસ દિવસ હતો, પરંતુ જ્યોર્જ માટે તો એ રોજના જેવો એક સામાન્ય દિવસ જ હતો.

જોકે એવું નહોતું કે એને નાતાલનો તહેવાર ઉજવવો ગમતો નહોતો, પણ એના મનને તહેવાર ઉજવવાનું કોઈ બહાનું મળતું નહોતું. જ્યોર્જને કોઈ સંતાન તો હતું નહી. પત્નીનાં ગયાં પછી એ સાવ એકલો પડી ગયેલો. ઉપરાંત એની ઉંમર પણ ખાસ્સી થઈ ગઈ હતી. આજુબાજુવાળા એને ઘણીવાર ઓલ્ડ જ્યોર્જ કહીને પણ બોલાવતા.

એ દિવસે પણ એકાદ કલાકથી જ્યોર્જ શૂન્યમનસ્ક જેવો બનીને બેઠો હતો. એની નજર બહાર એકધારા વરસતા બરફ પર હતી. પોતાના મગજમાં દોડાદોડી કરી રહેલા વિચારોથી એ પોતે જ સાવ અણજાણ હોય એમ બેઠો હતો. બરાબર એ જ વખતે એની ઓફિસનું બારણું ખખડ્યું. જ્યોર્જ વિચારોમાંથી બહાર આવી ગયો. જોયું તો એક સાવ લઘરવઘર માણસ એની ઓફિસમાં દાખલ થયો હતો. એ દિવસે પડી રહેલા બરફ સામે જરા પણ રક્ષણ આપે નહી એટલા ઓછાં કપડાં એણે પહેર્યાં હતાં. અને એ કપડાં પણ સાવ ચીથરાં જેવાં હતાં. એના દૂબળા-પાતળા શરીરને છેલ્લે ક્યારે પેટભરીને અન્ન પ્રાપ્ત થયું હશે એની પણ એને ખબર નહી હોય. હાડગાળતી ટાઢને લીધે એ થર-થર કાંપતો હતો.

એ માણસ અંદર તો આવી ગયો, પરંતુ એના મોઢા પર દહેશત હતી કે હમણાં જ ગેસ-સ્ટેશનનો માલિક એને બાકી બધે બને છે એમ હડધૂત કરીને કાઢી મૂકશે. એટલે જ્યોર્જ કાંઈ બોલે એ પહેલાં જ પોતાના બચાવમાં દરુજતી દાઢીએ એ બોલ્યો, 'સર! બહાર ખૂબ ઠંડી છે ને એટલે થોડીવાર માટે મને અહી ઊભો રહેવા દેશો, પ્લીઝ? સવારથી બરફ વરસી રહ્યો છે અને સવારથી હું આમ જ ભટકું છું. અત્યારે સહન ન થઈ શક્યું. અહી આ જગ્યા હૂંફાળી અને ગરમ છે એટલે હું અંદર આવતો રહ્યો. મારા હાથ-પગ સાવ સૂન્ન પડી ગયા છે. એમાં થોડોક ગરમાવો આવે એટલે હું અહીથી જતો રહીશ. પ્લીઝ સર!'

એની વાત સાંભળીને જ્યોર્જ હસી પડ્યો પછી બોલ્યો, 'અરે ભાઈ! એમાં તારે ગભરાવાની કોઈ જ જરૂર નથી. અહી નજીક આવ અને આ હીટર પાસે બેસી જા. અને હા, જલદી જવાની કોઈ જરૂર નથી. તારે જેટલા કલાક બેસવું હોય એટલા કલાક અહી બેસજે!' એટલું કહીને એ ઊભો થયો. પેલા માણસને હાથ પકડીને હીટરની બાજુમાં બેસાડ્યો. પછી પોતાનું થર્મોસ એની નજીક સરકાવતા બોલ્યો, 'આમાં કોફી છે. ભાઈ! તું એ લેવાનું શરૂ કર. મેં એ મારા હાથે બનાવેલી છે. મારી પત્ની માર્થાને મારા હાથની કોફી બહુ જ ભાવતી.'

બોલતાં બોલતાં જ્યોર્જ ઊભો થયો. અંદરના રૂમમાં જઈને સેન્ડવિચનું પેકેટ લઈ આવ્યો. પેલા ભૂખ્યા માણસને એ આપ્યું. પછી એની પાસે જ બેસતા એણે કહ્યું, 'આ તારા માટે જ છે. મને આજે જરાપણ ભૂખ નથી. તારું પેટ ખાલી છે. એમાં કાંઈક પડશે તો તારા શરીરમાં જલદી ગરમાવો આવશે. એટલે જરાય સંકોચ રાખ્યા વિના એ તારે ખાઈ જવાની છે!'

જેના માટે શબ્દો હંમેશાં ટૂંકા પડે એવી આભારથી છલોછલ ભરેલી દૃષ્ટિ જ્યોર્જ પર ફેંકીને એ માણસ ચૂપચાપ સેન્ડવિચ અને કોફીને ન્યાય આપવા માંડ્યો.

એ જ સમયે બહાર ડ્રાઈવ-વેની બેલનો અવાજ થયો. જયારે પણ કોઈ કાર કે અન્ય વાહન ગેસ-સ્ટેશનમાં પ્રવેશતું ત્યારે એ બેલ વાગતી. એનો અવાજ સાંભળીને જ્યોર્જ ઊભો થયો. પછી બહાર જતાં જતાં પેલા માણસને ઉદ્દેશીને બોલ્યો, 'ભાઈ! તું તારે નિરાંતે નાસ્તો અને કોફી પતાવ અને બેસવું હોય ત્યાં સુધી બેસજે. મારે જવું પડશે. બહાર કોઈ ગાડી આવી લાગે છે.'

બહાર આવીને જ્યોર્જે જોયું તો સાવ ખખડધજ દેખાતી એક કાર ગેસ-સ્ટેશનના ડ્રાઈવ–વેમાં ઊભી હતી. એનાં બોનેટમાંથી ધુમાડો નીકળતો હતો. એનો ડ્રાઈવર ખૂબ ચિંતામાં હોય એવું લાગતું હતું. જ્યોર્જને જોતાં જ એ બોલી ઊઠ્યો, 'હેય મિસ્ટર! શું તમે મને જલ્દીથી કાંઈ મદદ કરી શકશો ખરા? હું ખૂબ જ તકલીફમાં છું, પ્લીઝ!'

'ચોક્કસ ભાઈ!' જ્યોર્જ બોલ્યો, 'પણ શું તકલીફ છે એ તમે મને જરા કહેશો?'

'જુઓ!' એ ડ્રાઈવર નીચે ઊતરતાં બોલ્યો, 'કારમાં સૂતેલી મારી પત્નીની તબિયત ખૂબ જ નાજુક છે. એને પ્રસૂતિની પીડા શરૂ થઇ ગઈ છે. હોસ્પિટલ અહીંથી ઘણી દૂર છે. અને બરાબર તાકડે જ મારી કાર બગડી છે. હવે શું કરવું એ મને સમજાતું નથી. હું ખરેખર મૂંઝાઈ ગયો છું.' એના અવાજમાં સ્પેનિશ ભાષાનો લહેકો એકદમ સ્પષ્ટ જણાઈ આવતો હતો.

'હું પહેલાં તમારી કારનાં બોનેટમાં નજર કરી જોઉં, પછી કહું,' એટલું બોલીને જ્યોર્જે કારનું બોનેટ ઊંચું કર્યું. એણે જોયું કે રેડિયેટર લીક થઈ રહ્યું હતું. એ એટલું ગરમ થઈ ગયું હતું કે થોડીવાર ઠર્યા પછી જ એની હાલત અંગે વધારે તપાસ થઈ શકે તેમ હતું. ઉપરાંત એની નજર જ્યારે ગાડીના ટાયર્સ પર પડી ત્યારે એણે જોયું કે એ પણ સાવ ઘસાઈ ગયા હતા.

જ્યોર્જે બોનેટ બંધ કર્યું. પછી બોલ્યો, 'નહી ભાઈ! આ કાર જલદી ચાલુ થઈ શકે તેમ નથી. એનું રેડિયેટર થોડું ઠરે પછી ફરી એકવાર હું એને ચેક કરી શકું. એ પછી જ આપણને એમાં કેટલું નુકસાન થયું છે એની ખબર પડે.'

'ઓહ નો! પ્લીઝ મને મદદ કરો! તમે મદદ નહી કરો તો મારું શું થશે? હું મારી પત્નીને કઈ રીતે દવાખાને પહોંચાડીશ? એની તબિયત પણ બગડતી જાય છે. આ વિસ્તારમાં ટેક્સી મળવી પણ મુશ્કેલ છે. શું તમારી પાસે ફોન છે? જો હોય તો હું એમ્બ્યુલન્સ બોલાવી શકું.' પેલો ડ્રાઈવર ગભરાટભર્યા અવાજે બોલ્યો.

જ્યોર્જે ક્ષમા માંગતા અવાજે કહ્યું, 'સોરી ડુડ ! ભારે બરફવર્ષાને કારણે આજ સવારથીજ ફોન બંધ છે. અને તમારી વાત સાચી છે કે આ વિસ્તારમાં ટેક્સી ભાગ્યે જ મળે છે. પણ એક ઉપાય થઈ શકે!' એણે માથું ખંજવાળતા પેલાને કહ્યું.

'પ્લીઝ, જલદી કહો, શો ઉપાય થઈ શકે?' પેલાની ચિંતા અને અધીરાઈ બંને વધતા જતા હતા.

'પાછળ મારું ગેરેજ છે. એમાં મારો નાનકડો ટ્રક પાર્ક કરેલો પડ્યો છે. મને લાગે છે કે એ તમારા કામમાં આવી શકે!' જ્યોર્જ બોલ્યો. પછી પેલાને ત્યાં જ ઊભો રાખીને ગેરેજમાંથી એ પોતાનો ટ્રકલઈ આવ્યો. આવીને ટ્રકની ચાવી પેલાના હાથમાં મૂકતા એ બોલ્યો, 'લો ભાઈ! તમે મારો આ ટ્રક લઈ જાઓ. એ સાવ નવો તો નથી, પણ એ તમને ક્યાંય હેરાન તો નહી જ કરે એની મને ખાતરી છે. તમારી કારના ટાયર પણ સાવ ગયા છે એટલે એ કારમાં એ પણ એક જોખમ જ હતું. આ ટ્રકના ટાયર તદ્દન નવા છે. મને આશા છે કે તમને જરાય તકલીફ નહી પડે. હવે જલદી તમે રવાના થાવ.'

પેલાને આભારના શબ્દો બોલતા રોકીને જ્યોર્જે એની પત્ની તરફ ઈશારો કર્યો. બંને જણાએ એને ટ્રકમાં સૂવડાવી. પછી પેલાએ હોસ્પિટલ તરફ ટ્રક મારી મૂકી. એ વખતે સાંજ હવે ધીમે-ધીમે રાત બનવાની તૈયારી કરી રહી હતી.

જ્યોર્જ પાછો પોતાની કેબિનમાં આવ્યો. અંદર આવતાં જ એ બોલ્યો, 'કેમ ભાઈ! તે સેન્ડવિચ અને કોફી પૂરા કર્યા કે નહી?'

પણ કોઈ જવાબ ન મળ્યો. જ્યોર્જે હીટર તરફ જોયું તો ત્યાં કોઈ નહોતું. પેલો લઘરવઘર લાગતો માણસ નાસ્તો કરીને ક્યાંક જતો રહ્યો હોય એવું લાગતું હતું.

'ચાલો! કાંઈ વાંધો નહી. એનાં પેટમાં કાંઈક તો પડ્યું! ભગવાન એને શેલ્ટર(આશરો) આપે!' એટલું બોલીને એ ફરીથી ડ્રાઈવ-વેમાં આવ્યો. પેલાની ત્યાં જ પડેલી કારનું બોનેટ ખોલ્યું. એ સાંજની બર્ફિલી ઠંડીમાં રેડિયેટર હવે ઘણું ઠરી ગયું હતું. એણે આગળની ગ્રિલ હટાવીને જોયું તો રેડિયેટરની મેટલ-પાઈપ નહોતી તૂટી, પરંતુ સૌથી નીચે આવેલી રબ્બરની હોઝ-પાઈપ જ તૂટી હતી. જ્યોર્જે એ બદલી નાખી એટલે એ કાર શરૂ થઈ ગઈ. એણે એ કારને પોતાના ગેરેજમાં લીધી. એ જ વખતે એનું ધ્યાન પોતાની સ્વર્ગસ્થ પત્ની માર્થાની કાર પર પડ્યું. માર્થાની કારના ટાયર સાવ નવા જેવાં જ હતાં. જ્યારે પેલાની કારના ટાયર સાવ રદ્દી બની ગયાં હતાં.

'કદાચ, પેલાને પાછા જતી વખતે આ ખરાબ ટાયરના કારણે તકલીફ પડશે!' એવું વિચારીને જ્યોર્જે માર્થાની કારના ટાયર પેલા માણસની કારમાં ચડાવવાનો નિર્ણય લઈ લીધો. છેલ્લાં ટાયરનો છેલ્લો બોલ્ટ એ ફીટ કરી રહ્યો હતો એ જ સમયે બહાર બંદૂકનો ધડાકો સંભળાયો અને સાથોસાથ કોઈ પુરુષની મદદ માટેની દર્દભરી ચીસ પણ સંભળાઈ.

જ્યોર્જ દોડતો બહાર ગયો. જોયું તો એના ગેસ-સ્ટેશનને અડીને જ એક પોલીસ-કાર પડી હતી. એની બાજુમાં એક પોલીસ-ઓફિસર ડાબા ખભામાંથી લોહી નીગળતી હાલતે પડ્યો હતો.

'પ્લીઝ જેન્ટલમૅન! હેલ્પ મી! મને મદદ કરો!' જ્યોર્જને જોતાં જ એ બોલ્યો.

જ્યોર્જે એનો જમણો હાથ પકડીને જમીન પરથી ઊભો કર્યો. પછી પોતાના ડાબા ખભાનો ટેકો આપીને એ એને પોતાની હૂંફાળી કેબિનમાં લઈ આવ્યો. જ્યોર્જને પોતે જયારે લશ્કરમાં હતો ત્યારની ટ્રેનિંગ બરાબર યાદ હતી. એ મુજબ એને લાગ્યું કે સોથી પહેલા તો ખભા પર લાગેલ ઘા પર ધ્યાન આપવું જોઈએ અને લોહી નીકળતું બંધ કરવું જોઈએ. એને યાદ હતું કે આવા વખતે ઘા પર દબાણથી પાટો(Pressure Bandage) બાંધી દેવામાં આવે તો લોહી વહેવાનું ઓછું થઈ જતું હોય છે. નસીબજોગે એ જ દિવસે લોન્ડ્રીમાંથી નવા નેપકીન ધોવાઇ અને ઈસ્ત્રી થઈને આવ્યા હતા. એણે એક નેપકીન ગડી વાળીને ઓફિસરના ઘા પર લગાવ્યો, પછી પોતાની પાસે રહેલી સિલ્વર કલરની ડક્ટ-ટેપથી ઘા પર કસીને પાટો બાંધી દીધો. એનાથી લોહી વહેવાનું અટકી ગયું. પોલીસ-ઓફિસરને સારું લાગ્યું. એ જ વખતે જ્યોર્જને યાદ આવ્યું કે ગોળી વાગવાથી એ માણસને દુખાવો પણ ખૂબ થતો હશે. ઊભા થઈને એણે પીઠના દુખાવા માટે પોતે જે ગોળી લેતો હતો એ જ ગોળી પોલીસ-ઓફિસરને આપી, પાણી

આપ્યું પછી કહ્યું, 'તમે ઊંડા શ્વાસ લેતા રહો. હું એમ્બ્યુલન્સ બોલાવવાની કોશિશ કરું છું.'

પરંતુ ફોન ઊઠાવતા જ એને યાદ આવ્યું કે ફોન તો બંધ હતો. એ સમયે મોબાઇલ સુવિધા પણ નહોતી. જ્યોર્જ માથે હાથ દઈને બેસી ગયો. અચાનક એને યાદ આવ્યું કે પોલીસની ગાડીમાં વોકી-ટોકી (વાયરલેસ) સેટ હોય જ! એ પેલા પોલીસ-ઓફિસરને જરૂરી ફ્રિકવન્સી અને કોડ પૂછીને બહાર દોડ્યો. પણ કારની અંદર જોતાં જ એ નિરાશ થઈ ગયો. એક ગોળી ડેશબોર્ડની આરપાર નીકળી ગઈ હતી. એનાથી રેડિયો-ટ્રાન્સમીટર સંપૂર્ણપણે તૂટી ગયું હતું.

નિરાશ વદને જ્યોર્જ પાછો કેબિનમાં આવ્યો.

આટલી વારમાં પોલીસ-ઓફિસર થોડો સ્વસ્થ થઈ ગયો હતો. એ બોલ્યો, 'અરે જેન્ટલમૅન! હવે મને અહીંથી જવાની છૂટ્ટી આપો. મારા પર ગોળી છોડનાર હજુ આ વિસ્તારમાં જ હશે. જો એ મને શોધતો પાછો આવી જશે તો નાહક તમારી જિંદગી પણ જોખમમાં મુકાઈ જશે. મેં એ વ્યક્તિનો ચહેરો જોઈ લીધો છે એટલે મને મારી નાખવાના એ માણસ બધા પ્રયાસો કરી છૂટશે.'

જ્યોર્જ ઓફિસરની બાજુમાં બેસતાં બોલ્યો, 'ઓફિસર! અમને લશ્કરમાં ટ્રેનિંગ વખતે એવું સમજાવવામાં આવેલું કે ઘાયલ સાથીને છોડીને ક્યારેય જતા ન રહેવું. અને એ મુજબ હું પણ તમને છોડીને ક્યાંય જવાનો નથી.' પછી અચાનક કાંઇક યાદ આવતા એ ઊભો થયો. થર્મોસ લઈને એણે અંદર જોયું તો એકાદ કપથી વધારે કોફી અંદર હતી. એ કોફી એક કપમાં રેડીને એણે પોલીસ-ઓફિસરને પીવા માટે આપી. જ્યોર્જનો પ્રેમ અને બીજાને મદદ કરવાની તમન્ના જોઇને ઓફિસરને ખૂબ આનંદ થતો હતો. એના ચહેરા પર સ્મિત આવી ગયું.

એ જ વખતે ધડામ્ કરતુ કેબિનનું બારણું ખૂલ્યું. હાથમાં બંદૂક સાથે એક માણસ અંદર દાખલ થયો. જ્યોર્જ બરાબર એની સામે જ ઊભો હતો. જ્યોર્જને ઉદ્દેશીને એ બોલ્યો, 'ચાલ એય બુટ્ટા! જિંદગી વહાલી હોય તો તારી પાસે હોય એ બધા પૈસા મને આપી દે!'

જ્યોર્જે જોયું કે બંદૂકધારી પોતે જ સૂક્કાં પાંદડાની માફક ધ્રુજી રહ્યો હતો. એના હાથમાં રહેલી બંદૂક પણ સીધી નહોતી રહેતી. એની ધમકીમાં પણ દમ નહોતો. સાફ દેખાઈ આવતું હતું કે એ માણસે આ પહેલા ક્યારેય આવું કામ નહી જ કર્યું હોય.

'આ માણસે જ મને ગોળી મારેલી' પોલીસ-ઓફિસર બોલી ઊઠ્યો.

'દીકરા! તું શા માટે આ બધું કરે છે? બંદૂક સાઇડમાં મૂકી દે. કોઈ બીજાને ઈજા થશે.' જ્યોર્જ બોલ્યો.

એના લાગણીભર્યા અવાજથી પેલો માણસ થોડો મૂંઝાયો. છતાં ધમકીભર્યા અવાજે બોલ્યો, 'અરે બુઢ્ઢા! તું ઘડીક ચૂપ રહીશ? કાંઈ પણ બોલ્યા વિના તારા કેશબોક્સમાં જે કાંઈ હોય એ મારા હાથમાં મૂકી દે!'

એ જ વખતે પોલીસ-ઓફિસરે ધીરેથી પોતાની ગન કાઢવા પ્રયાસ કર્યો. એ જોઈ જતા પેલાએ એની સામે બંદૂક તાકી. જ્યોર્જ દોડીને એ બંને વચ્ચે જઈને ઊભો રહી ગયો અને ઊંચા અવાજે બોલ્યો, બંને જણ પોતપોતાની બંદૂકો મૂકી દ્યો. બંદૂકથી આજ સુધી કોઈનું ક્યારેય ભલું થયું છે?' પછી પેલા આગંતુક તરફ ફરીને એ બોલ્યો, 'ભાઈ! તારે પૈસા જોઈએ છે ને? આજે ક્રિસમસ ઇવનિંગ (નાતાલની આગલી સાંજ) હોવાથી એક પૈસાનો પણ વકરો થયો નથી. તું જાતે જોઈ લે, મારું કેશબોક્સ તદ્દન ખાલી છે. પણ મારા ખિસ્સામાં આ ૧૫૦ ડૉલર પડ્યા છે એ તું લઈ લે. પણ ભલો થઈને બંદૂક નીચે મૂકી દે!'

એટલું કહી જ્યોર્જે પૈસા આપવા માટે હાથ લંબાવ્યો. પેલાએ દોઢસો ડૉલર લેવા જેવો હાથ લાંબો કર્યો કે તરત જ પોતાની લશ્કરી તાલીમ અને કાબેલિયત અજમાવી જ્યોર્જે એના હાથમાંથી બંદૂક ખૂંચવી લીધી.

ઘૂંટણિયે પડીને પેલો ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડ્યો. થોડાક શાંત થયા પછી એ બોલ્યો, 'મને આ બરાબર ન આવડ્યું ને? ન જ આવડે! ક્યાંથી આવડે? હું કાંઈ ગુંડો થોડો છું? આ તો મારે મજબૂરીમાં બંદૂક ઉઠાવવી પડી છે. મારી નોકરી છૂટી ગઈ છે. ઘણા મહિનાથી ઘરનું ભાડું નથી ભરી શક્યો એટલે આવતી કાલે, બરાબર નાતાલના દિવસે જ મારે ઘર ખાલી કરવું પડશે. મને એ નથી સમજાતું કે આવી ઠંડીમાં હું મારા કુટુંબને લઈને ક્યાં જઈશ? એવું જ મારે કારની બાબતમાં થયું છે. બેંકના હપ્તા નથી ભરી શક્યો એટલે આજે સવારે એ લોકો મારી કાર જપ્ત કરી ગયા છે. આજે ક્રિસમસની સાંજ છે. મારી પાસે એક ફૂટી કોડી પણ નથી. મારા દીકરાને નવાં રમકડાં જોઈએ છે. મારી પત્નીને કાંઈક ગિફ્ટ જોઈએ છે. તમે જ કહો હું શું કરું? ક્યાં જાઉં? ન છૂટકે મારે આ રસ્તો લેવો પડ્યો છે. બાકી આ કામ મને જરાય ગમતું નથી.' એ માણસ ફરી એકવાર મોટા અવાજે રડી પડ્યો.

એની બંદૂક પોલીસ-ઓફિસરને સોંપીને જ્યોર્જે એના ખભા પર હાથ ફેરવ્યો. એની પીઠ પસવારતા એ બોલ્યો, 'ભાઈ! જિંદગીનો રસ્તો ક્યારેય સાવ સુંવાળો નથી હોતો. મારા અનુભવ મુજબ તો એ હંમેશાં ઉબડ-ખાબડ જ હોય છે. આપણી એના પરની મુસાફરી ક્યારેક સાવ સહેલી તો ક્યારેક ખૂબ હાડમારીઓથી ભરેલી હોઈ શકે. એમાં હિંમત થોડી હારી જવાય? અને ખોટો રસ્તો થોડો લેવાય? હા,

ક્યારેક જિંદગીની તકલીફોથી ત્રાસીને આપણે મૂર્ખાઈ કરી બેસીએ છીએ. અને આવી ભૂલો અને મૂર્ખામીઓ જ સાબિત કરી આપે છે કે આપણે માણસ છીએ. પણ એનો ઉકેલ બંદૂક ઉઠાવવી એ નથી. કાયદો તમને ઝડપી જ લેતો હોય છે. એના કરતાં તો આપણે એનો કાંઇક સહેલો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરીએ.'

'પણ મને તો હવે કોઈ રસ્તો દેખાતો નથી!' એ માણસ થોડો શાંત થતાં બોલ્યો.

'અરે! એવું કાંઈ થોડું હોય? રસ્તો ન હોય એવું થોડું બને? ચાલ, હું જ તને અહીં મારાં ગેસ-સ્ટેશન પર નોકરી આપું છું. બોલ જોડાઇશ? મારે પોતાને જ એક માણસની જરૂર છે.'

પેલા યુવાનને ઘડીક જ્યોર્જની વાત પર વિશ્વાસ ન બેઠો. પણ જ્યોર્જની આંખોમાં સચ્ચાઈ જોઇને એણે માથું હલાવીને 'હા' પાડી. એના મો પર પોતે જે કાંઈ કર્યું એના માટેનો ભારોભાર પસ્તાવો હતો. એણે પોલીસ-ઓફિસર સામે ફરીને કહ્યું, 'મને માફ કરજો ઓફિસર! તમારી ઉપર ગોળી છોડવાનો મારો કોઈ જ ઈરાદો નહોતો. પરંતુ અચાનક તમે કારમાંથી ઊતર્યા એ જોઇને ગભરાટમાં જ મારાથી ટ્રિગર દબાઈ ગયું!'

'ઓહ! જસ્ટ શટ-અપ!' પોલીસ-ઓફિસરે પોતાનો અણગમો બતાવ્યો.

એ જ સમયે બહારથી ઘણી બધી સાયરન વાગતી હોય એવો અવાજ આવ્યો. ધુમ્મસ જામી ગયેલા કાચની આરપાર જ્યોર્જે જોયું તો બે પોલીસવાન અને એક એમ્બ્યુલન્સ આવીને બહાર ઊભા રહી ગયા હતા. કોઈ કાંઈ વિચારે એ પહેલાં જ બે પોલીસ-ઓફિસર હાથમાં ભરી બંદૂકે અંદર દાખલ થઈ ગયા. એમાંના એકે પેલા ઘાયલ પોલીસ-ઓફિસર સામે જોઈને કહ્યું, 'ચક! તું ઠીક તો છે ને?'

'હા!' પેલા ઘાયલ ઓફિસરે જવાબ આપ્યો, 'ખભાની આરપાર ગોળી નીકળી ગઈ હોય એવો ઠીક! પણ તમે લોકોએ મને શોધી કઈ રીતે કાઢ્યો?'

'તારી કારમાં ફીટ કરાયેલા જીપીએસ લોકેટરની મદદથી! એ તો બધું બરાબર ચક, પણ તારી પર હુમલો કોણે કર્યો?' આવેલા ઓફિસરમાંથી એકે સવાલ કર્યો.

જ્યોર્જનું હૈયું બેસી ગયું. પેલા યુવાનનું હૃદય જોરજોરથી ધડકવા લાગ્યું. ઘાયલ પોલીસ-ઓફિસરે પહેલા જ્યોર્જ સામે અને પછી હુમલાખોર સામે જોયું. એક ઊંડો શ્વાસ લીધો અને જવાબ આપ્યો, 'મને ખબર નથી યાર! એ માણસ ગોળી છોડીને અંધારામાં દોડીને નાસી ગયો. હું એનો ચહેરો સ્પષ્ટ રીતે જોઈ પણ ન શક્યો!'

જ્યોર્જનો શ્વાસ નીચે બેઠો. પેલા યુવાનને પણ શાંતિ થઈ.

આવેલા ઓફિસરે જ્યોર્જ અને પેલા યુવાનની ઓળખાણ માંગી. જ્યોર્જે એને જણાવ્યું કે પોતે ગેસ-સ્ટેશનનો માલિક છે અને પેલો યુવાન એને ત્યાં કામ કરે છે. પેલા ઓફિસરે વધારે કાંઇ ન પૂછ્યું.

એમ્બ્યુલન્સના સ્ટાફે ચકને સ્ટ્રેચરમાં સૂવડાવ્યો. એનો ઘા જોઇને સાથે આવેલા પેરામેડિક પેલા બે પોલીસ-ઓફિસર જોડે વાત કરી રહ્યા હતા ત્યારે પેલા હુમલાખોર યુવાને ઘાયલ પોલીસ-ઓફિસર ચકની નજીક જઈને એને પૂછ્યું, 'મેં તમારા પર ગોળી છોડી હોવા છતાં તમે એ કેમ ન કહ્યું ઓફિસર?'

'ભાઈ! જ્યારે આવો ફરિશ્તા જેવો જ્યોર્જ તને એક નવી જિંદગી આપવાની કોશિશ કરી રહ્યો છે ત્યારે હું શું કામ તને કાયમી ગુનેગારની છાપ મળે એવું કરું? હું પણ તને એક ઊજળું ભવિષ્ય મળે એવી પ્રાર્થના કરું છું. તમને બંનેને મેરી ક્રિસમસ!' એના અવાજમાં હવે જરાય અણગમો નહોતો. એણે જ્યોર્જનો ખાસ આભાર માન્યો. એ પછી એ લોકો રવાના થયા.

ગેસ-સ્ટેશનની કેબિનમાં હવે જ્યોર્જ અને પેલો યુવાન એમ બે જ જણા રહ્યા.

'મિત્ર! હવે તારી બાકીની તકલીફોનો પણ ઉકેલ લાવીએ!' એટલું બોલીને જ્યોર્જ પાછળના રૂમમાં ગયો. થોડીવાર પછી એ બહાર આવ્યો ત્યારે એના હાથમાં બે બોક્સ હતા, એક મોટું અને બીજું નાનું. એણે પહેલા નાનું બોક્સ ખોલ્યું. એમાંથી એક ખૂબ મોંઘી દેખાતી ડાયમંડની વીંટી કાઢીને પેલા યુવાનને આપતા જ્યોર્જ બોલ્યો, 'આ લે ભાઈ! આ ડાયમંડની વીંટી મેં મારી પત્ની માર્થા માટે ખૂબ બધાં પૈસા ખર્ચીને ખરીદી હતી. હવે માર્થાને એની જરૂર નથી! તને આ વીંટી આપી દઉં તોપણ એ વાંધો નહી ઉઠાવે કારણ કે એ ભગવાનને પ્યારી થઈ ગઈ છે. તારે તારી પત્નીને કાંઈક ગિફ્ટ આપવાની હતી ને? મને આશા છે કે આ ભેટ એને ગમશે જ!'

વિસ્ફારિત આંખે જ્યોર્જની ઉદારતાને જોઈ રહેલો પેલો યુવાન એટલું જ બોલી શક્યો, 'નહી સર! આટલી મોંઘી ભેટ હું ન જ લઈ શકું. આમેય એ તમારી પત્નીની યાદગીરી છે.'

'મારા ભાઈ!' એનો હાથ પકડી એમાં વીંટી મૂકતા જ્યોર્જ બોલ્યો, ' મારા માટે મારી પત્નીની યાદ જ એની યાદગીરી તરીકે કાફી છે. એના માટે મારે કોઈ વસ્તુની જરૂર નથી. તું તારે એ લઈ જા! તારી પત્ની પૂછે તો કહેજે કે મારા નવા શેઠે પ્રથમ નાતાલની ભેટરૂપે આપી છે! અને આ બીજા બોક્સમાં મને ઓઈલ કંપનીઓ તરફથી મળેલ ઘણી બધી ભેટ છે. એ સાવ નવી-નક્કોર જ છે. એમાંથી રમકડાનું પ્લેન, રિમોટ કંટ્રોલવાળી કાર, મિલિટરી ટ્રક, બોલતી ઢીંગલી વગેરે તું તારા નાના

દીકરા માટે લઈ જા. આમેય એને ઘણી બધી ગિફ્ટ જોઈતી'તીને ? મને લાગે છે કે એને આ બધું ખૂબ ગમશે.'

એટલું કહી જ્યોર્જે એને આ બંને બોક્સ હાથમાં પકડાવ્યા. પેલો યુવાન જ્યોર્જની ઉદારતા જોઈને એકદમ લાગણીશીલ બની ગયો. આંખમાં આંસુ સાથે ખિસ્સામાં હાથ નાખીને એણે શરૂઆતમાં લૂંટેલા ૧૫૦ ડૉલર જ્યોર્જના હાથમાં પાછા મૂક્યા. એના ચહેરા પર ભારોભાર પસ્તાવો દેખાઈ રહ્યો હતો.

જ્યોર્જે એ પૈસા એના હાથમાં પાછા મૂકતા કહ્યું, 'અરે જેન્ટલમૅન! આ પૈસા જો પાછા આપી દઈશ તો તું આજ રાતનું ડિનર કઈ રીતે ખરીદીશ? અને નાતાલના નવા કપડાંનું શું થશે? તું એક કામ કર. આ બધા પૈસા તારી પાસે રાખી લે. જો એને માટે તારું મન ન માનતું હોય તો એને તારો પ્રથમ અઠવાડિયાનો પગાર ગણી લેજે, બસ? હવે જલદી ઘરે જા, તારી પત્ની અને દીકરો વાટ જોતા હશે.'

બંને આંખમાંથી વહેતાં આંસુ સાથે પેલો માંડ બોલ્યો, 'સર! તમે ન મળ્યા હોત તો હું આજે રાતે કાં તો જેલમાં હોત અથવા તો પોલીસની ગોળીનો શિકાર થઈ ગયો હોત. હું આનો બદલો કઈ રીતે...' ગળે ડૂમો ભરાઈ જવાથી એ થોડીવાર અટકી ગયો. થોડીવાર પછી એણે કહ્યું, 'હું કાલે સવારે નોકરી પર હાજર થઈ જઈશ.'

'નહી!' જ્યોર્જે કહ્યું.

પછી પેલાના મોં પર મૂંઝવણના ભાવ જોઈને ખડખડાટ હસતાં એણે કહ્યું, 'કાલે નહી મારા ભાઈ! કાલે તો નાતાલની રજા છે. તારે પરમદિવસ સવારથી આવવાનું છે, સમજ્યો? હવે જલદી ઘરે જા!'

જ્યોર્જનો આભાર કાંઈ કેટલાય અસ્પષ્ટ વાક્યોમાં માનતો એ યુવાન ગયો. જ્યોર્જ એને બહાર ડ્રાઈવ-વે સુધી મૂકવા ગયો.

'હાશ!' બોલીને જ્યોર્જ પોતાની કેબિનમાં પાછો ફર્યો. અંદર આવતાં જ એ ચમકી ગયો. પેલો લઘરવઘર અને ભિખારી જેવો લાગતો માણસ હીટરની બાજુમાં ત્યાં જ બેઠો હતો જ્યાં જ્યોર્જે એને શરૂઆતમાં બેસાડ્યો હતો.

'અરે તું અહી કેવી રીતે? તું ક્યાંય જતો રહ્યો હતો?' જ્યોર્જે પૂછ્યું.

'ક્યાંય નહી!' પેલાએ જવાબ આપ્યો, 'હું તો અહી જ હતો!'

એના જવાબથી મૂંઝવણમાં પડી ગયેલો જ્યોર્જ બીજો એકપણ સવાલ પૂછે એ પહેલા જ પેલાએ જ્યોર્જને સવાલ કર્યો, 'તમે એવું કહેલું કે હવે તમે ક્રિસમસ નથી ઉજવતાં, બરોબર? હું પૂછી શકું કે એવું કેમ?'

'અરે! કોણ હવે એ ક્રિસમસ-ટ્રી લગાડે, કોણ એ લાઈટ ફિટિંગ, એ શણગાર, રંગરોગાન વગેરે કરે? કોણ હવે કૂકીઝ બનાવે? કોણ કરે એ બધું? માર્થા હતી ત્યારે એ બધું કરતી. માર્થા વિના એની મજા પણ શું? એના ગયા પછી બધું સાવ ફિક્કું લાગે છે. એવું લાગે છે કે મારી આખી દુનિયા જ એ એની સાથે લઈ ગઈ છે. એટલે જ હવે હું ક્રિસમસ નથી ઉજવતો.' બોલતાં બોલતાં જ્યોર્જ જાણે કે કોઈ બીજી જ દુનિયામાં ખોવાઈ ગયો હોય એવું લાગતું હતું.

'સાવ ખોટું!' પેલો ભિખારી જેવો લાગતો માણસ એની જગ્યાએથી ઊઠીને જ્યોર્જની પાસે આવતા બોલ્યો.

જ્યોર્જને એના શબ્દોથી નવાઈ લાગી.

'જ્યોર્જ! તું સાવ ખોટું બોલે છે! કોણે કહ્યું તું ક્રિસમસ નથી ઉજવતો?' જ્યોર્જની નજીક આવી એના ખભા પર હાથ મૂકીને એ ભિખારી બોલ્યો, 'હું તો કહું છું કે કદાચ આ શહેરમાં આજે સૌથી સુંદર અને સરસ રીતે ક્રિસમસ તો તેં એકે જ ઉજવી છે!'

'એ કઈ રીતે?' મૂંઝાઈને જ્યોર્જે પૂછ્યું. પેલાએ અચાનક પોતાને 'સર' કહેવાની જગ્યાએ 'તું' કહીને વાત શરૂ કરી દીધી છે એ જ્યોર્જના ધ્યાનમાં જ નહોતું આવ્યું.

'જો!' પેલાએ વાત આગળ વધારી, 'તેં આજે મને ભૂખ્યાને તારી પાસે હતું એ બધું જ ખાવા અને પીવા આપી દીધું. પ્રસૂતિની પીડા અનુભવી રહેલી સ્ત્રી અને એના પતિની તકલીફ જાણીને કાંઈ પણ ઓળખાણ વગર એને તારો ટ્રક આપી દીધો. અરે! બદલાની કોઈ અપેક્ષા વિના એની કારમાં નવા ટાયર ફીટ કરી દીધા. તને ખબર પણ નહી હોય કે એ સ્ત્રીએ એક દીકરાને જન્મ આપ્યો છે, જે મોટો થઈને ડોક્ટર બનવાનો છે અને આજુબાજુના ગામડાઓના હજારો દર્દીઓની જિંદગી બચાવવાનો છે. જે પોલીસ-ઓફિસરને તેં મદદ કરી છે એ આવતા વરસે થનારા આતંકવાદીઓના હુમલા વખતે ૧૯ લોકોની જિંદગી બચાવશે. અને હમણાં જે યુવાનને તે નોકરીએ રાખ્યો અને ઘણી બધી ભેટ આપી એ આવતા થોડા વરસમાં આ વિસ્તારનો સૌથી મોટો અમીર બની જશે અને સેંકડો ગરીબોને પોતાની દોલતમાંથી મદદ કરશે. આટલું બધું સરસ કામ કર્યું હોવા છતાં તું એમ કહે છે કે તું ક્રિસમસ નથી ઉજવતો? અરે ભલા આદમી! ક્રિસમસની આનાથી વધારે સારી ઉજવણી બીજી કઈ હોય?'

જ્યોર્જ ફરી એકવાર મૂંઝાઈ ગયો અને બાઘાની માફક એણે પૂછ્યું, 'પણ ભાઈ! તને આ બધી ખબર કઈ રીતે પડી ગઈ?'

'અમુક માણસોની છઠ્ઠી ઇન્દ્રિય જાગૃત થઈ ગઈ હોય છે એવું તેં સાંભળ્યું છે ખરું?' એને જ્યોર્જને સવાલ કર્યો.

જ્યોર્જે માથું હલાવીને 'હા' પાડી.

પેલાએ વાત આગળ વધારતા કહ્યું, 'મારું પણ એવું જ ગણી લે! મને અમુક ઘટનાઓની અગાઉથી જ ખબર પડી જાય છે. જ્યોર્જ! તું મારો વિશ્વાસ કરજે અને હવે હું તને જે કહું તે બરાબર સાંભળજે. માર્થા તારી રાહ જોઈ રહી છે. એ તને છોડીને તો ગઈ છે, પરંતુ એ તારી બેસબરીથી રાહ જુએ છે. આ દુનિયામાં તારા દિવસો પૂરા થશે પછી તું એને ચોક્કસ મળી શકીશ. તું ખરેખર ખૂબ ભલો માણસ છો.'

એટલું કહી એ લઘરવઘર કપડાંવાળો માણસ દરવાજા તરફ આગળ વધ્યો. જ્યોર્જને એ માણસ સાથે વધારે વાત કરવાની ઈચ્છા હતી. એણે કહ્યું, 'અરે ભાઈ! તારી વાતો ખૂબ મજાની છે. તું ઘડીક રોકાઈ જાને! હું આમેય આ સાંજે ક્યાંય જવાનો નથી. તું રોકાય તો આપણે બંને વાતો કરીએ.'

'નહી જ્યોર્જ! આજે તો મારે મારા ઘરે જવું પડશે. મારા ઘરે આજે એક ખૂબ મોટા અને ભવ્ય પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં મારી હાજરી અત્યંત જરૂરી છે!'

જ્યોર્જ ફરીથી ગૂંચવાઈને બોલ્યો, 'અરે! ભાઈ મને આજે ખરેખર તારી વાતથી ખૂબ ગૂંચવાડો થાય છે. હું એ જ સમજી શકતો નથી કે તારી જેવા લઘરવઘર માણસના ઘરે ભવ્ય પ્રસંગનું આયોજન કેવી રીતે શક્ય બને? અને એ એવો તો કેવો પ્રસંગ હોય કે તારી હાજરી અત્યંત જરૂરી બની જાય?'

દરવાજા સુધી પહોંચી ગયેલો પેલો માણસ ખડખડાટ હસી પડ્યો. પછી એ જ્યોર્જ સામે ફર્યો. જ્યોર્જના આશ્ચર્ય વચ્ચે એના લઘરવઘર કપડાં હવે એકદમ સફેદ રંગનાં, રેશમનાં હોય એવાં નવા-નક્કોર અને ચમકતાં બની ગયાં હતાં. એના માથા અને મોઢા પર સૂર્ય જેવું તેજ દેખાતું હતું. આખી કેબિનમાં સોનેરી રંગનો દિવ્ય પ્રકાશ પથરાઈ ગયો હતો. મંદ-મંદ હસતાં એ બોલ્યો, 'અરે જ્યોર્જ! ગાંડિયા! ભૂલી ગયો? આવતી કાલે નાતાલ છે, મારો જનમદિવસ! મારા ઘરે એની જ ઉજવણીનો પ્રસંગ છે. ચાલ હવે હું જાઉં! મેરી ક્રિસમસ!'

આંસુભરી આંખે અને ડૂમાભર્યા અવાજે જ્યોર્જ માંડ માંડ બોલ્યો, 'મેરી ક્રિસમસ!'

***

9. હારનો સામનો કરવો એ અગત્યનું છે!

ગિલ્બર્ટ નામનો આઠ વરસનો એક છોકરો એની નિશાળમાં કબ-સ્કાઉટ નામની પ્રવૃત્તિનો સભ્ય હતો. એક વખત આવા સ્કાઉટ બાળકો માટે એક કાર રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. અલબત્ત! એ સાચી કારની સ્પર્ધા નહોતી, પરંતુ દરેક સ્કાઉટે જાતે બનાવેલ કારની રેસ હતી.

એ રેસ માટે આયોજકોએ કાર-કીટ (કાર બનાવવાની સામગ્રી) ભાગ લેનાર દરેક બાળકને પૂરી પાડેલી. ચાર પૈડાં અને અન્ય પ્રાથમિક યાંત્રિક સામગ્રી એ કીટમાં સામેલ હતી, પરંતુ કારનો ઢાંચો દરેક બાળકે પોતાની જાતે લાકડામાંથી બનાવવાનો હતો. એ કઈ રીતે બનાવવો એ અંગેની સચિત્ર પુસ્તિકા (Instruction Manual) દરેક સ્કાઉટને આપવામાં આવી હતી. બાળકોને પોતાનાં માબાપની મદદ લેવી જ એવું ખાસ જણાવવામાં આવ્યું હતું.

ગિલ્બર્ટ ભારે હૈયે બધો સામાન લઈને ઘરે આવ્યો. ઘર સુધી પહોંચતા એની આંખોમાં આંસુ આવી ગયાં. એના પિતાજી અવસાન પામ્યા હતા. એનો દરેક ભાઈબંધ પોતાના પિતાની મદદથી કાર બનાવવાની વાત કરતો હતો, પણ પોતાને કોણ મદદ કરશે એ વિચારથી ગિલ્બર્ટનું હૃદય વલોવાઈ જતું હતું. આ બધા વિચારોમાં અને વિચારોમાં એ ઘર સુધી તો માંડ પહોંચ્યો.

ઘરે પહોંચીને એણે પોતાની માને બધી વાત કરી. એનો રડમસ ચહેરો જોઇને એની મા બોલી, 'અરે! મારા દીકરા! તું આમ હિંમત કેમ હારી જાય છે? હું બેઠી છું ને! હું તને મદદ કરીશ. અને જોજે, આપણે મા-દીકરો થઈને એવી સરસ કાર બનાવીશું કે બધાં જોતાં રહી જશે! આટલી એવી વાતમાં તું ગભરાય છે શું કામ?'

'ખરેખર મા?' ગિલ્બર્ટે ખુશ થઈને પૂછ્યું.

'ચોક્કસ બેટા! લાવ મને તારું ઇન્સ્ટ્રક્શન મેન્યુઅલ જોવા દે!' એટલું કહીને એની માએ કાર કેમ બનાવવી એ ધ્યાનથી વાંચવાનું શરૂ કર્યું. કાર બનાવવામાં સુથારીકામના અનુભવની ખાસ્સી જરૂર પડે એમ હતી. ગિલ્બર્ટની મા પાસે તો આવો કોઈ અનુભવ નહોતો. છતાં મા-દીકરાએ મહેનત શરુ કરી. હથોડી, કરવત તેમજ સુથારીકામના અન્ય સાધનોની મદદથી તેમજ થોડા દિવસની સખત મહેનત પછી બંને જણાએ કાર જેવો ઢાંચો બનાવી નાખ્યો. ત્યારબાદ વુડ-પોલિશની મદદથી એને ચળકતો બનાવી દીધો. એ પછી બાકી બધા પૂર્જા જોડીને એ લોકોએ કારને આખરી ઓપ આપી દીધો. જોકે એમની કાર એવી કાંઈ અફલાતૂન નહોતી લાગતી, પરંતુ મા-દીકરાથી જેટલી સરસ બની શકે એટલી સરસ બનાવવાની એમણે કોશિશ જરૂર કરી હતી.

રેસનો દિવસ આવી પહોંચ્યો. બધા સ્કાઉટ પોતપોતાની કાર લઈને મેદાનમાં પહોંચી ગયા. દરેક બાળકના પિતાએ ખૂબ મહેનત કરી હતી એવું એમની કાર જોતાં જ લાગતું હતું. એમની સૌની સુંદર લાગતી કારની વચ્ચે ઊભેલી ગિલ્બર્ટની કાર જાણે સુંદર બંગલાઓની હારમાળા વચ્ચે કોઈ ગરીબની ઝૂંપડી ઊભી હોય એવી લાગતી હતી. બધા છોકરાં એની મશ્કરી કરવા લાગ્યા. ગિલ્બર્ટ ઢીલો પડી ગયો. આ બધું જોઈને એની મા ગ્રાઉન્ડ પર ગઈ. ગિલ્બર્ટના માથે હાથ ફેરવીને એ બોલી, 'બેટા! જરાય ઢીલો નહીં પડતો. આ કાર રેસ છે. આમાં કાર કેવી દેખાય છે એના પર નહીં, પરંતુ કેવી ચાલે છે એના પર પરિણામનો આધાર હોય છે. તું એને બરાબર ચલાવવા પર ધ્યાન આપજે. ઓલ ધ બેસ્ટ માય સન!'

માના આવા શબ્દોથી ગિલ્બર્ટને ફરીથી હિંમત આવી ગઈ. એ સ્પર્ધા માટે તૈયાર થઈ ગયો.

સ્પર્ધા બબ્બે જણા વચ્ચે હતી. બેમાંથી જે પહેલું આવે એણે બીજા ગ્રુપનાં પ્રથમ નંબર આવેલ સ્પર્ધક જોડે સ્પર્ધામાં ઊતરવાનું હતું. બધાની નવાઈ વચ્ચે ગિલ્બર્ટ સેમિફાઈનલ સુધી પહોંચી ગયો. કોઈને પણ વિશ્વાસ નહોતો આવતો, પણ એ હકીકત હતી. હવે એને ફક્ત એક જ પ્રતિસ્પર્ધી સાથે હરીફાઈ કરીને ફાઈનલ મેચ જીતવાની બાકી હતી.

ફાઈનલ માટે ગિલ્બર્ટ અને એનો હરીફ પોતપોતાની કાર લઈને સ્પર્ધા માટેની લાઈન પર ઊભા રહી ગયા. રેફરી મેચ શરૂ કરવાની સીટી મારે એ પહેલાં ગિલ્બર્ટ દોડીને એમની પાસે પહોંચ્યો અને ખૂબ આદરપૂર્વક વિનંતી કરી, 'અંકલ! મને થોડો સમય આપશો, પ્લીઝ? હું પ્રાર્થના કરવા માંગું છું.'

રેફરીને નવાઈ લાગી. હસવું પણ આવ્યું. છતાં એમણે 'હા' પાડી. પોતાની કાર પાસે ઊભા રહીને નેવું સેકંડ સુધી ગિલ્બર્ટે આંખ બંધ કરીને પ્રાર્થના કરી. પછી ઘૂંટણિયે પડ્યો. એ પછી એણે રેફરીને ઈશારો કર્યો કે પોતે હવે તૈયાર છે.

રેફરીએ વ્હીસલ મારી. રેસ શરૂ થઈ. અને ફાઈનલમાં પણ ગિલ્બર્ટ જ પ્રથમ આવ્યો. એની અને એની માતાની ખુશીનો કોઈ પાર રહ્યો નહીં. બંનેએ આકાશ સામે જોઇને ભગવાનનો આભાર માન્યો. ગિલ્બર્ટે પોતાના સ્વર્ગવાસી પિતાનો પણ આભાર માન્યો.

એ પછી ઈનામોની વહેંચણી થઇ. ગિલ્બર્ટને પ્રમાણપત્ર અને મેડલ આપતી વેળાએ સ્કાઉટ-માસ્ટરે એને પૂછ્યું, 'કેમ ગિલ્બર્ટ! આ રેસ જિતાડી આપવા માટે તેં ભગવાનને પ્રાર્થના કરેલી ખરુંને? અને જોયું, ભગવાને તારું સાંભળ્યું પણ ખરું! એણે તને આ રેસ જિતાડી આપી! બોલ, તેં આવી જ પ્રાર્થના કરેલીને?'

'ના સર! મેં એવી રેસ જિતાડી આપવાની પ્રાર્થના કરી જ નહોતી! એ તો બરાબર ન કહેવાય. રેસમાં ઊતર્યા પહેલાં ભગવાન પાસે એવું માંગવું એ તો ખોટું જ કહેવાય. એનાથી તો મારા હરીફને અન્યાય થયો ગણાય. એવી પ્રાર્થના તો હું કરું જ નહી. અને મેં એવી પ્રાર્થના કરી પણ નહોતી!' આઠ વરસના એ બાળકે જવાબ આપ્યો.

'તો પછી?' સ્કાઉટ-માસ્ટરને એના જવાબથી નવાઈ લાગી હતી, 'તો તેં પ્રાર્થના શા માટે કરી હતી?'

'મેં ભગવાનને કહ્યું હતું કે કદાચ હું હારી જાઉં તો હિંમતથી એ પરિસ્થિતિનો સામનો કરી શકું એવી મને શક્તિ આપજે,' ગિલ્બર્ટે કહ્યું, 'હું જાણતો હતો કે મારે મારી શક્તિના સહારે જીતવાનું હતું. પણ હાર-જીત કાંઈ નક્કી થોડી હોય? એટલે કદાચ હું હારું તો એ વખતે રડી ન પડું, બસ, ભગવાન મને એટલો મજબૂત બનાવે એટલા માટે જ મેં એમને પ્રાર્થના કરેલી. જીતવા માટે નહી.'

સ્કાઉટ માસ્ટર આભા બનીને એને જોતા રહી ગયા. ગિલ્બર્ટના ચહેરા પર સચ્ચાઈનું તેજ હતું. એની માના ચહેરા પર આનંદ હતો અને આંખમાં ખુશીનાં આંસુ!

*

હારને, ખરાબ સંજોગોને કે નિષ્ફળતાઓને પચાવી શકીએ એવી શક્તિ આપણે કેટલી વાર ભગવાન પાસે માંગીએ છીએ? આપણે તો ફક્ત જીતની માંગણી જ કરતા હોઈએ છીએ. જો હાર પચાવવાની માંગણી કરીએ તો ખાતરીપૂર્વક કહી શકાય કે કદાચ એ આપણને હારવા જ ન દે!

***

10. સાંતા-ક્લોસની ભેટ!

અમેરિકાના વિસ્કોનસીનમાં આવેલ મે-ફેર મોલમાં નાતાલની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. લોકો માટે આ આનંદની સાથોસાથ ખરીદીનો સમય હતો. અને મોલ માટે નાતાલ એ ખૂબ વેપાર કરી લેવાનો વખત હતો. ભવ્ય રીતે શણગારેલા એ મોલમાં એ દિવસે લોકોની ખાસ્સી ભીડ હતી.

નાતાલના સમયે મોટાભાગના મોલમાં સાંતા-ક્લોસ ને રાખવાની પ્રથા છે. જે વ્યક્તિ સાંતા-ક્લોસ બનવા માગતી હોય એને મોલવાળા મહેનતાણું આપી દે એટલે એ વ્યક્તિ સાંતા-ક્લોસના કપડા પહેરી, એવો જ મેકઅપ કરીને સ્ટોરમાં નિયત જગ્યાએ ઊભી રહી જાય. મોલમાં ખરીદી કરવા આવતા લોકોના બાળકો એની જોડે રમે અને ગમ્મત કરે. સાંતા-ક્લોસ એમને નાનકડી ભેટ આપે. આ બધી પ્રવૃત્તિને કારણે બાળકો સચવાઈ જાય અને માબાપ નિરાંતે ખરીદી કરી શકે.

એ દિવસે પણ એક નાનકડો બાળક પોતાની દાદી જોડે મોલમાં આવ્યો હતો. સાંતા-ક્લોસને જોઇને એ ખુશ થઈ ગયો. દોડતો જઈને સાંતા-ક્લોસના ખોળામાં બેસી ગયો. બંનેએ ઘણી વાતો કરી. અચાનક એ બાળકે પોતાના ખિસ્સામાંથી એક ફોટો કાઢીને સાંતા-ક્લોસને બતાવ્યો.

સાંતાએ ફોટો જોઈને પૂછ્યું, 'અરે વાહ! આ તો ખૂબ રૂપાળી દીકરી છે! કોણ છે એ? તારી બહેન છે બેટા?'

'હા સાંતા! એ મારી મોટી બહેન સારાહ છે.' બાળકે જવાબ આપ્યો.

'ક્યાં છે એ?' સાંતાએ પૂછ્યું, 'એ જોડે આવી છે?'

'ના, એ વળી કઈ રીતે આવી શકે? એ તો ખૂબ માંદી છે,' બાળકે જવાબ દીધો, 'એને તો આવવું જ હતું! એ તો દર વરસે તમને મળવા આવે છે. પણ આ વખતે એ ખૂબ માંદી છે ને એટલે નથી આવી શકી. પણ સાંતા! એ તમને ખૂબ મિસ કરે છે!'

સાંતાએ બાળકની જોડે આવેલ એના દાદી સામે જોયું. દાદીની આંખોમાં આંસુ હતાં. બે ક્ષણ સાંતાના ચહેરા પર ગંભીર રેખાઓ આવી ગઈ. પણ એ બે જ ક્ષણ. એ પછી તરત જ એણે ખડખડાટ હસીને બાળક સાથે ગમ્મત કરવાનું શરૂ કરી દીધું. રમતાં રમતાં એણે બાળકને શું ભેટ જોઈએ છે એ પણ પૂછી લીધું.

બાળકને જવાનો સમય થયો એટલે દાદીએ બાળકનો હાથ પકડીને એને દરવાજા તરફ દોરવાનું શરૂ કર્યું. સાંતાએ જોયું કે દાદી કાંઇક કહેવા માંગતાં હતાં પણ કહી નહોતાં શકતાં. બે ઘડી વિચારીને એણે પોતાના આસિસ્ટન્ટ તરીકે કામ કરતા એક ઠિંગુજીને બોલાવ્યો. દાદીને ઊભા રહેવાનું કહી એણે બાળકને ઠિંગુજી જોડે

રમવા મોકલી દીધો. બાળક અને પેલો ઠિંગુજી રમતાં રમતાં દૂર ગયા એટલે સાંતાએ હળવેથી દાદીને પૂછ્યું, ' તમે મને કાંઈક કહેવા માંગતાં હતાં, પણ મને લાગે છે કે બોલી નથી શકતાં. જો વાંધો ન હોય તો તમે જે કહેવા માંગતાં હતાં તે કહેશો ખરા?'

દાદી સાંતાની સામે બેસતાં બોલ્યાં, 'તમે જેનો ફોટો જોયો એ દીકરી મારી પૌત્રી સારાહ છે. એને લ્યુકેમિયા એટલે કે લોહીનું કેન્સર(બ્લડ કેન્સર) થયું છે. હાલ એ હોસ્પિટલમાં મરણ-પથારીએ પડી છે. કેન્સર એનાં છેલ્લાં તબક્કામાં છે. એવું લાગે છે કે હવે બે-ચાર દિવસ તો માંડ કાઢી શકશે.' આટલું બોલતાં દાદીનો કંઠ રૂંધાઈ ગયો. એમનાથી એક હળવું ડૂસકું નંખાઈ ગયું.

'પ્લીઝ! તમે રડો નહી,' સાંતાએ કહ્યું, 'મને એ કહો કે આમાં હું કઈ રીતે મદદરૂપ થઈ શકું?'

'થેન્ક યૂ સાંતા! તમે અત્યંત કામમાં હો છો એ હું જાણું છું, પણ અમારા ઉપર એક ઉપકાર કરશો તો અમે સૌ હંમેશ માટે તમારા ઋણી રહીશું. આ એક-બે દિવસમાં જો તમને સમય મળે તો તમે મારી પૌત્રી સારાહને મળવા આવી શકો ખરા? આ વખતે એણે નાતાલની એક જ ઈચ્છા વ્યક્ત કરી છે – સાંતાને મળવાની. શું મરણપથારીએ પડેલી એ છોકરીની છેલ્લી ઈચ્છા તમે પૂરી કરી શકશો ખરા?'

સાંતાએ થોડીવાર વિચાર કર્યો. પછી કહ્યું, 'હું ખાતરી તો નથી આપતો પણ પ્રયત્ન જરૂર કરીશ. તમે તમારું નામ અને સરનામું, ઉપરાંત સારાહને કયા દવાખાનામાં રાખી છે એ બધી વિગત લખીને મારા આસિસ્ટન્ટને આપતા જજો.'

એનો દિલથી આભાર માનીને દાદીએ સાંતાએ કહેલી વિગતો એના આસિસ્ટન્ટને લખાવી દીધી. પછી ફરી એકવાર એનો આભાર માનીને પોતાના પૌત્ર સાથે દાદી ત્યાંથી રવાનાં થયાં.

એમને જતા જોઈને સાંતા વિચારમાં પડી ગયો. એને પણ એક નાની દીકરી હતી. 'જો મારી દીકરી કોઈ દવાખાનામાં આમ જ મરણપથારીએ પડી હોય તો?' એને વિચાર આવ્યો. ભયમિશ્રિત પીડાનું એક લખલખું એના શરીરમાંથી પસાર થઈ ગયું.

કામ પત્યાં પછી સાંતાએ પોતાના આસિસ્ટન્ટ રીક પાસેથી દાદીએ લખાવેલી વિગત માંગી. પછી એણે એ હોસ્પિટલ સુધી કઈ રીતે જવું એ અંગે એને જ પૂછી લીધું અને હોસ્પિટલ શું કામ જવું છે એ પણ જણાવ્યું. સારાહ વિશે સાંભળીને રીક પણ ઢીલો થઈ ગયો. સાંતાને હોસ્પિટલ પહોંચાડવાની જવાબદારી એણે પોતાનાં માથે લઈ લીધી કારણ કે એને શહેરની દરેક જગ્યા વિશે બરાબર ખબર હતી. બંને જણા હોસ્પિટલ પહોંચ્યા. રીક વેઇટિંગ રૂમમાં બેઠો. સારાહ જેવડી નાની દીકરીને મરણપથારીએ પડેલી જોવાની એનામાં હિંમત નહોતી.

સાંતા સારાહની રૂમ સુધી પહોંચ્યો. અધખુલ્લા બારણામાંથી એણે અંદર જોયું. એક અત્યંત ફિક્કી અને કૃશ થઈ ગયેલી છોકરી ખાટલા પર સૂતી હતી. એ સારાહ જ હોવી જોઈએ એવું એણે માની લીધું કારણ કે પેલા દાદીમાં અને નાનકડો છોકરો એની બાજુમાં ઊભાં હતાં. રૂમમાં અન્ય માણસો પણ બેઠા હતા. બધા ખૂબ ગંભીરતાપૂર્વક ધીમેથી વાતો કરતા હતા. સારાહના ઓશીકા પાસે બેસીને એના વાળ સરખા કરી રહેલી સ્ત્રી સારાહની માતા જ હોવી જોઈએ એવું પણ એણે મનોમન ધારી લીધું. સારાહની માતા અને દાદી વારંવાર પોતાની આંખો લૂછતાં હતાં. થોડી ગુસપુસને બાદ કરતા રૂમમાં સ્મશાનવત્ શાંતિ ફેલાયેલી હતી.

સાંતાને થોડી મૂંઝવણ થઈ આવી. એ રૂમનાં એવાં ગંભીર વાતાવરણમાં એણે જોરથી હસતાં-હસતાં દાખલ થવાનું હતું કારણ કે તો જ સારાહને સાંતા આવ્યાનો અહેસાસ થઈ શકે. બે ક્ષણ એને એવું લાગ્યું કે એ કામ અશક્ય છે. એને ખાતરી હતી કે એવું કર્યા વિના છૂટકો પણ નહોતો. છતાં એના પગ પાછા પડતા હતા. છેવટે એણે બે ચાર ઊંડા શ્વાસ લીધા અને મનને મજબૂત કર્યું.

'હો!..હો!..હો!..હો!' સાંતા-ક્લૉસ ની સ્ટાઇલમાં જોર-જોરથી હસતો એ સારાહના રૂમમાં દાખલ થયો.

'સાંતા!' સારાહે બૂમ પાડી. બધાને નવાઈ લાગી. એ ક્ષણ સુધી સાવ લાકડાની માફક ખાટલામાં સૂતેલી સારાહમાં જાણે કે નવી ચેતના પ્રગટી! કેટલાય દિવસથી એમ જ સૂતેલી એ છોકરી નવા જોશ સાથે બેઠી થઈ ગઈ. સાંતાએ દોડીને એને બાથમાં ભરી લીધી. એના માથા પર હાથ ફેરવ્યો. કેન્સરની દવાઓની આડ અસરને લીધે સારાહના માથા પરથી મોટાભાગના વાળ જતા રહ્યા હતા. ઠેક-ઠેકાણે ટાલ પડી ગઈ હતી. એ સાવ નંખાઈ ગઈ હતી. એની ચામડી પર ઘણી જગ્યાએ લાલ ચકામા ઉપસી આવ્યા હતા. એની આવી દશા જોઈને સાંતાને ડૂમો ભરાઈ આવ્યો. પણ પોતાની ઉદાસી એ બાળકીને વધારે ભાંગી નાખશે એ વાતની એને બરાબર જાણ હતી. આંસુઓને બળપૂર્વક પાછા ધકેલીને હસતા મોઢે એણે સારાહ સાથે વાતો કરવાનું શરૂ કર્યું. ઘણા દિવસ પછી બોલવા લાગેલી સારાહ પણ જાણે કે પાછળના બધા મૂંગા મોઢે પસાર કરેલા દિવસોનું સાટું વાળતી હોય એમ પેટ ભરીને વાતો કરવા માંડી. એના ઘરનાં બધાં સભ્યો તો સારાહમાં આવેલા આવા ચમત્કારિક ફેરફારથી આશ્ચર્યચકિત બની ગયા હતા. સારાહે સાંતાને ઘણા સવાલો પૂછ્યા. ઉપરાંત પોતાને કયા કયા રમકડાં જોઈએ છે એ પણ કહ્યું.

'સારાહ! બેટા! તું ફરિશ્તાઓમાં માને છે ખરી?' સાંતાએ પૂછ્યું.

'હા સાંતા! ચોક્કસ માનું છું!' સારાહે ઉત્સાહ સાથે કહ્યું.

'તો હું અત્યારે તારા ગાર્ડિયન-એન્જલ (ધ્યાન રાખવાવાળા ફરિશ્તા)ને કહું છું કે આજથી એ તારી તબિયતનું ધ્યાન રાખવાનું શરૂ કરી દ્યે. હવે તને સાવ સારું કરવાની જવાબદારી એની, બરાબર?' એટલું કહી, પોતાનો એક હાથ સારાહના માથા પર મૂકીને સાંતાએ પોતાની આંખો બંધ કરી. મનમાં ને મનમાં એણે ઈશ્વરને ખૂબ આજીજી કરી કે એ સારાહને સાજી કરી આપે. આટલી પ્રાર્થના કરતી વખતે એના મનમાં કરુણાનો એક આવેગ આવ્યો. બે ક્ષણ તો એને એવું લાગ્યું કે જાણે પોતે ખરેખર સાવ સાચ્ચો સાંતા-ક્લોસ છે અને બધા ફરિશ્તાઓ એને સાંભળી રહ્યા છે! એણે ફરિશ્તાઓને પણ મનોમન વિનંતી કરી. પ્રાર્થના પૂરી કરીને એને ધીમે અવાજે ગાવાનું શરૂ કર્યું, -

'રાત એકદમ શાંત છે, પવિત્ર આ આકાશ છે!

ચહુદિશ ફેલાયો પ્રેમ છે, પવિત્ર આ પ્રકાશ છે!'

એ ધીમે ધીમે ગાતો હતો. એની બંધ આંખોમાંથી આંસુ સરતાં હતાં. રૂમમાં હાજર સભ્યોએ પણ ધીમા અવાજે એની સાથે ગાવાનું શરૂ કરી દીધું. બધાને નવાઈ એ લાગી કે સારાહ પણ સૌની સાથે ગાવામાં જોડાઈ હતી. ક્ષણભર તો સૌને એવું લાગ્યું કે જાણે ઈશ્વરીય ચેતનાનું એ ઓરડામાં અવતરણ થઈ રહ્યું હતું.

ગીત પૂરું થયું. રૂમમાં એક પવિત્ર શાંતિ છવાઈ ગઈ. સાંતાએ આંખો ખોલી. પછી સારાહના હાથ પોતાના હાથમાં લઈને પૂછ્યું, 'સારાહ! બેટા! તારે હવે એક કામ કરવાનું છે, કરીશ?'

'ચોક્કસ કરીશ, સાંતા! બોલો, મારે શું કરવાનું છે?

'આજથી તારે સાજા થવાનું નક્કી કરવાનું છે. દરેક પળે તારે એવું વિચારવાનું છે કે તું વધારે ને વધારે સારી થઈ રહી છે. દરેક દિવસે એવું વિચારવાનું કે ગઈકાલ કરતા આજે તારી તબિયત વધારે સારી બની છે. આવતા ઉનાળાના વેકેશનમાં તારે તારા મિત્રો સાથે હિલ-સ્ટેશન પર ફરવા જવાનું છે. આવતી નાતાલ વખતે હું તારા ઘરે નહી આવું, પરંતુ તારે મે-ફેર મોલ આવવાનું છે. બોલ, આટલું કરી શકીશ?'

સારાહે સસ્મિત 'હા' પાડી. સાંતાને ખૂબ ખુશી થઈ. કેન્સરના છેલ્લા સ્ટેજના દર્દી પાસે આવી બધી વાતો કરવી એ અતિશયોક્તિ છે એની એને ખબર હતી. એ પોતે ખોટું બોલી રહ્યો હતો એનો પણ એને ખ્યાલ હતો. પણ એ સમયે એ સાંતા-ક્લોસ હતો. એણે દરેક બાળકને કાંઈક ભેટ તો આપવાની જ હોય. એ ક્ષણે એ સારાહને નવી આશાની ભેટ આપી રહ્યો હતો. સારાહે 'હા' પાડી પછી એના માથે એક વહાલભરી પપ્પી કરીને એ ઝડપથી રૂમમાંથી નીકળી ગયો. સારાહનું આખું કુટુંબ

એનો આભાર માનવા માંગતું હતું, પરંતુ એ તો ઝડપથી દોડીને વેઇટિંગ રૂમમાં રાહ જોઈ રહેલા પોતાના આસિસ્ટન્ટ રીક પાસે પહોંચીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

સારાહની માતા અને દાદી એની પાછળ પાછળ દોડતાં ત્યાં આવ્યાં અને એનો દિલથી આભાર માન્યો. દાદીએ કહ્યું કે, 'તમે આજે જે કર્યું એની કલ્પના પણ થઈ શકે એમ નથી. ઘણા દિવસ પછી અમે સારાહને આજે હસતા જોઈ છે. અમે નથી જાણતા કે તમે આ બધું આટલું સરસ કઈ રીતે કરી અને કહી શક્યા, પણ એટલું તો જરૂર કહીશું કે અમે હંમેશ માટે તમારા ઋણી બની ગયાં છીએ. માય ગોડ! તમે આટલા ઇમોશનલ કઈ રીતે થઈ શક્યા?'

'મારી પોતાની દીકરી પણ આવડી જ છે. સારાહ જેવડી. આખો વખત મને એ જ દેખાતી હતી. બસ, પછી તો બધું આપોઆપ થતું ગયું!' ભીની આંખો લૂછતાં એ એટલું જ બોલી શક્યો. એ પછી એ અને રીક પાછા ફર્યા.

*

એક વરસ પછી ફરીથી નાતાલના તહેવારો આવી પહોંચ્યા. સાંતા-ક્લોસ ફરી એકવાર મે-ફેર મોલમાં કામે લાગી ગયો હતો.

એક સાંજે જ્યારે એ નાનકડાં બાળકોને રમાડવામાં અને અવનવી ભેટો આપવામાં મશગૂલ થઈ ગયો હતો. એ જ વખતે એક નાનકડી બાળકીએ એનો હાથ પકડીને પૂછ્યું, 'હાય સાંતા! મને ઓળખી?'

'ચોક્કસ ઓળખી, જેની! તું મજામાં તો છો ને?' સાંતાએ કહ્યું. હકીકતમાં સાંતાનો એક નિયમ હતો. એ ક્યારેય કોઈ બાળકને એવું લાગવા ન દે કે એ એને ભૂલી ગયો છે. એવું લાગે તો બાળકના કોમળ મનને ધક્કો પહોંચે.

'નાં! હું જેની નથી! બસ! મને તમે આટલી જલદી ભૂલી ગયા? યાદ છે તમે મને ગઈ નાતાલમાં હોસ્પિટલમાં મળવા આવ્યા હતા? યાદ આવ્યું?' બાળકીએ યાદ દેવડાવવાની કોશિશ કરી.

' ઓહ માય ગોડ! સારાહ ! ખરુંને? તું સારાહ જ છોને?' સાંતાથી જોરથી બૂમ પડાઈ ગઈ. એની આંખોમાં આંસુ ધસી આવ્યાં. એને પોતાની આંખો પર વિશ્વાસ જ નહોતો આવતો. એ માની જ નહોતો શકતો કે આગલા વરસે દવાખાનાના બિછાને પડેલું હાડપિંજર આજે આવું ગોળમટોળ બની જઈ શકે! ઠેકઠેકાણે ટાલ પડી ગયેલા માથાની જગ્યાએ લાંબા, રેશમી અને ભરચક વાળથી ભરેલું માથું જોઈ કોઇપણને વિશ્વાસ ન જ આવે કે આ એ જ સારાહ છે. એણે સારાહને તેડી લીધી. સારાહની સામે જ વહેતા આંસુઓને એ દિવસે એણે રોક્યા નહીં, વહેવા દીધાં. સારાહના દાદી અને ઘરનાં અન્ય સભ્યો પણ ત્યાં ઊભા રહીને આંસું લૂછી રહ્યાં હતાં.

'સાંતા! આ તમારો જ ચમત્કાર છે,' સારાહનાં દાદી બોલ્યાં, 'બાકી ડોક્ટરોએ તો હાથ ખંખેરી જ નાખ્યા હતા અને અમે બધાએ આશા છોડી જ દીધી હતી.'

સાંતાએ જવાબ ન આપ્યો. સારાહને એમ જ તેડેલી રાખીને એણે આકાશ સામે જોયું પછી ભગવાનને ઉદ્દેશીને એ મનમાં ને મનમાં જ બોલ્યો, 'હે ઈશ્વર! હું તો બધાને નાતાલની નાની-મોટી ક્ષુલ્લક ભેટો જ આપું છું, પણ તેં તો મને મારી જિંદગીની આ અદ્દભુત ભેટ આપી દીધી. મારી આપેલી 'આશા – hope' નામની ભેટની તું આ હદે લાજ રાખીશ એની તો મને કલ્પના પણ નહોતી. મારા માલિક, તારો ખૂબ ખૂબ આભાર, અને હા! મેરી ક્રિસમસ !'

***

11. છૂટાછેડા (ડિવોર્સ)

નીગ નામનાં વ્યક્તિના લગ્નનો એ પ્રથમ દિવસ હતો. એમની કાર જ્યારે નવદંપતીને ઉતારવા એમના ઘર સામે પહોંચી ત્યારે નીગના મિત્રોએ એને યાદ દેવડાવ્યું કે એમનાં રિવાજ મુજબ નવવિવાહિત જોડું જયારે પહેલી વખત ઘરે પહોંચે ત્યારે પતિએ પત્નીને પોતાના હાથમાં ઊંચકીને બેડરૂમ સુધીલઈ જવાની હોય છે. નીગે એમ જ કર્યું. ખૂબ પ્રેમ અને કાળજીપૂર્વક એણે પોતાની પત્નીને બંને હાથોમાં ઉપાડી અને ભાઈબંધ દોસ્તારોના આનંદભર્યા શોરબકોર વચ્ચે એને પોતાના બેડરૂમ સુધીલઈ ગયો. એમની સહિયારી જિંદગીનો એ પ્રથમ દિવસ હતો.

એ પછી તો દિવસો પસાર થતા ગયા. એમને ત્યાં એક દીકરાનો જન્મ થયો. નીગે પોતાનો બિઝનેસ શરૂ કર્યો. એની પત્નીએ પોતાની સરકારી નોકરી ચાલુ રાખી. વરસો પણ વીતતાં ચાલ્યાં. દીકરો મોટો થતાં એને બોર્ડિંગ-સ્કૂલમાં મૂકવામાં આવ્યો. ઘરમાં ધીમે ધીમે પૈસો વધતો ચાલ્યો, પરંતુ સામે દાંપત્યજીવનનો ઉમળકો ઘટતો ચાલ્યો. એમનાં લગ્નને દસ વરસ વીતી ગયાં. બેઉની જિંદગી જાણે એક નિત્યક્રમમાં બંધાઈ ગઈ હતી. નક્કી સમયે ઊઠવું, તૈયાર થવું, કામે જવું, સાંજે થાકીને આવવું, જમીને સૂઈ જવું, બસ, એમની જિંદગી આવી સાવ બીબાંઢાળ બની ગઈ હતી.

એ સમયગાળામાં જ ડ્યુ નામની એક યુવતીએ નીગનાં જીવનમાં પ્રવેશ કર્યો. પોતે પોતાની પત્નીને છેતરી રહ્યો છે એ ખબર હોવા છતાં નીગ એ સંબંધમાં આગળ વધતો ગયો. ધીમે ધીમે એ બંને આ સંબંધમાં ઘણાં આગળ વધી ગયાં. નીગે ડ્યુ માટે એક ફ્લેટ ખરીદી લીધો.

એક દિવસ ડ્યુએ એને કહ્યું, ‘તારે હવે તારી પત્નીને જાણ કરી દેવી જોઈએ.’

‘હું પણ એ જ વિચાર કરું છું,’ નીગ બોલ્યો, ‘પણ વાત કઈ રીતે રજૂ કરવી એ જ નથી સમજાતું.’

‘એમાં વળી શું? હિંમત કરીને ધડાક દઈને કહી દેવાનું. એક દિવસ તો કહેવાનું જ છે ને? અને એણે પણ એક દિવસ આ સત્યનો સામનો કરવાનો જ છે ને?’ ડ્યુએ કહ્યું.

‘હમ.મ.મ.મ…! આજે વાત કરવાની કોશિશ કરીશ.’ નીગે કહ્યું.

એ રાત્રે નીગ ઘરે પહોંચ્યો ત્યારે એની પત્ની ડિનર તૈયાર કરી રહી હતી. જોડે જોડે એ મોજથી કોઈ ગીત ગણગણી રહી હતી. એને આટલા સરસ મૂડમાં જોઈને એને કાંઈ પણ કહેવાની નીગની હિંમત જ ન ચાલી. એણે ફક્ત જાણે કે મસ્તી કરતો

હોય એમ કહ્યું, 'સ્વિટહાર્ટ! ધારી લે કે આવતી કાલે આપણે છૂટાછેડા લેવાના હોય તો તું શું કરે?'

એની પત્નીએ આંખમાં અત્યંત પ્રેમના ભાવ સાથે જવાબ આપ્યો, 'નીગ! તારા જેવો પ્રેમાળ પતિ મળ્યો હોય એ સ્ત્રીના મગજમાં આવો વિચાર પણ કઈ રીતે આવે? હું તો એવું સપનામાં પણ વિચારી ન શકું!'

એનો આવો જવાબ સાંભળીને આગળ કાંઈ પણ બોલવાની નીગની હિંમત જ ન ચાલી. એ ચૂપ જ રહ્યો.

બીજા દિવસે નીગની પત્ની કોઈ કામસર નીગની ઓફિસે ગઈ. એ દિવસે પ્રથમ વખત એ સ્ત્રીને ત્યાનું વાતાવરણ કાંઈક જુદું જ લાગ્યું. એને ઓફિસના બધા માણસો જાણે એની દયા ખાઈ રહ્યા હોય એમ એની સામે જોતા લાગ્યા. કોઈ કશું બોલ્યું નહી તેમ છતાં કાંઈક તો અજુગતું બન્યું જ છે એવું તો એને સતત લાગ્યા કર્યું. થોડીવાર ઓફિસમાં રહ્યાં પછી એને ગૂંગળામણ થવા લાગી. એ તુરંત ઘરે પાછી આવી ગઈ.

એ સાંજે ડ્યુએ નીગને છૂટાછેડાલઈ લેવા માટે ભારપૂર્વક કહ્યું. નીગ પણ એના પ્રેમમાં ગળાડૂબ હતો. એણે મન મક્કમ કરી લીધું. ઘરે ગયો ત્યારે કોઈ પણ જાતની લાગણી પોતાને ઢીલી ન પાડી દે એના માટે મનને તૈયાર કરી દીધું.

એ સાંજે જમીને પછી નીગે પોતાની પત્નીને છૂટાછેડા માટે કહી જ દીધું.

નીગ સિવાય ક્યારેય અન્ય કોઈ પુરુષનો વિચાર પણ ન કરનાર એ સ્ત્રીને એની વાતથી ભયંકર આઘાત લાગ્યો. એ ખૂબ રડી, બરાડા પાડ્યા, વસ્તુઓના ઘા કર્યા. પછી જયારે એનો ક્રોધાવેશ થોડો ઓછો થયો ત્યારે રડતાં રડતાં એ બોલી, 'કેમ નીગ? આટલાં વરસે તને આ શું સૂઝ્યું? મારા તરફથી એવી કઈ ભૂલ થઈ ગઈ કે તારે આમ એકદમ મારાથી છૂટા પડવું છે?'

નીગ કાંઈ બોલી ન શક્યો. પોતાની પત્નીની એક પણ ભૂલ એ ન બતાવી શક્યો. પોતે ડ્યુ નામની છોકરી સાથે પ્રેમમાં પડ્યો છે એટલે છૂટાછેડા જોઈએ છે એવું એણે કબૂલવું જ પડ્યું. એ પછી એ આખી રાત દરમિયાન પતિ-પત્ની વચ્ચે કોઈ વાત ન થઈ. નીગ સૂઈ ગયો, પણ એની પત્ની આખી રાત રડતી બેસી રહી.

બીજા દિવસે નીગે એની પત્નીને ડિવોર્સ પેપર્સ-છૂટાછેડાના કાગળો બતાવ્યા. એણે એ ઘર પોતાની પત્નીનાં નામે કરી દીધું હતું. ઉપરાંત, પોતાની કંપનીનાં ૩૦% શેર એના નામે કર્યા હતા. એની પત્નીએ એ કાગળ ધ્યાનથી વાંચ્યા અને પછી ફાડીને ફેંકી દીધા. બંને કાંઈ બોલ્યા નહી. નીગ ચૂપચાપ પોતાના કામે જવા નીકળી ગયો.

એ રાત્રે નીગ સૂવા પડ્યો ત્યારે એની પત્ની બેઠી હતી. સવારે એ ઊઠ્યો ત્યારે પણ એ એમ જ બેઠી હતી. થોડી વાર પછી એણે કાગળ અને પેન ઉપાડ્યા અને કાંઈક લખવા લાગી. નીગ તૈયાર થઈને આવ્યો ત્યારે એણે કાંઈ પણ બોલ્યા વિના એ કાગળ નીગને આપ્યો. નીગે કાગળ પર નજર નાખી. એમાં લખ્યું હતું કે એને નીગ પાસેથી ઘર, પૈસા, કંપનીના શેર કે અન્ય કાંઈ સંપત્તિ નહોતી જોઈતી. બસ, બીજા દિવસે એમનો દીકરો વેકેશન નિમિત્તે ઘરે આવી રહ્યો હતો, દીકરાને એમના છૂટાછેડા અંગે ખબર ન પડે એટલા માટે એ લોકો એક મહિનો વધારે જોડે રહે એવી એણે માંગણી કરી હતી. બાળકને પોતાના માતા-પિતાને છૂટાં પડતાં જોવાનો વારો ન આવે એટલા માટે એણે એક મહિનો જેમ ચાલતું હતું એમ જ ચાલવા દેવા માટે વિનંતી કરી હતી.

નીગને નવાઈ લાગી. બે દિવસમાં પહેલી વખત એણે પત્નીની સામે બરાબર જોયું અને પૂછ્યું, 'બસ! આટલી જ માંગણી? ઓકે! હું એક મહિનો રાહ જોવા તૈયાર છું. બોલ, બીજું કાંઈ?'

એની પત્ની થોડીક ખંચકાઈ, પછી બોલી, 'એક નાનકડી માંગણી છે નીગ, પૂરી કરી શકીશ?'

નીગે હા પાડતાં કહ્યું, 'ચોક્કસ, બોલ, શું છે?'

'યાદ છે તને નીગ? લગ્નના પ્રથમ દિવસે તું મને તારા બંને હાથમાં ઉપાડીને બેડરૂમ સુધી લઈ ગયો હતો? બસ! એ જ રીતે તારે રોજ સવારે મને આપણા બેડરૂમથી બહારના દરવાજા સુધી ઊંચકીને લઈ જવાની. ફક્ત આ એક મહિના માટે જ. જેથી આપણા દીકરાને એ અહીંયા રહે ત્યાં સુધી પોતાનાં મમ્મી-પપ્પા એકબીજાને ખૂબ પ્રેમ કરે છે એવું લાગે. બોલ, આટલું કરી શકીશ?'

નીગે હા પાડી. એને એમ થયું કે એક મહિનાનો જ સવાલ છે ને? એ તો આમ પસાર થઈ જશે.

એ દિવસે એણે ડ્યુને આ વાત કરી. આવી વિચિત્ર માંગણી વિષે સાંભળીને ડ્યુ ખડખડાટ હસી પડી. પછી અભિમાનથી બોલી, 'ભલે બિચારી પોતાના જૂના દિવસોની રોમાન્ટિક યાદોને મમળાવી લેતી! પછી તો એને છૂટાછેડાના કડવા સત્યનો સામનો કરવાનો જ છે ને? કાંઈ વાંધો નહી. એક મહિનો રાહ જોવામાં મને કોઈ વાંધો નથી.'

ખબર નહી પણ શું કામ, નીગને પહેલી વાર ડ્યુના અભિમાનથી છલકાતા શબ્દો જરાય ન ગમ્યા. પણ એ કાંઈ બોલ્યો નહી.

બીજા દિવસે નીગે લગ્નના પ્રથમ દિવસ પછી પહેલી વાર પોતાની પત્નીને પોતાના બંને હાથમાં જે રીતે ઊંચકેલી બસ, એમ જ ઉપાડીને એ બેડરૂમથી બેઠક-ખંડ પાર કરીને પ્રવેશદ્વાર સુધી લઈ ગયો. એણે એને જયારે પ્રવેશદ્વાર પાસે ઉતારી ત્યારે એમનો દીકરો આ દૃશ્ય જોઇને ખુશીનો માર્યો તાળીઓ પાડવા લાગ્યો. નીગને ઘણા વખત પછી કાંઈક અલગ અનુભૂતિ થઈ. પણ એ બધું અવગણીને પોતાની ઓફિસે જવા નીકળી ગયો.

બીજો દિવસ, ત્રીજો દિવસ એમ દિવસો પસાર થવા લાગ્યા. નીગને પોતાના છૂટાછેડાના નિર્ણય માટે વિચાર થવા માંડ્યો. એકબીજા સાથે પૂરતો સમય ન ગાળવાથી પતિ-પત્ની વચ્ચે અંતર વધ્યું હોઈ શકે એવું એક સત્ય ધીમે-ધીમે એને સમજાવા માંડ્યું હતું. એને પોતાની પત્ની માટે મનના એક ખૂણામાં પુષ્કળ પ્રેમ ધરબાઈને પડ્યો છે એ વાતની પ્રતીતિ થવા માંડી હતી. એને એવું પણ સમજાઈ રહ્યું હતું કે ખરેખર તો બંને જણાએ એકમેક સાથે સમય ગાળવાની જ જરૂર હતી!

છઠ્ઠા દિવસે નીગે જ્યારે પોતાની પત્નીને ઉપાડી ત્યારે એ નીગની આંખમાં આંખ પરોવીને બોલી, ‘જુઓ! તમારાં ઈસ્ત્રી કરેલાં કપડાં ફલાણા ડ્રોઅરમાં રાખીએ છીએ. મોજાં અને ટાઇ ટીવી ઉપરનાં ખાનામાં હોય છે. તમારા સૂટ ડ્રાયક્લીન થઈને આવે પછી મોટા કબાટમાં જ રખાય છે. આ બધું ધ્યાનમાં રાખજો એટલે મારાં ગયાં પછી તકલીફ ન પડે,’

આટલું કહીને એ નીગ સામે હસી. નીગ પણ એની સામે જોઈને હસ્યો. એ થોડીક દૂબળી પડી ગઈ હોય એવું લાગતું હતું. કદાચ આ બધી ચિંતાઓ અને છૂટા પડવાના વિચારોના કારણે પણ હોઈ શકે એવું નીગે ધારી લીધું.

આઠમા દિવસે નીગને લગભગ ખાતરી થઈ ગઈ કે એની પત્નીનું વજન ઘણું ઘટી ગયું હતું. એને લાગ્યું કે હવે બેડરૂમથી મુખ્ય દરવાજા સુધી જવાનું ઉત્તરોત્તર સહેલું થતું જાય છે. એ એને ખૂબ સરળતાથી દરવાજા સુધી લઈ જઈ શકતો હતો. એમનો દીકરો પણ હવે આ દૃશ્ય જોવા માટે વહેલો ઊઠી જતો હતો. એને તો મમ્મી-પપ્પાનો પ્રેમ (!) જોવાની મજા પડી જતી હતી.

એમ કરતાં મહિનો પૂરો થવા આવ્યો. નીગનો દીકરો હોસ્ટેલમાં પાછો જતો રહ્યો. એના પછીનો દિવસ એમનો જોડે રહેવાનો અંતિમ દિવસ હતો. છેલ્લા દિવસે નીગે એની પત્નીને ઊંચકી ત્યારે એ એને સાવ જ નંખાઈ ગયેલી લાગી. એ સાવ હાડપિંજર જેવી બની ગઈ હતી. ત્રીસ દિવસના ઘનિષ્ઠ સંપર્કથી નીગના મનમાં એની પત્ની માટેની જૂની લાગણીઓ ફરીથી જાગૃત થઈ ગઈ હોય એવું નીગને એ દિવસે પહેલી વાર લાગ્યું. પોતાના કારણે પોતાની પત્નીની જે દશા થઈ હતી એ જોઈને એને પોતાને પહેલી વાર દુઃખ થયું. નીગે અત્યંત પ્રેમથી એની સામે જોયું. એ જ વખતે એ

બોલી, 'મને એવું હતું નીગ કે તું મને હંમેશાં ખૂબ પ્રેમ કરતો રહે. મેં કાયમ એવું માગ્યું હતું કે તું મને મારા છેલ્લા દિવસ સુધી અને છેલ્લા દિવસે પણ આમ જ ઉપાડે. અને બસ, આમ જ આપણી લાગણીઓ જળવાઈ રહે.' એટલું બોલતા જ એ હાંફી ગઈ. એને તાવ હોય એવું પણ લાગતું હતું.

એ ત્રીસ દિવસમાં પ્રથમવાર નીગે એને કોઈપણ જાતની નફરત વગર કહ્યું, 'કદાચ આપણે આપણાં પોતાનામાં જ એવાં વ્યસ્ત બની ગયાં હતાં કે એકબીજાનો ખ્યાલ રાખવાનું ભૂલી જ ગયાં હતાં. જિંદગીમાં કામ જ બધું નથી હોતું, એકબીજાનું સાન્નિધ્ય પણ એટલું જ જરૂરી હોય છે. મને આજે સમજાય છે કે આપણે એકબીજાનો સાથ જ ઝંખતાં હતાં. આજે હું તને ફરી એકવાર કહું છું કે હું તને ખૂબ ચાહું છું.'

એની પત્નીનાં મો પર આનંદની રેખાઓ અંકિત થઈ ગઈ.

પોતાના ઘરેથી નીગ સીધો જ ડ્યુના ઘરે પહોંચ્યો. ડ્યુએ હર્ષભેર બારણું ખોલ્યું અને નીગને અંદર આવવા કહ્યું. પણ નીગ ત્યાં જ ઊભો રહ્યો. અંદર ન ગયો. ડ્યુને એના આવા વર્તનથી નવાઈ લાગી. આશંકિત અવાજે એણે પૂછ્યું, 'કેમ નીગ! બધું બરાબર તો છે ને?'

નીગે ઉંબરામાં જ ઊભા રહીને કહ્યું, 'ના ડ્યુ! હવે કાંઈ જ બરાબર નથી રહ્યું. ભંગાણનાં આરે પહોંચી ગયેલું અમારું લગ્નજીવન ફરી એકવાર સાચા પાટે ચડવા લાગ્યું છે. એકબીજાંથી દૂર પોતાની દુનિયામાં જ રહેવાથી અમે કદાચ છૂટા પડવાની હદ સુધી પહોંચી ગયા હતા. તારા તરફ હું એના કારણે જ આકર્ષાયો હોઉં એવું પણ બની શકે. પરંતુ આ એક મહિનામાં મને ખાતરી થઈ ગઈ છે કે અંતરનાં ઊંડાણથી હું મારી પત્નીને જ પ્રેમ કરું છું અને કરતો જ રહીશ. માટે આજે હું તારી માફી માંગવા આવ્યો છું. મને માફ કરી દે ડ્યુ! મને લાગે છે કે હું તને પત્ની તરીકે ક્યારેય નહી સ્વીકારી શકું ને મારી પત્નીને ક્યારેય નહી છોડી શકું.'

ડ્યુની આંખમાં આંસુ ધસી આવ્યાં. નીગના ગાલ પર એણે એક જોરદાર તમાચો ઝીંકી દીધો. પછી પોતાના ફ્લેટનું બારણું ધડામ કરતુ બંધ કરી દીધું.

સણસણતો તમાચો પડ્યો હોવા છતાં નીગ હળવાશ અનુભવતો હતો. ઓફિસે જતી વખતે રસ્તામાં આવતી ફૂલોની દુકાનમાં એ ગયો. સેલ્સગર્લને એણે પોતાની પત્નીને સૌથી વધારે ગમતાં ફૂલોનો એક સરસ બૂકે બનાવવાનું કહ્યું. સેલ્સગર્લે એને જ્યારે બૂકે સાથે શો સંદેશો લખવાનો છે એવું પૂછ્યું ત્યારે નીગે કહ્યું, 'એમ લખો કે "મારી જિંદગીનાં છેલ્લા શ્વાસ સુધી હું તને ફૂલની જેમ જ મારા હાથોમાં રાખીશ!"'

સેલ્સગર્લ જ્યારે બૂકે પર સંદેશો લખતી હતી, ત્યારે નીગ હળવેથી પોતાની આંખો લૂછતો હતો.

*

જિંદગી અને સંબંધોને સમૃદ્ધ બનાવવામાં નાની નાની જણાતી બાબતોનો જ બહુ મોટો ફાળો હોય છે. આલીશાન ઘર, અદ્યતન કાર કે તગડાં બેંક બેલેન્સ કરતા પણ એકબીજાને ફાળવેલો સમય જ સંબંધોને સાંચવવામાં વધુ ઉપયોગી નીવડતો હોય છે.

***

12. ગુલાબનાં ફૂલ

પરદેશની વાત છે.

ભારે હૃદયે એક સ્ત્રી ત્યાંના એક ડીપાર્ટમેન્ટલ સ્ટોરમાં દાખલ થઈ. ખરીદી કરવા માટે એ હજુ આગળ વધે એ પહેલા જ કેશ-કાઉન્ટર પાસે એના પગ અટકી ગયા. એની આંખોમાં આંસુ ધસી આવ્યાં. સાત જ દિવસ પહેલા ગુજરી ગયેલો એનો પતિ એને યાદ આવી ગયો. પહેલા જ્યારે પણ એ લોકો આ સ્ટોરમાં ખરીદી કરવા આવતા ત્યારે ખરીદી પતાવ્યા પછી એ અને એનો પતિ કેશ-કાઉન્ટર પાસે પહોંચતાં ત્યારે એનો પતિ હંમેશાં એવું કહેતો કે ‘હું હમણાં આવું’ અને પછી સ્ટોરમાં પાછો જતો રહેતો. જોકે એ ક્યાં ગયો હશે એની એ સ્ત્રીને હંમેશાં જાણ જ હોય. એ પાછો ફરે ત્યારે અચૂકપણે એના હાથમાં ગુલાબના સૌથી સુંદર ગુલાબી ફૂલો હોય જ! એના પતિને ખબર હતી કે એને ગુલાબનાં ફૂલ ખૂબ ગમતાં હતાં. અને એ ક્રમ ક્યારેય પણ તૂટ્યા વગર વરસો સુધી એમ જ ચાલ્યો હતો.

એ ઊભી રહી ગઈ. હવે તો એનો પતિ આ દુનિયામાં જ નહોતો રહ્યો. એને થયું કે એ અદ્ ભુત ક્ષણો ફરીથી ક્યારેય નહી આવે. આ કેશ-કાઉન્ટર પાસે હવે એ ઘટના ક્યારેય ફરીથી નહી બને એ વાત શારડીની માફક એના હૃદયમાં ફરતી હતી. એની બંને આંખોમાંથી આંસુની ધાર ચાલી. જૂના દિવસોના વિચારોમાં એ સંપૂર્ણપણે ખોવાઈ ગઈ હતી. થોડો સમય એમ જ પસાર થઈ ગયો.

આવતા-જતા લોકોનું ધ્યાન પોતાના પર પડવા લાગ્યું છે એ બાબતથી સચેત થઈને એણે પોતાના આંસુ લૂછી નાખ્યાં અને આગળ વધી ગઈ. સ્ટોરમાં ફરીને પોતાની જોઈતી વસ્તુઓ શોધતાં શોધતાં એ નોનવેજ સેક્શનમાં પહોંચી. નજીકના ઘોડામાં જ એણે ટી-બોન(એક નોનવેજ આઈટમ)નાં પેકેટ જોયાં. ફરી એકવાર એ વિચારોમાં ખોવાઈ ગઈ. કારણ કે ટી-બોન એના પતિને ખૂબ જ ભાવતી વાનગી હતી. એણે ટી-બોનનું પેકેટ લેવાનું વિચાર્યું. થોડીવાર વિચારોમાં જ ટી-બોનના પેકેટને જોતી એ ઊભી રહી.

બરાબર એ જ વખતે એની બાજુમાં, લીલા રંગનો આકર્ષક ડ્રેસ પહેરેલી એક યુવતી આવીને ઊભી રહી ગઈ. એણે પણ આવતાવેંત પેલું ટી-બોનનું પેકેટ ઉપાડ્યું અને બાસ્કેટમાં મૂક્યું. પણ અચાનક એની નજર પેકેટ પર છાપેલી કિંમત પર પડી. એ થોડીક ખંચકાઈ. થોડોક વિચાર કરીને એણે એ પેકેટ બાસ્કેટમાંથી કાઢીને એની મૂળ જગ્યાએ ઘોડામાં મૂકી દીધું. મૂકતી વખતે એનું ધ્યાન આ સ્ત્રી પર પડ્યું. બંને સામસામે જોઈને હસ્યાં. લીલા ડ્રેસવાળી યુવતી થોડા ક્ષોભ સાથે બોલી, ‘મારા પતિને ટી-બોન ખૂબ જ ભાવે છે. પણ એનો ભાવ જોઈને એ ખરીદવાની મારી હિંમત જ નથી ચાલતી!’

આ સ્ત્રીએ સહેજ ભીના અવાજે કહ્યું, 'બહેન! મારો પતિ સાત દિવસ પહેલા ગુજરી ગયો છે. એને પણ આ ટી-બોન ખૂબ ભાવતી ચીજ હતી. આજે હવે એ જ નથી રહ્યો. જો મારો પતિ ફરી એક વાર પણ મારી સાથે ભોજન લેવા પાછો આવે તો હું આની જે છાપેલી કિંમત છે એનાથી પચાસગણા પૈસા વધારે આપવા તૈયાર છું. જો આર્થિક મુશ્કેલી વધારે ન હોય તો હું તને એક વણમાગી સલાહ આપું છું બહેન! કે તું એ ખરીદી લે. અને ઈશ્વર જ્યાં સુધી તમને એકબીજાને જોડે રાખે ત્યાં સુધી મળતી દરેક ક્ષણને માણી લો. એકાદ જણ જતું રહે પછી તો ફક્ત 'આ કર્યું' અને 'આ ન કર્યું'નો અફસોસ જ રહેતો હોય છે.'

લીલા ડ્રેસવાળી યુવતી વિચારમાં પડી ગઈ. પછી આ સ્ત્રીની સામે હસીને ટી-બોનનું પેકેટ ફરીથી ઉઠાવીને પોતાની બાસ્કેટમાં મૂકીને આગળ વધી ગઈ. થોડુંક હસીને આ સ્ત્રીએ પણ પોતાની ખરીદીમાં મન પરોવ્યું.

બધી ખરીદી પતાવીને એ કેશ-કાઉન્ટર પાસે પહોંચી. ફરીથી એને એનો સ્વર્ગસ્થ પતિ યાદ આવી ગયો. એની આંખોમાં આંસુ આવવાની તૈયારીમાં જ હતા ત્યાં જ એની નજર ફરી એકવાર પેલી લીલા આકર્ષક ડ્રેસવાળી યુવતી પર પડી. એ જાણે એને જ શોધતી હોય એમ નજર મળતાં જ એ દોડતી એની પાસે આવી.

નજીક આવીને એ યુવતીએ પોતાની બાસ્કેટમાંથી ગુલાબનાં સૌથી સુંદર ગુલાબી ફૂલો બહાર કાઢ્યાં અને આ સ્ત્રીને આપતાં બોલી, 'આ ખાસ તમારા માટે જ છે. પ્લીઝ! ના નહી કહેતાં!' એટલું કહી, ગુલાબનાં ફૂલ એના હાથમાં પકડાવીને એ લગભગ દોડતી જ જતી રહી.

પેલી સ્ત્રી સ્તબ્ધ બનીને ત્યાં જ ઊભી રહી ગઈ. વરસો સુધી જે ઘટનાક્રમ એનો પતિ જ્યારે સાથે હોય ત્યારે બનતો, એ આજે એના ગયા પછી પણ જાણે કે એમ જ રિપિટ થઈ રહ્યો હતો. એના માન્યામાં જ નહોતું આવતું. એણે તો એવું જ માનેલું કે આવું હવે કોઈ દિવસ બનશે જ નહી. પેલી યુવતીને કેમ ખબર પડી હશે કે ગુલાબનાં આ જ ફૂલ એને ગમે છે? એને ખબર પડી હશે કે બસ એ બધું એમ જ યોગાનુયોગ જ ગણવાનું?

અચાનક એનાં મનમાં ઝબકારો થયો. એને લાગ્યું કે એ ત્યાં એકલી નહોતી! ગુલાબનાં ફૂલ પર હાથ ફેરવી, ઊંચે આકાશ તરફ જોઈને એ મનોમન બોલી, 'તમે મને નથી ભૂલ્યા એની ખાતરી કરાવો છો? થેન્ક યૂ માય ડિયર, મને આ ક્ષણોનો ફરીથી અનુભવ કરાવવા બદલ. થેન્ક યૂ વેરી મચ!'

આટલું બોલતાં એની આંખોમાંથી આંસુ સરી પડ્યા.

પછી જાણે એનો પતિ એનો હાથ પકડીને ત્યાં બાજુમાં જ ઊભો હોય એમ થોડીવાર એ પોતાની બંને આંખો બંધ કરીને ગુલાબનાં ફૂલ પર હાથ ફેરવતી ત્યાં જ ઊભી રહી ગઈ. બરાબર એ જ જગ્યાએ જ્યાં સ્ટોરમાં દાખલ થતી વખતે ઊભી રહી ગઈ હતી.

***

13. કચરો ભરેલા ટ્રકનો નિયમ!

એક માણસે સવારના પહોરમાં એરપોર્ટ જવા માટે ટેક્સી પકડી. ટેક્સી-ડ્રાઈવર એકદમ હસમુખો અને વિનમ્ર હતો. એણે આ માણસને ખૂબ આદરપૂર્વક આવકાર્યો. એ બેસી ગયો પછી ડ્રાઈવરે ટેક્સી શરુ કરી. એ લોકો હજુ તો થોડાક જ દૂર ગયા હશે ત્યાં જ અવળી સાઈડ(રોંગ સાઈડ)માંથી એક કાળા રંગની કાર લઈને એક માણસ ધસમસતો આવ્યો. ટેક્સીના ડ્રાઈવરે જોરદાર બ્રેક મારી. બંને ગાડી સહેજમાં અથડાતાં રહી ગઈ.

પોતે રોંગ સાઈડમાંથી આવતો હોવા છતાં, પોતાનો જ વાંક હોવા છતાં કાળી કારવાળા માણસે આ ટેક્સી ડ્રાઈવરને ખૂબ ગાળો આપી. ગમે તેમ બોલી ગયો. નિર્દોષ હોવા છતાં ટેક્સી-ડ્રાઈવર હસતાં મોઢે બધું સાંભળતો રહ્યો. કાંઇ જ બોલ્યો નહી. પેલાએ એને ઉશ્કેરવા ઘણા ખરાબ શબ્દો વાપર્યા. પણ ટેક્સી ડ્રાઈવરે પોતાનું ધૈર્ય ન ખોયું. એ ચૂપ જ રહ્યો. કોઈ પ્રતિક્રિયા ન મળતાં કંટાળીને એ બેદરકાર ડ્રાઈવર બબડતો-બબડતો જતો રહ્યો. આ બધી ધમાલ વચ્ચે પણ ટેક્સી ડ્રાઈવર એકદમ શાંતિથી જાણે કાંઈ જ ન બન્યું હોય એમ બેઠો રહ્યો. પેલા ઝઘડાળુના ગયા પછી એણે ટેક્સી સ્ટાર્ટ કરી.

આ બધું જોઈને જેણે ટેક્સી ભાડે કરી હતી એ માણસને ખૂબ નવાઈ લાગી. એનાથી રહેવાયું નહી. એણે પોતાના ટેક્સી-ડ્રાઈવરને પૂછી જ લીધું, 'અરે ભાઈ! તમારો વાંક નહોતો તો પછી તમે એને વળતો જવાબ આપીને ખખડાવી કેમ ન નાખ્યો? આપણી બ્રેક વાગવામાં જો બે જ ક્ષણનું મોડું થયું હોત તો તમારી ટેક્સી ભુક્કો થઈને ગેરેજમાં પહોંચી ગઈ હોત અને આપણે બંને હોસ્પિટલમાં! તમે આટલું બધું સાંભળી કેમ લીધું? તમને ગુસ્સો નથી આવતો? હું તમારી જગ્યાએ હોત તો ક્યારની પેલાને એનાથી પણ વધારે ચોપડાવી દીધી હોત!'

ટેક્સી-ડ્રાઈવર હસી પડ્યો. એને પુછાયેલા પ્રશ્નનો જવાબ આપવાના બદલે સામો પ્રશ્ન કર્યો, 'સાહેબ! તમને કચરો ભરેલા ટ્રકનો નિયમ ખબર છે?'

મુસાફરે ના પાડી.

ડ્રાઈવરે કહ્યું, 'સાહેબ! ઘણા માણસો કચરો ભરીને જતા ટ્રક જેવા હોય છે. એ લોકો કાયમ છલોછલ કચરો ભરીને જઈ રહેલા ટ્રકની જેમ જ આમથી તેમ ફરતા હોય છે. એ કચરાને આપણે હતાશા એટલે કે ફ્રસ્ટ્રેશન, ગુસ્સો, નિરાશા વગેરે નામ આપીશું. એમનો આ કચરો જ્યારે હદથી વધી જાય ત્યારે એ લોકો એને ક્યાંક ઠાલવવાની પેરવીમાં હોય છે, એમ કહો કે મોકો જ શોધતા હોય છે. એ લોકો એવું જ ઇચ્છતા હોય છે કે તમે એમનો આ કચરો સ્વીકારવાનું પાત્ર બનો. અને

આપણે અજાણતા જ એવું પાત્ર બની જતા હોઈએ છીએ. એવું શું કામ થવા દેવું? એના કરતાં તો હસીને એમને માર્ગ આપી દેવો એ વધારે સારું. મોટા ભાગે એવું બનતું હોય છે કે આપણે અજાણતા જ એનો આ કચરો સ્વીકારી લઈએ છીએ. પછી ઘરમાં, મિત્રોમાં કે આપણા કામનાં સ્થળે એ કચરો આપણે પણ ઠાલવતા રહીએ છીએ. ટૂંકમાં આપણે એમનો હાથો બની જઈએ છીએ. સાહેબ! એવા લોકો સાથે જીભાજોડી કરીને એમનો ગુસ્સો, ફ્રસ્ટ્રેશન વગેરે આપણી ઉપર લઈ લેવાનો કોઈ અર્થ ખરો? એટલે એવા કચરો ભરેલા ટ્રકને તો દૂરથી જ રસ્તો આપી દેવો. મારી દૃષ્ટિએ તો નિરાંતે જીવવાનો એ જ સાચો રસ્તો છે! કેમ સાહેબ! બરાબરને?'

એક સાવ સાદા માણસનાં મોઢે આવી અદભુત વાત સાંભળીને મુસાફર અવાક બની ગયો. એણે ફક્ત હકારમાં માથું હલાવ્યું.

*

જે લોકો પ્રેમથી બોલાવે એમની સાથે પ્રેમ અને આદરથી વર્તન કરવું જોઈએ. જે લોકો આપણી સાથે ખરાબ વર્તન કરે એમના માટે પ્રાર્થના કરવી જોઈએ.

*

'Life is ten percent what you make of it and ninety percent how you take it!'

'A moment of patience in a moment of anger can help you to avoid a thousand moments of sorrow!'

***

14. દેશના રક્ષકો માટે!

આ વાત અમેરિકાની છે.

એક વખત એક માણસ કેનેડા જવા માટે અમેરિકાથી ફ્લાઈટમાં ચડ્યો. વિમાન ઊપડવાની થોડી ક્ષણો પહેલાં દસ અમેરિકન સૈનિકો ફ્લાઈટમાં ચડ્યા. શિસ્તબદ્ધ રીતે સૈનિકો આ માણસની આજુબાજુની હરોળમાં ગોઠવાઈ ગયા.

પેલા માણસે પોતાની બાજુમાં બેઠેલા જવાન સાથે વાત શરૂ કરી, 'સોલ્જર! જોકે મારાથી પૂછી ન શકાય, પણ જો તમને વાંધો ન હોય તો હું જાણી શકું ખરો કે તમે સૌ કઈ બાજુ જઈ રહ્યા છો?'

'ઓહ! નથિંગ સિક્રેટ! એવું કાંઈ ખાનગી નથી. અમે પેતાવાવા, ઓન્ટારિયો જઈ રહ્યા છીએ. ત્યાં પંદર દિવસની ખાસ ટ્રેનિંગ પછી અમારે અફઘાનિસ્તાન જવાનું છે.'

એ પછી બંને વચ્ચે લગભગ એકાદ કલાક સુધી વાતો થતી રહી. ભોજન સર્વ કરવાનો સમય થયો એટલે વિમાનમાં જાહેરાત થઈ કે, 'જે વ્યક્તિને પેક-લંચ (ભોજન) લેવું હોય તે પાંચ ડૉલર (લગભગ ૩૦૦ રૂપિયા)માં ખરીદી શકે છે.'

ફ્લાઈટને પહોંચવામાં હજુ ખાસ્સો સમય બાકી હતો. એ માણસે પોતાના માટે પેક-લંચનો ઓર્ડર આપવાનું નક્કી કર્યું. એ જ વખતે પેલા સૈનિકોની અંદરોઅંદરની વાત એના કાને પડી.

એક સૈનિક એના સાથીઓને કહી રહ્યો હતો, 'પેક-લંચના પાંચ ડૉલર વધારે કહેવાય. અને આમ પણ આ ખર્ચ આપણા ભથ્થામાં સામેલ નથી. આપણે આ ખરીદી શકીએ એમ નથી. આપણે આપણા બેઝકેમ્પ પર પહોંચીને જ ભોજન લઈશું. અને એમ કર્યા વિના છૂટકો પણ નથી.'

એટલી વાત કરીને એમણે ભોજન ન લેવાનું નક્કી કરી નાખ્યું.

પેલો માણસ આ સાંભળીને વિચારમાં પડી ગયો. થોડીવાર પછી એ ઊભો થયો. વિમાનનાં પાછળના ભાગમાં જઈને ફ્લાઈટ એટેન્ડન્ટને મળ્યો. પોતાના પાકીટમાંથી પોતાના લંચની કિંમત ઉપરાંત બીજા પચાસ ડૉલર કાઢીને એને આપતા કહ્યું, 'લો આ પચાસ ડૉલર, મારા તરફથી પેલા દસેય સૈનિકોને પેક-લંચ સર્વ કરજો. આપણા દેશના રક્ષકોને મારા તરફથી આ નાનકડી ભેટ!'

એની આ વાત સાંભળીને ફ્લાઈટ એટેન્ડન્ટ એકદમ લાગણીશીલ બની ગઈ. એની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. એ માણસનો હાથ પકડીને એ લેડી બોલી,

'સર! થેન્ક યૂ વેરી મચ ફોર યોર કાઈન્ડ એક્શન. હું લાગણીશીલ એટલા માટે બની ગઈ છું કે અત્યારે મારો એકનો એક દીકરો ઈરાકમાં યુદ્ધમોરચે લડી રહ્યો છે. મને એવું લાગે છે કે જાણે તમે આ ભેટ એને આપી રહ્યા છો!'

એટલું કહીને આનંદ સાથે એ પેલા સૈનિકોને લંચ સર્વ કરવા જતી રહી.

ભોજન પત્યાં પછી એ માણસ જ્યારે રેસ્ટરૂમ તરફ જતો હતો ત્યારે એક વૃદ્ધ પેસેન્જરે એને ઊભો રાખ્યો. એના હાથમાં ૨૫ ડૉલર મૂકતા એ દાદા બોલ્યા, 'ભાઈ! તમે શું કર્યું એ મેં હમણાં જોયું. હું પણ અમેરિકન છું. અને આવાં ઉમદા કાર્યનો હિસ્સો બનવા માંગું છું. મને પણ મારા દેશ અને એના સૈનિકો માટે ખૂબ જ માન છે!'

એ માણસ હજુ તો પોતાની જગ્યાએ પાછો આવીને બેઠો જ હતો ત્યાં જ પાઈલટ બહાર આવ્યા. સીટ નંબર જોતા જોતા આ માણસની પાસે આવ્યા. એની સાથે હાથ મિલાવીને બોલ્યા, 'જેન્ટલમૅન! હું એરફોર્સમાં ટ્રેઈનિંગ પર હતો ત્યારે મારા માટે પણ કોઈએ આમ જ લંચ ખરીદેલું! એ વ્યક્તિને હું આજ સુધી નથી ભૂલી શક્યો. તમે આપણા દેશના જવાનો માટે જે કર્યું છે એના માટે હું તમારો આભાર માનું છું.'

ચાર હરોળ આગળ બેઠેલાં એક અન્ય વ્યક્તિએ આ માણસ પાસે આવીને એના હાથમાં બીજા ૨૫ ડૉલર મૂકી દીધા. વિમાને ઉતરાણ કર્યું એ વખતે વિમાનનાં દરવાજા પાસે ઊભેલી એક વ્યક્તિએ ચૂપચાપ આ માણસના ખિસ્સામાં બીજા ૨૫ ડૉલર મૂકી દીધા અને એક શબ્દ પણ બોલ્યા વિના એ ચાલતો થઈ ગયો.

ટર્મિનલના અરાઈવલ વિભાગમાં આ માણસ પહોંચ્યો ત્યારે એનાં ખિસ્સામાં ૭૫ ડૉલર ભેગા થઈ ગયા હતા. પોતે આપ્યા હતા પચાસ ડૉલર અને ભેગા થઈ ગયા હતા ૭૫ ડૉલર! એને બેચેની થવા માંડી. ત્યાં જ એનું ધ્યાન પેતાવાવાના મિલિટરી બેઝ તરફ જવા માટે તૈયાર થઈને વાનમાં બેસવાની તૈયાર કરી રહેલા પેલા સૈનિકો પર પડ્યું. એ દોડતો એમની પાસે ગયો. પોતાની પાસે જમા થયેલા ૭૫ ડોલર સૈનિકોને આપતા એ બોલ્યો, 'ફ્રેન્ડસ! હજુ તમારો બેઝ કેમ્પ ખૂબ દૂર છે. એ લાંબા રસ્તા પર ફરી ભૂખ લાગે ત્યારે સેન્ડવિચ વગેરે ખરીદવા આ કામ આવશે! પ્લીઝ! ના નહી પાડતા!'

એનું માન રાખવા સૈનિકો એ પૈસા સ્વીકારીને એક સાથે બોલ્યા, 'થેન્ક યૂ જેન્ટલમૅન! તમે જે કર્યું છે એ માટે તમારો આભાર!'

આ માણસ કાંઈક બોલવા ગયો. પણ બોલી જ ન શક્યો. એના ગળે ડૂમો ભરાઈ આવ્યો. એણે ફક્ત એમની સામે હાથ હલાવ્યો. ટર્મિનલ છોડતી વેળા એ મનમાં ને મનમાં એટલું જ બોલ્યો, 'અરે જવાનો! મેં વળી તમારા માટે શું કર્યું છે? બસ, એક પાંચ ડૉલરનું લંચ આપ્યું એ જ? તમે સૌ તો તમારી સમગ્ર જિંદગી અમારા રક્ષણ માટે

કુરબાન કરી દો છો. અને એ બધું જ અમારા ‘‘થેન્ક યૂ’’ની અપેક્ષા પણ રાખ્યા વિના! ધન્ય છે તમને. સલામ છે તમને!’

ભીની આંખે એણે પોતાની કાર સ્ટાર્ટ કરી. સૈનિકોની વાન પેતાવાવા જવા આગળ વધી.

*

જે દેશનાં દરેકે દરેક નાગરિકને પોતાના સૈનિકો માટે આટલું માન હોય એ લશ્કર કોઈ યુદ્ધ મોરચે પાછુ પડે ખરું? આપણે સુખેથી સૂઈ શકીએ એ માટે એ લોકો પોતાની ઊંઘ તો ઠીક, પોતાની જિંદગી પણ આપી દેતા હોય છે. એ જવામર્દ સૈનિકોને, એ નરબંકાઓને સો સો સલામ!

***

15. મદદનો બદલો

અમેરિકાનાં ફિલાડેલ્ફિઆમાં એક વરસાદી રાત્રે તેજ ફૂંકાતા પવન વચ્ચે એક ઘરડું દંપતી પોતાની કાર લઈને એક નાનકડી હોટેલમાં દાખલ થયું. પાર્કિંગથી લોબીમાં પહોંચતાં સુધીમાં એ લોકો ખાસ્સાં પલળી ગયાં. ઉંમર અને વરસાદી પવન બંનેને લીધે રિસેપ્શન સુધી જતામાં તો બંને દરૂજવા લાગ્યાં હતાં. રિસેપ્શન ટેબલ પાસે પહોંચીને પેલા વૃદ્ધ પુરુષે ડેસ્ક-ક્લાર્કને પૂછ્યું, 'આજની રાત પૂરતી એક રૂમ મળી શકશે ખરી?'

ક્લાર્કે એમની સામે જોયું, પછી ઘડિયાળ સામે જોયું. રાતનો એક વાગ્યો હતો. એના ચહેરા પર થોડીક મૂંઝવણની રેખાઓ આવી ગઈ. એનો ચહેરો કહેતો હતો કે હોટેલમાં એક પણ રૂમ ખાલી નહોતી. છતાં શક્ય તેટલા માયાળુ અવાજે અને હસતા ચહેરે એણે જવાબ આપ્યો, 'સોરી સર! મારે તમારી માફી માંગવી પડશે. આજે શહેરમાં મોટી મોટી ત્રણ કોન્ફરન્સ છે. અમારી બધી જ રૂમ અઠવાડિયા પહેલાં બૂક થઈ ગઈ છે. હાલમાં એક પણ રૂમ ખાલી નથી. આશા રાખું છું કે તમે મને માફ કરશો.'

દાદા-દાદીએ એકબીજા સામે જોયું. એટલી તોફાની રાતે હવે હાઇવે પર આગળ કઈ રીતે વધવું એની ચિંતા બંનેના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. દાદા લાચારીના ભાવ સાથે જરાક હસ્યા અને બોલ્યા, 'ઇટ્સ ઓલરાઈટ જેન્ટલમૅન!' પછી દાદા-દાદી બહાર જવા માટે પાછાં ફર્યાં.

બરાબર એ જ વખતે પેલો ડેસ્ક-ક્લાર્ક બોલ્યો, 'પરંતુ સર! તમારા જેવા સરસ દંપતીને આટલી તોફાની તેમજ વરસાદી રાતે અને અત્યારે આ સમયે પાછા મોકલતા મારો જીવ નથી ચાલતો. આજની મારી લાચારી ન હોત તો હું તમને ક્યારેય પાછા ન જવા દેત.'

'પણ જેન્ટલમૅન આમાં તમે પણ શું કરી શકો? તમારી પાસે એક પણ રૂમ ખાલી ન હોય એમાં તમારો શો વાંક ગણાય? આવી પરિસ્થિતિમાં મને તો તમારો કોઈ વાંક નથી દેખાતો!' દાદા બોલ્યા.

અચાનક ક્લાર્કના મગજમાં ચમકારો થયો. એ બોલ્યો, 'એક ઉપાય થઈ શકે, સર! જો વાંધો ન હોય તો તમે બંને જણ આજની રાત મારા રૂમમાં રહી જાઓ. એ સ્વિટ-રૂમ (સૂટ) નથી, પરંતુ ખાસ્સો સુવિધાજનક તો જરૂર છે. મારું માનવું છે કે એક રાત તો આપ જરૂર આરામથી રહી શકશો.'

'પરંતુ ભાઈ!' દાદા ખંચકાયા, 'પછી તમે શું કરશો?'

'અરે સર! મારે તો આજે નાઈટ-ડ્યુટી છે. મારે સૂવાનું તો છે જ નહી. એટલે હું આમેય એ રૂમનો ઉપયોગ કરવાનો નથી. તમે લોકો નિસ્સંકોચપણે મારા રૂમમાં રહી શકો છો.'

ક્લાર્કના આવા સૌહાર્દપૂર્ણ વ્યવહારથી દાદા-દાદી ખુશ થઈ ગયાં. એ રાત પૂરતું એ લોકોએ એના રૂમમાં ઊતરવાનું નક્કી કરી નાખ્યું.

સવારે બિલ ચૂકવતી વખતે દાદાએ અત્યંત આભારની લાગણી સાથે ડેસ્ક-ક્લાર્ક જોડે હાથ મિલાવતાં કહ્યું, 'ભાઈ! તમે એક એવી વ્યક્તિ છો કે જે કોઈ વૈભવશાળી હોટેલનાં મેનેજરનું પદ શોભાવી શકે. મારા મતે આવી નાનકડી હોટેલના ડેસ્ક-ક્લાર્ક તરીકે તમારી ક્ષમતા કરતાં તમે ઘણા નીચા પદ પર છો. કાંઈ વાંધો નહી. ગઈ કાલ રાતના તમારા સૌહાર્દપૂર્ણ વ્યવહારથી અમે બહુ ખુશ થયાં છીએ. મને થાય છે કે એકાદ દિવસ હું તમારા માટે એક અતિ વૈભવશાળી હોટેલ જરૂર બનાવીશ!'

એટલું કહી એ લોકો પોતાના રસ્તે આગળ વધી ગયા.

આ વાતને બે વરસ થઈ ગયા. ડેસ્ક-ક્લાર્કના મગજમાંથી તો આ વાત સંપૂર્ણપણે નીકળી પણ ગઈ હતી. એ અરસામાં પેલા દાદા તરફથી એને એક કાગળ મળ્યો. ક્લાર્કે નવાઈ સાથે કાગળ ખોલ્યો. એમાં એ રાતનાં તોફાનની, અવિરત પડેલા વરસાદની, ક્લાર્કે પોતાનો રૂમ આપીને કરેલા ઉપકારની વાતો લખી હતી. એ ઉપરાંત દાદા-દાદીએ એને ન્યૂયોર્ક જલદી આવી જવા માટે ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું. સાથે ન્યૂયોર્ક ની રિટર્ન ટિકિટ પણ સામેલ હતી.

આશ્ચર્ય સાથે એ ક્લાર્ક ન્યૂયોર્ક પહોંચ્યો. પેલા દાદા-દાદીને મળ્યો. દાદા અને દાદી એને ન્યૂયોર્ક ના ફિફ્થ એવેન્યુ તરીકે ઓળખાતા રસ્તાના ખૂણા પર પડતી તેંત્રીસ નંબરની શેરી સુધીલઈ ગયા. ત્યાં જઈ, એક આછા રતુંબડા રંગની તેર માળની ભવ્ય ઇમારત સામે આંગળી ચીંધીને દાદાએ કહ્યું, 'જો ભાઈ, આ હોટેલ સામે જો! આ વિશાળ હોટેલ મેં તારા માટે બનાવી છે. મેં તને કહ્યું હતું ને કે તું એક નાનકડી હોટેલના ક્લાર્ક તરીકે નહી, પરંતુ કોઈ વૈભવશાળી હોટેલના મેનેજર તરીકે જ શોભે, યાદ છે? હવે આ હોટેલના મેનેજરનું પદ તારે સાંભળવાનું છે! હવે તું જ એનો મેનેજર અને તું જ એનો બોસ!'

આ સાંભળીને પેલો ક્લાર્ક બિલકુલ બઘવાઈ ગયો. ઘડીક તો આ વાત એના માન્યામાં જ ન આવી. થોથવાતા અવાજે એ બોલ્યો, 'નહી સર! લાગે છે કે તમે મારી મશ્કરી કરી રહ્યા છો!'

'નહી મારા ભાઈ! હું સાવ સાચું જ કહું છું! તું જ હવેથી આ હોટેલનો સર્વેસર્વા મેનેજર અને બોસ છો! બસ, જલદીથી આવીને તારું કામ સંભાળી લે અને એ

કામને તારા ઉત્તમ વર્તનથી દીપાવ!' માયાળુ અવાજે અને સત્યના નક્કર રણકા સાથે દાદા બોલ્યા.

પેલો ક્લાર્ક કશું જ બોલી ન શક્યો. એને ગળે ડૂમો ભરાઈ ગયો. એણે દાદાના બંને હાથ પકડી લીધા. મૌનની એ ક્ષણોમાં કોઈ બોલતું નહોતું, પરંતુ બંનેને એકબીજાની વાત બરાબર સમજાતી હતી.

*

એ દાદાનું નામ હતું વિલિયમ વાલ્ડોર્ફ એસ્ટર અને એ ભવ્યાતિભવ્ય ફાઈવસ્ટાર હોટેલ હતી વાલ્ડોર્ફ એસ્ટોરિયા હોટેલ. પેલો યુવાન ક્લાર્ક જે વાલ્ડોર્ફ એસ્ટોરિયા હોટેલનો પ્રથમ મેનેજર બન્યો એનું નામ હતું જ્યોર્જ સી. બોલ્ટ.

ક્યારેક કોઈને નિસ્વાર્થ મદદ કરતી વેળાએ આપણે એના હૃદયને અજાણપણે જ સ્પર્શી જતા હોઈએ છીએ. અને કોના હૃદયને ક્યારે સ્પર્શી જઈશું એ આપણને ક્યાં ખબર હોય છે?

***

16. મદદ !

૧૯૮૮ની આ વાત છે.

મેરી એન્ડરસન નામની એક મહિલા અમેરિકાના મિયામી એરપોર્ટ પર નોર્વે જવાની ફ્લાઇટની ચેક-ઇન માટેની લાઈનમાં ઊભી હતી. એનાં લગ્નને થોડા દિવસ જ થયા હતા. લગ્ન પછી એનો પતિ નોર્વેમાં આવેલી પોતાની ઓફિસે કામ પર હાજર થઈ ગયો હતો. મેરી એને મળવા જ નોર્વે જઈ રહી હતી.

ચેક-ઇન માટેની લાઈન ધીમે-ધીમે આગળ વધી રહી હતી. જ્યારે મેરીનો વારો આવ્યો ત્યારે એણે પોતાનો સામાન વજન કરવા માટે મૂક્યો. કાઉન્ટર પર બેઠેલા ક્લાર્કે વજન નોંધીને કહ્યું, 'માફ કરજો મેમ! તમારા સામાનનું વજન નિયત લિમિટથી વધારે છે. તમે જો આ બંને સૂટકેસ લઈ જવા માંગતા હો તો ૧૦૩ ડૉલર(આશરે ૬૬૦૦ રૂપિયા)ની વધારાની ફી ભરવી પડશે.'

મેરીને ફાળ પડી. એની પાસે એટલા પૈસા તો હતા નહીં. એનો પતિ તો પહેલાથી જ નોર્વે પહોંચી ગયો હતો. ઉપરાંત મિયામીમાં એનું કોઈ સગુંવહાલું પણ નહોતું. મેરી ગભરાઈ ગઈ. એને અત્યંત લાચારી અને નિસહાયતાનો અનુભવ થવા લાગ્યો. નોર્વેમાં નવી જિંદગી શરૂ કરવા માટે જરૂરી ઘણી બધી ચીજ-વસ્તુઓ એ બંને સૂટકેસમાં ભરેલી હતી. વધારાની ફી જો એ ન ચૂકવી શકે તો નોર્વે પહોંચીને ખાસ્સી તકલીફ પડે એમ હતું. હવે શું થાય? કોઈ રસ્તો ન સૂઝતા એની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં.

'આઈ વિલ પે ફોર હર! – હું આ મેડમના પૈસા ચૂકવી દઈશ!' મેરીની પાછળથી એક માણસનો અવાજ આવ્યો. મેરીએ નવાઈ સાથે પાછળ જોયું. એની બરાબર પાછળ એક ઊંચો, પાતળો અને શ્યામરંગી માણસ ત્યાં ઊભો હતો. મેરીએ યાદ કરવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ એને એ પહેલાં એણે ક્યાંય જોયો હોય એવું એને યાદ ન આવ્યું. ખાખી પેન્ટ, સફેદ શર્ટ અને કથ્થાઈ રંગના બૂટ પહેરેલા એ માણસનો ચહેરો સાવ અજાણ્યો જ હતો. એ સજ્જને કોઈ પણ જાતનો ઉપકારભાવ દર્શાવ્યા વગર જ મેરી માટે ૧૦૩ ડૉલર ભરી દીધા.

પોતે હવે પોતાની બંને સૂટકેસ નોર્વે લઈ જઈ શકશે એ વિચારથી મેરી અત્યંત રાજી થઈ ગઈ. એણે વારંવાર પેલા માણસનો આભાર માન્યો. પછી એણે વિનંતી કરી કે, 'પ્લીઝ સર! જો તમે તમારું નામ અને સરનામું એક કાગળમાં લખી આપવાની મહેરબાની કરશો તો હું ઘરે જઈને તરત જ તમારા ૧૦૩ ડૉલર મોકલી આપીશ.'

પેલા માણસે પોતાનું નામ અને સરનામું એક ચિઠ્ઠીમાં લખીને મેરીને આપ્યું. એ વખતે જ મેરીના પ્લેનનું બોર્ડિંગ શરૂ થઈ ગયું. હવે એ માણસ સાથે વધારે વાત કરવાનો સમય નહોતો એટલે ઝડપથી એ ચિઠ્ઠી પોતાના પર્સમાં મૂકી, એનો ફરી એકવાર આભાર માની, એના તરફ હાથ હલાવીને મેરી પોતાના બૉર્ડિંગ ગેટ તરફ આગળ વધી.

એ માણસે પણ હાથ હલાવીને મેરીને ગૂડબાય કહ્યું.

પ્લેનમાં પોતાની સીટ પર બેસીને મેરીએ પેલાના નામ અને સરનામાંવાળી ચિઠ્ઠી કાઢી. એણે ધ્યાનથી એ નામ બે-ત્રણ વખત વાંચ્યું. નામ હતું, ''બરાક ઓબામા!''

*

૨૦ વરસ પછી મેરીએ ઓબામા માટે મતદાન કર્યું. એમના પ્રચાર ફંડ માટે ૧૦૦ ડૉલરનું દાન પણ કર્યું. પેલા ૧૦૩ ડૉલર તો એણે નોર્વે પહોંચ્યાના બીજા જ દિવસે મોકલી આપ્યા હતા. ૨૦૦૬માં મેરીનાં માતા-પિતાએ પોતાની પુત્રીને મદદ કરવા બદલ પ્રેસિડેન્ટ બરાક ઓબામાને પત્ર લખ્યો હતો.

એના જવાબરૂપે ચોથી મે, ૨૦૦૬ના રોજ પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ આપેલો જવાબ હતો: 'તમારા સુંદર પત્ર બદલ આભાર! મિયામી એરપોર્ટ પર એ વખતે જે બન્યું હતું એ યાદ કરાવવા બદલ પણ આભાર. મને ખુશી થાય છે કે હું એ વખતે તમારી પુત્રીને મદદ કરી શક્યો. અને તમારી દીકરી નોર્વેમાં સુખી છે એ વાતથી પણ મને ખૂબ આનંદ થાય છે. એને મારી શુભેચ્છાઓ પાઠવશો.

—— એ જ લિ. બરાક ઓબામા, યુનાઇટેડ સ્ટેટ્સ સેનેટર.'

*

જે માણસો જીવનમાં ખૂબ આગળ વધ્યા હોય છે એ એમ જ આગળ નીકળી નથી ગયા હોતા. નાનાં નાનાં સારા કાર્યોની કેડી કંડારતાં એ લોકો પોતાની અંતિમ મંઝિલ સુધી પહોંચતા હોય છે. પોતાના કાર્યો દ્વારા જ એ માણસો લોકોનાં મનમાં વસી જતા હોય છે.

***

17. તમે કોઈક બીજાને મદદ કરજો!

પરદેશની આ વાત છે. ડૉલર સ્ટોર તરીકે ઓળખાતા સ્ટોર્સની ત્યાં એક શૃંખલા(ચેઈન) છે. એવા જ એક ડૉલર સ્ટોરમાં એક માણસ કેન્ડી ખરીદવા ગયો હતો. કેન્ડી ખરીદીને પૈસા ચૂકવવાની લાઈનમાં એ ઊભો રહ્યો. એ જ લાઈનમાં એની આગળ એક યુવતી ઊભી હતી. એણે ખાસ્સો સામાન ખરીદ્યો હતો. એની સાથે એનાં બે નાનકડાં બાળકો પણ હતાં.

એ યુવતીનો વારો આવ્યો. બિલ ચૂકવવા એ આગળ વધી. લીધેલો સામાન કાઉન્ટર પરની ટ્રેમાં મૂકી એણે પોતાનું ક્રેડિટ કાર્ડ આપ્યું. કાઉન્ટર પર બેઠેલા ક્લાર્કે એ સ્વાઈપ કર્યું. પછી કાર્ડ પાછું આપતાં એ બોલ્યો, 'સોરી મેડમ! આ ક્રેડિટ કાર્ડ નહીં ચાલે. એમાં બેલેન્સ જ નથી!'

'પરંતુ,..' એ યુવતી થોડીક ખંચકાઈને બોલી, 'મેં હજુ ગઈકાલે જ એ એકાઉન્ટમાં પૈસા ભર્યા છે. એટલે એ ચાલવું જ જોઈએ. પ્લીઝ, ફરી એકવાર કોશિશ કરી જુઓને!' એના અવાજમાં રીતસર આજીજી હતી.

ક્લાર્કે ફરી એક-બે વખત કોશિશ કરી જોઈ. પણ એ કાર્ડ ન ચાલ્યું. એણે ફરી એક વખત કાર્ડ પાછું આપતાં કહ્યું, 'સોરી મેમ! નો બેલેન્સ જ બતાવે છે. કદાચ તમારું પેમેન્ટ હજુ ક્રેડિટ કાર્ડની કંપની સુધી નહીં પહોંચ્યું હોય. તમે એ કંપનીને કે અન્ય કોઈને ફોન કરવા માંગતા હો તો કરી શકો છો.'

પેલી યુવતી થોડીક ટેન્શનમાં આવી ગઈ. એણે પોતાનાં પર્સમાંથી મોબાઈલ કાઢ્યો. પછી કોને ફોન કરવો એ વિચારવા લાગી. એનો ચહેરો રડવા જેવો થઈ ગયો. એના હાવભાવ પરથી સ્પષ્ટ લાગતું હતું કે એને એ ક્ષણે મદદ કરે એવું કદાચ કોઈ નહોતું! એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. અચાનક જ એનું ધ્યાન ગયું કે એ આખી લાઈનને રોકીને ઊભી છે. એ સાઇડમાં ખસી ગઈ. કદાચ ખરીદેલો બધો જ સામાન મૂકીને જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ હતી. એનાં બંને બાળકો સાવ સૂનમૂન થઈને માના ચહેરા સામે જોતાં ચૂપચાપ ઊભાં હતાં. થોડીવાર એકદમ મૂંઝાઈને ઊભા રહ્યાં પછી એ પોતાના બાળકોને લઈને થોડે દૂર જતી રહી.

એ જ વખતે કેન્ડીના પૈસા ચૂકવવા માટે રાહ જોઈ રહેલા, એની પાછળ ઊભેલાં પેલા માણસે એ બહેન ન સાંભળે એમ ક્લાર્કને કહ્યું, ' એ બહેનનું બિલ હું ભરી દઈશ. તમે એ મારા કાર્ડમાંથી કાપી લેજો!'

'પણ સર! બાવન ડૉલર (આશરે સવા ત્રણ હજાર રૂપિયા) છે!' ક્લાર્કે કહ્યું.

'કાંઈ વાંધો નહી, મારા કાર્ડમાંથી કાપી નાખો!' એટલું કહી, પૈસા ચૂકવી, કાર્ડની સ્લીપમાં સહી કરી એણે પેલી યુવતીને પેઈડ બિલની કોપી આપી.

'પણ સર! તમે સર..! હું કઈ રીતે તમને પાછા...' એવું અસ્પષ્ટ બોલતી એ યુવતી એકદમ લાગણીશીલ બની ગઈ.

સાવ હળવાશથી હસતાં હસતાં એ માણસે કહ્યું, 'નહી મેમ! એ પાછા નથી આપવાના. જસ્ટ પે ઈટ ફોરવર્ડ! આ ચકરને શરૂ જ રાખજો! કાલે કોઈ બીજાને જરૂર પડે ત્યારે તમે એને મદદ કરજો! બાય!'

એ યુવતીએ એને બાય કર્યું ત્યારે એને એ યુવાન ઝાંખો દેખાતો હતો. આંખોમાં આવી ગયેલાં ઝળઝળિયાંની આરપાર એને આખો સ્ટોર પણ સાવ ઝાંખો દેખાતો હતો!

*

અમુક લોકો જ બુદ્ધ જેવા હોય છે. એ જ્યાં જાય ત્યાં એક સ્વર્ગ આપોઆપ જ ઊભું થઈ જતું હોય છે!

***

18. તને યાદ છે?…

… આ ભીના રસ્તાઓ પર ચાલતાં ચાલતાં આપણે ઘણી વખત કેટલી બધી મજાક મસ્તી કરતાં એ યાદ છે તને? એ વખતની તારી ભૂરી અને મસ્તીભરી આંખો મને તો બરાબર યાદ છે.

… તું જ્યારે સાવ નાનકડી હતી ત્યારે હું તને જોરથી હીંચકો નાખતી, એ વખતે તું ડરીને ચીસો પાડતી. સાઈકલ શીખતી વખતે આગળ રસ્તો જોવાને બદલે તું પેડલ સામે જોતી અને પડતી! યાદ છે એ? અને હા! તળાવનાં પાણી પર સપાટ પથ્થર ફેંકીને એને દૂર દૂર સુધી દડતો દડતો જતો જોવાની આપણને ખૂબ મજા પડતી. અને ત્યાં ખૂબ ધિંગામસ્તી કર્યા પછી તું થાકીને લોથ થઈ જતી. તને ચાલવાની પણ ત્રેવડ ન રહેતી. પછી હું મારા ખભા પર બેસાડીને તને ઘરે લઈ આવતી. યાદ છે ને?

… અને પેલું યાદ છે? હું તારા વાળ ધોતી હોઉં ત્યારે તું હાથની આંગળીઓ વચ્ચે લાગેલા શેમ્પૂ પર ફૂંક મારીને પરપોટા બનાવતી, કોઈક પરપોટો ખૂબ મોટો બની જાય તો એમાં બનતાં જુદાં જુદાં રંગો મને બતાવતાં તું ખડખડાટ હસતી! કોઈ રાત્રે અચાનક તારું ઓશીકું લઈને તું મારા બેડરૂમમાં આવી જતી અને તારી પથારી નીચે સંતાઈ ગયેલા ભૂતની ફરિયાદ કરતી! એ વખતે હું તને મારા હૈયે લગાવીને ઘણી બધી વાર્તાઓ કહેતી અને મારી વાર્તા પૂરી થાય એ પહેલા તું સૂઈ પણ જતી!

… તારો જન્મદિવસ તો કઈ રીતે ભુલાય? યાદ છે? તને એક જ પ્રકારની ફ્રૂટકેક ભાવતી? આપણે દર વરસે એ કેક જલઈ આવતા! હું કુકીઝ બનાવતી ત્યારે તું એનો લોટ ચાખવાની જીદ કરતી, પછી હું તને થોડોક કાચો લોટ ખાવા આપતી!

… રોજ હું તને ડાઈનિંગ ટેબલ પર કેમ વર્તન કરવું એ શીખવાડતી. અને ખાતાં ખાતાં તારા મોં પર ચોંટેલા ખોરાકને મારા નેપકીનથી સાફ કરતી. તું અમુક શાકભાજી નહી ખાવાની જીદ કરતી ત્યારે હું તને ખીજાતી એ યાદ છે ને? મને તો નથી લાગતું કે હું એ બધું ક્યારેય ભૂલી શકીશ.

…. હા! અને યાદ છે? આપણે કેટલી બધી ફિલ્મો જોડે બેસીને જોઈ હતી? ઠંડી પડતી હોય ત્યારે એક જ ધાબળામાં ઘૂસીને આપણે અવનવી ફિલ્મો જોતા. એમાંયે રાતે ક્યારેક મોડે મોડે યાદ આવે તો જોડે બેસીને તારું લેસન પૂરું કરતા. ક્યારેક તને તાવ આવ્યો હોય એવા વખતે આખી રાત તને પોતા મૂકતી હું જાગતી બેસતી. ઘણી વાર તાવનાં ઘેનમાં તું ઝબકીને જાગી જતી તો હું ગીત ગાઈને તને ફરીથી સૂવડાવી દેતી. યાદ છે? એ વખતે તું મારો હાથ તારા હાથમાં કચકાવીને પકડીને સૂઈ જતી?

… તને યાદ હશે કે નહી એ તો મને નથી ખબર, પણ મને બરાબર યાદ છે કે તારી સાથે જ હસતાં-રમતાં, રડતાં, મજા કરતાં, ઘરમાં નાચતાં-કૂદતાં અને એકબીજાને જોક્સ કહેતાં હું પણ તારી જોડે જ મોટી થઈ હતી. એ વખતે એવું લાગતું કે જાણે આપણી પાસે સમય જ સમય છે! વખતનો કોઈ અભાવ જ નથી! એવું જ થતું કે આપણું એ હાસ્ય અને રમતો નિરંતર ચાલ્યા જ કરશે! આપણે ક્યારેય જુદા જ નહી પડીએ.

… પણ, મારી દીકરી! આજે તું ક્યાં જતી રહી છો? હું મારા શરીરમાં એક ઘરડાં અને મૃત આત્માની માફક જીવું છું. મને આજે લાગે છે કે તું જ મારી જિંદગીનો અણમોલ ખજાનો હતી અને હંમેશાં રહીશ. હું તને મનોમન એટલું જ, અરે! એનાથી પણ વધારે વહાલ કરતી રહીશ. બેટા! તું ભૂલી તો નથી ગઈને કે આજે તારો જન્મદિવસ છે? ચાલ જોઉં! તારી કબર પર મૂકેલ આ મીણબત્તીને ફૂંક મારીને બુઝાવી દે તો! ચલ, જલદી કર, અને હા, ફૂંક મારતી વખતે આંખ બંધ કરીને કાંઈક માંગવાનું હોય છે એ યાદ તો છે ને તને? કહે જોઉં, તને યાદ છે ને?…

(એક માતાએ લખેલ પોતાની નોંધ પરથી)

*

આપણે બધા ભવિષ્યની યોજનાઓ બનાવવાની લ્હાયમાં વર્તમાન પણ ગુમાવી દેતા હોઈએ છીએ. નથી લાગતું કે સ્વજનો જોડે જેટલી ક્ષણો મળે એ બધી બરાબર માણી લેવી જોઈએ? પછી એ સાવ સાદી ક્ષણો આપણા માટે કાયમી અમૂલ્ય સંભારણું બની રહેતી હોય છે.

***

19. જેની પાસે જે હોય તે આપે!

એક માણસે પોતાના શહેરનાં એક શાંત અને અતિ રમણીય વિસ્તારમાં નવું ઘર ખરીદ્યું. ઘરની આસપાસ એક સરસ મજાનો બગીચો હતો. બગીચામાં ઉત્તમ કક્ષાનાં ફૂલો ઉગાડેલાં હતાં. ઉપરાંત સારામાં સારી જાતના આંબાનાં કાંઈ કેટલાંય વૃક્ષો પણ હતાં. બધી જ રીતે ઘર એટલું સરસ હતું કે એ માણસ પોતાનાં કુટુંબને લઈને જલદી જલદી ત્યાં રહેવા આવી ગયો.

રહેવા આવ્યો એ પછીના દિવસે વહેલી સવારે એ ઊઠ્યો. બગીચાનું સુંદર વાતાવરણ માણવા એ તૈયાર થઈને જલદી બહાર આવ્યો. પોતાનાં ઘરનો દરવાજો ખોલતાં જ એણે જોયું કે એનો પાડોશી આ માણસના દરવાજાની સામે જ કચરો અને એંઠવાડ ઠાલવી રહ્યો હતો. એને ખૂબ ગુસ્સો આવ્યો પણ એ કશું બોલ્યો નહીં. એને ખ્યાલ આવી ગયો કે પેલાનો ઈરાદો એને ઉશ્કેરવાનો જ હતો. એણે ચૂપચાપ એક ખાલી ડોલ લીધી, પાડોશીએ ઠાલવેલ કચરો એમાં ભર્યો અને કચરાનાં પોઈન્ટ પર જઈને નાખી આવ્યો. પેલો પાડોશી આ જોઈને ખંધું હસતો રહ્યો. પણ આ માણસે એના પર ધ્યાન જ ન આપ્યું.

પછી તો રોજ એવું જ બનવા લાગ્યું. પેલો કોઈ ને કોઈ ચીજ, કચરો કે નકામી વસ્તુ આના કમ્પાઉન્ડમાં નાખે અને આ માણસ કાંઈ પણ બોલ્યા વિના એ ઉપાડીને યોગ્ય જગ્યાએ નાખી આવે.

એમ કરતાં લગભગ છ મહિના વીતી ગયા. ઉનાળો આવી પહોંચ્યો. આ માણસના આંબાઓમાં મીઠી મધ જેવી કેરીઓ આવી. એક દિવસ વહેલી સવારે પેલો પાડોશી કચરો ફેંકવા ઊઠે એ પહેલા એ કેરીઓ ભરેલી ડોલ લઈને એના ઘરે પહોંચી ગયો અને પેલાનું બારણું ખખડાવ્યું.

પાડોશીએ બારણું ખોલ્યું. આના હાથમાં ડોલ જોઈને ઘડીક તો એને થયું કે, ‘હમ..મ..મ...! આજે આ પણ કચરો લઈને આવ્યો લાગે છે. હવે મજા આવશે!’

‘આ લો! આ તમારા માટે છે!’ પેલાએ કહ્યું.

પાડોશીએ ડોલમાં નજર નાખી. સારામાં સારી કેરીઓથી ભરેલી ડોલ જોઈને એનાથી બોલી જવાયું, ‘અરે ભાઈ! આ શું? હું તો રોજ તમારા ઘર સામે કચરો નાખું છું અને તમે મને આટલી સરસ કેરીઓ આપો છો?’

‘ભાઈ!’ પેલો માણસ બોલ્યો, ‘આપણી પાસે આપવા જેવું હોય એ જ બીજાને અપાયને? જેની પાસે જે હોય એ જ બીજાને આપી શકાય! મારી પાસે આ કેરીઓ હતી એટલે મેં તમને એ આપી!’ એટલું કહીને એ પોતાના ઘર તરફ વળી ગયો.

પેલો પાડોશી ઘડીક કેરી ભરેલી ડોલ સામે તો ઘડીક જઈ રહેલા પેલા માણસ સામે પૂતળાની માફક જોતો સ્થિર થઈ ગયો! ***

20. ૫૭ સેન્ટનું ચર્ચ!

હેટી-મે વીઅર નામની એક નાનકડી અને ખૂબ ગરીબ છોકરી શિયાળાની એક ઠંડી સવારે પરદેશના એક નાનકડાં ચર્ચની બહાર ઊભી હતી. એને ચર્ચમાં જવું હતું, પરંતુ હકડેઠઠ ભરેલા ચર્ચમાં એના જેવી ગરીબ અને મેલીઘેલી છોકરીને બેસવાની જગ્યા મળે એવી કોઈ શક્યતાઓ દેખાતી નહોતી. એના મોઢા પર લાચારી અને દુ:ખના ભાવો છવાયેલા હતા.

પ્રાર્થના શરૂ થવાની તૈયારી હતી. પોતે આજે ચર્ચમાં નહી જઈ શકે એ વિચારથી એને રડવું આવી ગયું. હીબકાં ભરતી એ ચર્ચના દરવાજાની બહાર ઊભી હતી. બરાબર એ જ વખતે ચર્ચના મુખ્ય પાદરી ત્યાંથી પસાર થયા. પેલી છોકરીને રડતી જોઈને એ ત્યાં જ ઊભા રહી ગયા. એની પાસે જઈને એમણે પૂછ્યું, 'કેમ બેટા? કેમ રડે છે?'

'ફાધર! મારે રવિવારની પ્રાર્થનામાં હાજરી આપવી છે, પણ અંદર તો ક્યાંય બેસવાની જગ્યા જ નથી. થોડીક જગ્યા છે ત્યાં મને કોઈ બેસવા નથી દેતું.' રડતાં રડતાં એણે જવાબ આપ્યો.

એનાં મેલાંઘેલાં કપડાં અને વીખરાયેલાં વાળને જોઈને જ ફાધરને સમજાઈ ગયું કે લોકો એને શા માટે જગ્યા નહી આપતા હોય! તેમ છતાં એને સમજાવતા ફાધર બોલ્યા, 'જો બેટા! આપણું આ ચર્ચ ખૂબ નાનું છે. એમાં બહુ બધા લોકો ન સમાઈ શકે. એટલે તને બેસવાની જગ્યા નહી મળી હોય. પણ તને આજની પ્રાર્થનામાં હાજરી આપવાની આટલી બધી ઇચ્છા હોય તો મારી સાથે આવ, હું તને બેસવાની જગ્યા શોધી આપીશ.'

એટલું કહી, ખુશ થઈ ગયેલી એ છોકરીનો હાથ પકડીને ફાધર એને અંદરલઈ ગયા. આગળની એક હરોળમાં જગ્યા કરીને એને બેસાડી. હેટીનાં આનંદની તો કોઈ સીમા જ નહોતી રહી.

એ રાતે, હેટી જ્યારે સૂવા પડી ત્યારે એના મનમાં ચર્ચના વિચારો જ ચાલતા હતા. જગ્યા ઓછી હોવાને કારણે દર રવિવારે કેટલા લોકોને પ્રાર્થના કર્યા વિના પાછાં જવું પડતું હશે એનો જ એને વિચાર આવતો હતો. એના માટે શું થઈ શકે એવા વિચારોમાં ને વિચારોમાં એને ક્યારે ઊંઘ આવી ગઈ એની એને ખબર પણ ન રહી.

એ ઘટનાનાં બે વરસ પછી હેટીને કોઈ ભયંકર રોગ લાગુ પડ્યો. એના ગરીબ મા-બાપે એમનાથી બનતા બધા જ પ્રયત્નો કરી જોયા. પરંતુ એ ન બચી શકી. એના મૃત્યુ પછી એની અંતિમક્રિયા માટે પેલા ફાધરને જ બોલાવવામાં આવ્યા.

ખ્રિસ્તી પ્રથા મુજબ એના શરીરને અંતિમ સ્નાન માટેલઈ જવામાં આવ્યું ત્યારે એના કપડામાંથી એક જૂનું પાકીટ નીચે પડ્યું. કચરાના ઢગલામાંથી મળેલું હોય એવું જૂનું અને જર્જરિત પાકીટ જોઈને બધાને નવાઈ લાગી. જમીન પરથી એ પાકીટ ઉપાડીને ફાધરે એ ખોલ્યું. એમાં ૫૭ સેન્ટ (આશરે ૩૫ રૂપિયા) અને ગડબડિયા અક્ષરે લખેલી એક ચિઠ્ઠી હતી.

ચિઠ્ઠીમાં લખેલું હતું, 'આપણું ચર્ચ ખૂબ નાનું છે. એને મોટું બનાવવાની જરૂર છે. એના માટે જ હું આ રકમ ભેગી કરું છું. એક દિવસ આ પૈસામાંથી આપણું ચર્ચ મોટું બની જાશે અને એ પછી મારા જેવા કોઈપણને પ્રાર્થનાના દિવસે નિરાશ થઈને પાછાં નહી જવું પડે!'

ફાધર અને ત્યાં હાજર બધાં આ ચિઠ્ઠીમાં લખેલાં વાક્યોથી લાગણીશીલ બની ગયા. હેટીએ બે વરસથી એક એક સેન્ટ એકઠો કરીને ૫૭ સેન્ટ ભેગા કર્યા હતા. આટલી ગરીબાઈ વચ્ચે એના માટે આ કઈ રીતે શક્ય બન્યું હશે? અને એ પણ પોતાના માટે નહી, મોટું ચર્ચ બનાવવા માટે! બધાની આંખો ભીની થઈ ગઈ.

અંતિમક્રિયા પત્યાં પછી હેટીના પિતાની મંજૂરી લઈને ફાધર હેટીનું પાકીટ, એમાંથી મળેલ ચિઠ્ઠી અને ૫૭ સેન્ટ પોતાની જોડેલઈ ગયા. એ પછીના રવિવારની પ્રાર્થનામાં એમણે બધાને આ વાત કરી અને કહ્યું, 'હેટી મે નામની નાનકડી દીકરીની આ વાતને આજે સાંભળીને કાલે ભૂલી ન જશો. એની અધૂરી ઇચ્છા પૂરી કરવા માટે આપણે શું કરી શકીએ એ પણ વિચારજો.'

નસીબજોગે એ દિવસે પ્રાર્થનામાં એક છાપાના ખબરપત્રી હાજર હતા. એમને આ આખી વાતમાં રસ પડ્યો. પ્રાર્થના પૂરી થયાં પછી એણે ફાધર પાસેથી પૂરી માહિતી મેળવી અને એનાં છાપામાં છાપી. એક જમીનદારને આ વાત એવી સ્પર્શી ગઈ કે એણે પોતાની જમીન ચર્ચને આપવાની તૈયારી બતાવી.

ફાધર એ જમીનદારને મળ્યા. બધી વાત કર્યા પછી એમણે જમીનદારનો આભાર માનીને કહ્યું કે આટલી મોટી અને મોંઘી જમીનની કિંમત ચૂકવવી એ ચર્ચની શક્તિ બહારની બાબત છે. એના જવાબમાં પેલા જમીનદારે કહ્યું કે એ જમીનની કિંમત તરીકે ફક્ત ૫૭ સેન્ટ જ જોઈએ છે, એનાથી વિશેષ કાંઈ નહી!

આ સાંભળીને ફાધર ગદગદ્ થઈ ગયા. જેમ જેમ લોકો આ બધું જાણતા થયા તેમ તેમ ચારે બાજુથી મદદની રકમ તેમજ ચેક આવવા લાગ્યા. ફક્ત ૫૭ સેન્ટની મામૂલી રકમથી શરૂ થયેલું એ ભંડોળ ફક્ત પાંચ જ વરસમાં અઢી લાખ ડોલર (સવા કરોડ રૂપિયા) સુધી પહોંચી ગયું. અને એ પણ ૨૦મી સદીની શરૂઆતમાં! આજના મૂલ્યે તો આ રકમ અધ..ધ..ધ.. ગણી શકાય તેવી હતી.

હેટી-મે વીઅર નામની ગરીબ બાળકીનાં નિ:સ્વાર્થ હૃદયમાંથી ઉદભવેલ એક ઈચ્છા આજે અમેરિકાનાં ફિલાડેલ્ફિઆ શહેરમાં ટેમ્પલ બાપ્ટીસ્ત ચર્ચનાં નામે એક વિશાળ બિલ્ડિંગમાં મૂર્તિમંત થઈને ઊભી છે. એ ચર્ચ ખૂબ મોટું અને ભવ્ય છે. એની બેઠક ક્ષમતા છે ૩૩૦૦! એની સાથોસાથ જે ટેમ્પલ યુનિવર્સિટી ઊભી થઈ છે તેમાં આજે હજારો બાળકો ભણી રહ્યા છે. એની સાથે જ ઊભી કરવામાં આવેલી 'ગૂડ સમારિટન હોસ્પિટલ'માં ઢગલાબંધ બાળકો સારવારલઈ ચૂક્યાં છે અને લઈ રહ્યાં છે.

ટેમ્પલ ચર્ચના એક કમરામાં એ મીઠડી છોકરી હેટી-મે નો ફોટો અને એણે ભેગાં કરેલાં ૫૭ સેન્ટ આજે પણ એમ જ સંચવાયેલા છે. એની બાજુમાં પેલા દયાળુ પાદરી ડૉ. રસેલ એચ. ક્રોમવેલનો ફોટો રાખવામાં આવેલો છે.

*

સાવ ગરીબ અને ઉંમરમાં પણ નાનકડી હેટી જેવડી દીકરીને માધ્યમ બનાવીને કેવી ભવ્ય સંસ્થાઓ નિર્માણ પામી શકી? આપણને અહોભાવ થઈ આવે કે ફક્ત ૫૭ સેન્ટમાંથી ઈશ્વર શું ન કરી શકે?

***

21. નિ:સ્વાર્થ સ્નેહ

એક મોટા શહેરના ફૂટપાથ પર એક વૃદ્ધ ફળોની લારી લઈને ઊભી રહેતી. આખા દિવસમાં જે કાંઈ ફળો વેચાય એમાંથી એનું ગુજરાન ચાલતું. સાવ એકલે પંડે રહેતાં માડીની જરૂરિયાતો સાવ ઓછી હતી એટલે જે કાંઈ મળે એમાંથી એમનું પૂરું થઈ જતું.

એ જ શહેરમાં રહેતો એક યુવાન ઓફિસર અને એની પત્ની માડીનાં કાયમી ગ્રાહક હતા. રોજ સવારે એ લોકો માડી પાસેથી સંતરાં ખરીદતાં. સંતરાં જોખાવી લીધાં પછી એ યુવાન પોતે ખરીદેલ સંતરામાંથી એક સંતરું કાઢતો. એને છોલીને એક ચીર ચાખ્યાં પછી એ બોલતો, 'માડી! આ ચાખો તો! મને આ સંતરું બરાબર મીઠું હોય એવું નથી લાગતું.'

માડી સંતરું ચાખતાં અને કહેતાં, 'ના બાબુ! આ તો એકદમ મીઠું છે. તમને કેમ એ ખાટું લાગ્યું?'

'એમ? તો તો બાકીનાં બધાં સંતરા મીઠાં જ હશે!' એટલું કહી, પેલો ઓફિસર છોલેલું સંતરું ત્યાં જ છોડીને આગળ વધી જતો.

માડીની બાજુમાં ઊભી રહેતી એક શાકવાળી બાઈ અને પેલા ઓફિસરની પત્ની આ ખેલ રોજ જોતાં.

એક દિવસ એ ઓફિસરની પત્નીએ પૂછ્યું, 'આપણે જાણીએ જ છીએ કે એ માડી હંમેશાં મીઠાં સંતરાં જ રાખે છે અને આપે છે, તોપણ તમે આ રોજરોજ ચાખવાનું અને મોઢું બગાડવાનું નાટક શું કામ કરો છો?'

પેલા યુવાને જરાક હસીને જવાબ આપ્યો, 'અરે પાગલ! માડી તો આપણને ખૂબ મીઠાં સંતરાં જ ખવડાવે છે. પણ, તેં જોયું? એ પોતે ક્યારેય સંતરાં ખાતાં નથી. આ ચાખવાના બહાને હું આપણા સંતરામાંથી રોજ એક સંતરું એને ખવડાવી દઉં છું. આમ પણ એ મારી બાની ઉંમરનાં છે. એમને ખવડાવીને મને ગામડે બેઠેલી મારી બાને ખવડાવ્યું હોય એટલો આનંદ થાય છે!'

એની પત્નીને પ્રથમ વખત આ નાટકનો અર્થ સમજાયો હતો.

આ તરફ માડીની બાજુમાં ઊભી રહેતી પેલી શાકવાળી બાઈએ પણ એક દિવસ માડીને પૂછી જ લીધું, 'માડી! પેલો માણસ રોજ સંતરાં ખરીદતી વખતે સંતરાં ચાખવાની કચકચ કરે છે. રોજ એકાદ સંતરું છોલાવે પણ છે. બધાને ખબર છે કે તમારાં સંતરાં મીઠાં જ હોય છે. તોપણ એ આ મીઠું નથી અને આ સંતરું બરાબર નથી એવું નાટક કરતો હોય છે. તોપણ એને સંભળાવી દેવાને બદલે હું કાયમ જોઉં છું કે તમે

એને જોખતી વખતે વધારે સંતરાં જ આપી દો છો. એની વાતોમાં તમને ખ્યાલ પણ નથી રહેતો કે સંતરાં વધારે જોખાઈ જાય છે. એવું શું કામ કરો છો?'

માડી હસ્યાં. પછી બોલ્યાં, 'બહેન! તેં જોયું છે કે એ માણસ હંમેશા પોતાના ખરીદેલા સંતરાંમાંથી જ એક કાઢીને છોલાવે છે? એનું આ આખું નાટક સંતરાં ચાખવા માટેનું નહી પણ, મને એ ખવડાવવા માટેનું હોય છે. એને એવું છે કે મને આ વાતની ખબર નથી પડતી. મને પણ એ આવું કરે ત્યારે મારો સગો દીકરો મને ખવડાવતો હોય એવું લાગે છે. અને એ પછી મારાથી થોડાંક સંતરાં વધારે જ અપાઈ જાય છે. મારા જેવી ગરીબ ડોશી માટે એનો ભાવ જોઈને ત્રાજવાનું પલડું વધારે નમી જ જાય છે!' એટલું બોલીને માજીએ સાડલાના છેડાથી પોતાની આંખો લૂછી.

શાકવાળી બાઈની આંખો પણ ક્યાં કોરી હતી?

*

જીવનની આવી નાની નાની હૂંફાળી ઘટનાઓમાં જ પ્રેમ એના નિર્મળ સ્વરૂપે વહેતો હશે એવું નથી લાગતું?

***

22. ઈશ્વરનો આભાર!

સ્વર્ગમાં બે ફરિશ્તાઓ હતા. એમાંનો એક હંમેશાં કામમાં જ લાગેલો હોય. દિવસ-રાત એ પૃથ્વીથી સ્વર્ગ વચ્ચે દોડાદોડી જ કરતો હોય. એક ક્ષણનો વિરામ પણ એને ભાગ્યે જ મળતો. સતત કામ, કામ અને કામમાં જ એ વ્યસ્ત રહેતો.

જ્યારે બીજો ફરિશ્તો હંમેશાં આરામ જ કરતો! પેલો ફરિશ્તો જ્યારે જુએ ત્યારે એ સૂતો જ હોય. પેલો ફરિશ્તો રાત-દિવસ દોડતો હોય જ્યારે આ તો ભાગ્યે જ ક્યારેક પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે આંટો મારતો દેખાય.

એક દિવસ પેલા અતિ વ્યસ્ત ફરિશ્તાને થોડોક આરામનો સમય મળી ગયો. પોતાનો થાક ઉતારવા એ પેલા નવરાધૂપ ફરિશ્તા સાથે વાતોએ વળગ્યો. એને કાયમ દોડાદોડી કરતો જોઈને પેલા નવરા ફરિશ્તાને હંમેશાં નવાઈ તો લાગતી જ હતી. એટલે એ દિવસે નવરા ફરિશ્તાએ પૂછી જ લીધું, 'અલ્યા! તું આટલી બધી દોડાદોડી કેમ કરતો હોય છે? હું જ્યારે જોઉં ત્યારે તું સ્વર્ગથી ધરતી વચ્ચે આવ-જા જ કરતો હોય છે. તને ભગવાને એવું તો શું કામ સોંપ્યું છે કે તારે આટલી બધી ભાગમભાગ કરવી પડે છે?'

'અરે ભાઈ! વાત પૂછ માં!' વ્યસ્ત ફરિશ્તાએ જવાબ આપ્યો, 'મારે પૃથ્વી પરનાં લોકોની પ્રાર્થનાઓ અને વિનંતીઓ સ્વર્ગમાં પહોંચાડવાની હોય છે. 'ભગવાન મારું દુ:ખ દૂર કરો', 'મને આ આપો', 'મને પેલું આપો' વગેરે વગેરે અનંત માગણીઓ, પ્રાર્થનાઓ અને સંદેશાઓ મારે ભગવાન સુધી પહોંચાડવાના હોય છે. અને તું તો જાણે જ છે કે લોકોની માગણીઓ ક્યારેય પૂરી થતી જ નથી. એમની માગણીઓ અને કાકલૂદીઓ નિરંતર ચાલતી જ હોય છે. એટલે મને તો ક્યારેય જરા જેટલો સમય પણ નથી મળતો. પણ એલા! તું શું કામ કરે છે? ભગવાને તને એવું તો કયું કામ સોંપ્યું છે કે તારે કાયમ આરામ જ હોય છે?'

નવરા ફરિશ્તાએ એક મોટું બગાસું ખાધું! પછી હસીને જવાબ આપ્યો, 'અરે! મારે તો તારાથી બિલકુલ ઊંધું છે. મારે પણ સંદેશાઓ જ સ્વર્ગમાં પહોંચાડવાના હોય છે. પરંતુ 'હે ભગવાન! તારો આભાર!', 'હે પ્રભુ! તેં અમારી ઈચ્છા પૂરી કરી એ બદલ અમે તારા આભારી છીએ!' આવા અને ભગવાનનો આભાર માનતા અન્ય સંદેશાઓ મારે સ્વર્ગમાં પહોંચતા કરવાના હોય છે. પણ નવાઈ તો જો! લોકોની ઈચ્છા પૂરી થતાં જ એ બધાં આભાર માનવાની વાત તો દૂર રહી, ભગવાનને જ ભૂલી જાય છે! ભાગ્યે જ કોઈક આવા શબ્દો ઉચ્ચારે છે. એટલે જ તું જો ને! હું કાયમ નવરોધૂપ જેવો જ હોઉં છું!'

'હમ..મ..મ..!' પેલો વ્યસ્ત ફરિશ્તો બોલ્યો. એને પેલાના નવરાં હોવાનું કારણ બરાબર સમજાઈ ગયું!

*

આપણે પણ આ સવાલ આપણી જાતને પૂછવો ન જોઈએ? આપણે કેટલી વાર ભગવાનનો આભાર માનીએ છીએ?

***

23. સૂટકેસ !

એક માણસને લાગ્યું કે એ મૃત્યુ પામ્યો. મૃત્યુ પામ્યા પછી એણે જોયું કે એની આજુબાજુના વાદળોમાંથી સફેદ પ્રકાશ આવી રહ્યો હતો. થોડીવાર પછી એ પ્રકાશ એકદમ તીવ્ર બની ગયો. અને અચાનક એમાંથી ભગવાન પ્રગટ થયા. સંપૂર્ણપણે અંજાઈ ગયેલા એ માણસે માંડ માંડ આંખો ખોલી. એણે જોયું કે ભગવાન એની એકદમ પાસે આવી ગયા હતા. એની આંખ બરાબર જોતી થઈ ત્યારે એને એકદમ નવાઈ લાગી. ભગવાનનાં હાથમાં એક મોટી સૂટકેસ હતી. એને ઉત્સુકતા તો ઘણી થઈ પણ એ ચૂપ રહ્યો.

'ચાલ દીકરા! હવે જવાનો સમય થઈ ગયો છે!' મંદ મંદ હસતા ભગવાન બોલ્યા.

'પરંતુ ભગવાન! આટલું બધું જલદી?' પેલો માણસ થોડા ખચકાટ અને ઘણી બધી નારાજગી સાથે બોલ્યો, 'હજુ તો મારે ઘણા કામ બાકી છે, મારા ઘણા પ્લાન અધૂરા છે. ઘણી વસ્તુઓ કરવાની બાકી છે અને ઘણું બધું મેળવવાનું પણ રહી ગયું છે!'

'હું એ બધું જાણું છું દીકરા!' ભગવાન બોલ્યાં, 'પરંતુ જ્યારે જવાનો સમય આવે ત્યારે કોઈનાથી એક ક્ષણ પણ રોકાઈ શકાતું નથી. એટલે ચાલો હવે!'

નછૂટકે ચાલવાની તૈયારી કરતાં પેલાએ પૂછ્યું, 'હું એક વાત પૂછી શકું પ્રભુ?'

'હા, કેમ નહીં? પૂછ, શું પૂછવું છે તારે?'

'આ તમારાં હાથમાં છે એ સૂટકેસમાં શું છે?' એણે પોતાનું કુતૂહલ વ્યક્ત કર્યું.

'અરે! આ મારા હાથમાં છે એ સૂટકેસમાં?' ભગવાન હસી પડતાં બોલ્યાં, 'એમાં તારી આખીય જિંદગીમાં તારું કહી શકાય એવું જે કાંઈ હતું એ બધું છે! અહીં નિયમ છે કે જે તમારું હોય એ જ તમારી સાથે આવે!'

'મારું એટલે?' પેલાએ પૂછ્યું.

'તારું એટલે તારા અધિકારમાં જે હતું અને જેનો માલિક તું હતો એ બધું!' ભગવાને જવાબ આપ્યો.

પેલા માણસની ઉત્સુકતા હવે તો એકદમ વધી ગઈ. એનાથી પૂછ્યા વિના ન રહેવાયું. એ બોલી ઊઠ્યો, 'એટલે પ્રભુ! તમારા કહેવાનો અર્થ એવો છે કે એમાં મારી

વસ્તુઓ, એટલે કે મારાં કપડાં, મોબાઈલ ફોન, પૈસા, ઘરેણાં એવું બધું છે?'

'ના દીકરા! એ બધું તો ધરતીનું હતું, તારું નહીં, એટલે એમાંનું કાંઈ નથી!' ભગવાને જવાબ આપ્યો.

'તો પછી મારી સારી કે ખરાબ સ્મૃતિઓ કે યાદગીરીઓ હશે, બરાબર?'

'ના, એ તો બધું સમયના અધિકારમાં હતું! તારા અધિકારમાં નહીં!'

'તો પછી એમાં મારી બુદ્ધિ, મારી સ્માર્ટનેસ છે?' આટલું પૂછતાં પણ એ માણસના અવાજમાં થોડો ગર્વ છલકી ગયો.

ભગવાન મલક્યા, પછી બોલ્યા, 'ના બેટા! એ બધું તો જે તે ઘટનાનું હતું. એ તારું નહોતું!'

હવે પેલાના મનમાં બરાબરનો ગૂંચવાડો ઊભો થયો. એને હવે આ બધું કોયડા જેવું લાગવા માંડ્યું હતું. એ બોલ્યો, 'તો પ્રભુ! એમાં મારા મિત્રો, કુટુંબીજનોના અસ્તિત્વના સૂક્ષ્મ અંશો છે?'

ભગવાન ફરીથી હસી પડ્યા અને બોલ્યા, 'અરે ગાંડિયા! એ બધા તારાં થોડાં હતા? એ બધા તો જિંદગીના રસ્તે મળી ગયેલા સાથીઓ હતા, હમસફર હતા!'

'તો પછી મારાં પત્ની અને બાળકો?'

'એ પણ તારા હૃદયને વરેલાં હતાં, તારા હૃદયે એમને પોતાનાં ગણી લીધાં હતાં, એ બધાં પણ તારાં કુટુંબીજનોની માફક તારાં હમસફર જ હતાં. એ ક્યારેય તારાં હતાં જ નહીં!'

હવે પેલાને નવાઈ લાગવા માંડી. એને સમજાતું નહોતું કે પોતાનું એવું તો શું આવડી મોટી સૂટકેસમાં ભર્યું હશે કે જે ભગવાનને ખુદને ઉપાડવી પડે છે? એણે થોડાક વિચાર પછી હિંમત એકઠી કરીને પૂછી લીધું, 'તો શું પ્રભુ! એમાં મારું શરીર છે?'

'અરે ભાઈ! એ તો ફક્ત માટી જ હતું! એના પર તો પૃથ્વીનો અધિકાર હતો. એ તો ધૂળનું બનેલું હતું અને ધૂળમાં ભળી ગયું!'

'તો પછી ભગવાન! હવે તો એક જ વસ્તુ બાકી રહે છે – મારો આત્મા! શું એમાં મારો આત્મા છે?'

ભગવાન આ વખતે તો ખડખડાટ હસી પડ્યા. પછી બોલ્યા, 'વ્હાલા દીકરા! તારો આત્મા પણ ક્યાં તારો હતો? એ તો મારો હતો. એ તો મારી અમાનત હતી. તું જ જોઈ લે, તું અત્યારે મારી પાસે જ છે!'

હવે પેલાને મૂંઝવણ થઈ આવી. પૂછવા જેવું બધું જ એણે પૂછી લીધું હતું. એ વિચારમાં પડી ગયો. જ્યારે એને કાંઈ જ ન સૂઝ્યું ત્યારે એણે ભગવાનને વિનંતી કરી, 'પ્રભુ! હવે હું મૂંઝાઈ ગયો છું. તમે આજ્ઞા આપો તો હું સૂટકેસમાં નજર નાખીને જોઈ શકું કે એમાં શું છે?'

'ચોક્કસ! આ લે, જોઈ લે!' ભગવાને એનું નામ લખેલી એ મોટી સૂટકેસ એના હાથમાં આપી. સહેજ કંપતા હાથે એણે એ ખોલી. અંદર જોયું. એ સ્તબ્ધ થઈ ગયો. સૂટકેસ બિલકુલ ખાલી હતી.

એણે ઘડીક ખાલી સૂટકેસ સામે જોયે રાખ્યું. એ પછી એની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. ભગવાન તરફ ફરીને, બે હાથ જોડીને એણે પૂછ્યું, 'તો શું પ્રભુ! દુનિયામાં મારું કાંઈ કરતાં કાંઈ જ નહોતું?'

'હા મારા દીકરા! તેં જે કાંઈ ગણાવ્યું એમાંનું કાંઈ પણ તારું હતું જ નહી. તારું જો કાંઈ પણ કહી શકાય એવું હોય તો એ હતી તને જે જીવવા મળી હતી, માણવા મળી હતી, બધા જોડે રહેવા મળી હતી 68

અને મને યાદ કરવા મળી હતી એ બધી ક્ષણો! બસ, એ ક્ષણો જ તારી માલિકીની હતી. બાકી કશું જ તારું નહોતું!'

શૂન્યમનસ્ક બનીને પેલો ઊભો રહી ગયો. ભગવાન મંદ મંદ હાસ્ય વેરતા ઊભા રહ્યા. બસ, એ જ વખતે એ માણસની આંખ ખૂલી ગઈ.

*

નથી લાગતું કે ઘણું બધું ભેગું કરવામાં લાગી રહેવા કરતા ભેગા થઈને જીવી લેવું જોઈએ, જીવનની દરેક ક્ષણને માણવી જોઈએ? દરેક ક્ષણે મનભરીને જીવવું એનું નામ જ ઉત્તમ જિંદગી!

***

24. પાળેલાં બતકની જિંદગી!

જંગલી બતકોનું એક ઝુંડ એક શિયાળામાં દક્ષિણ તરફ ઊડતું ઊડતું જઈ રહ્યું હતું. અંગ્રેજીનાં 'V' આકારમાં ઊડતાં એ બધાં બતક મજાનાં ગીતો ગાઈ રહ્યાં હતાં.

વોલી નામનું એક બતક પણ એ ઝુંડમાં સામેલ હતું. ઊડતાં અને ગીતો ગાતા અચાનક એનું ધ્યાન નીચે વાડામાં આંટા મારી રહેલાં પાળેલાં બતકો પર પડ્યું. વોલીએ જોયું કે એ બધાં બતક નિરાંતે ટહેલતાં હતાં અને મકાઈનાં દાણા ચણી રહ્યાં હતાં. વોલીને મકાઈ ખૂબ ભાવતી હતી. જંગલમાં તો એને ભાગ્યે જ મકાઈના દાણા મળતા અને એ પણ ક્યારેક જ. જ્યારે પેલા પાળેલાં બતકો વચ્ચે ઢગલાબંધ દાણા પડ્યા હતા અને એ બધાં એચને મજાથી ચણી રહ્યા હતા. વોલીને થયું કે આ બધા બતકને કેવી મજા છે? જંગલમાં તો કાંઈ કેટલીયે તકલીફો વચ્ચે જીવવું પડે છે અને તો પણ માંડ પેટપૂરતું ખાવાનું મળે છે જ્યારે આ બધા વાડાનાં બતકો લહેરથી જીવી રહ્યાં છે અને મકાઈના દાણાની જિયાફત ઉડાવી રહ્યા છે. તો પછી શું કામ એમની સાથે ન ભળી જવું?

આટલો વિચાર આવતા જ એણે વાડાનાં બતકો જોડે જોડાવાનું નક્કી કરી લીધું. એ ઝડપભેર નીચે ઊતરવા લાગ્યો. ઉપરથી એના ઝુંડે એને પાછો વાળવા ખૂબ કોશિશ કરી. વાડાનું જીવન બંધિયાર અને પરતંત્ર હોય છે એવું બધું પણ કહ્યું. એકાદ વડીલ બતકે તો એ ખોટું કરી રહ્યો છે એવું કહીને ગુસ્સાભર્યું ભાષણ પણ આપી દીધું. પરંતુ મકાઈના મોહમાં તણાઈ ગયેલા વોલીએ કોઈ કહેતા કોઈની વાત પર સહેજેય ધ્યાન ન આપ્યું. હવે શિયાળો ગાળવા માટે દક્ષિણ તરફની લાંબી ઉડાનનો એનો કોઈ જ ઈરાદો નહોતો. બધાએ ઉપરથી ખૂબ કહ્યું ત્યારે એ એટલું જ બોલ્યો કે, 'તમે બધા મારી ચિંતા ન કરશો. થોડા મહિના પછી તમે લોકો જ્યારે ઉત્તર તરફ જવા પાછા ફરશો ત્યારે હું તમારી સાથે જોડાઈ જઈશ. હાલ તો મારે અહીંયા જ રહેવું છે.'

એનાં ઝુંડને ખૂબ દુખ થયું. પણ એ લોકો બિચારા શું કરે? વોલીએ પોતે જ ત્યાં રહી પડવાનો નિર્ણય કરી લીધો હતો. એ બધા થોડીવાર ત્યાં જ આકાશમાં મંડરાયા પછી પોતાના નિયત માર્ગ પર દક્ષિણ તરફ આગળ વધી ગયા.

આ બાજુ વોલીને તો પાળેલાં બતકોના વાડામાં રહેવાની મજા આવી ગઈ. દક્ષિણ તરફ જવાની લાંબી ઉડાનમાંથી પોતે બચી ગયો એનો છૂપો આનંદ પણ એને ખૂબ થતો હતો. હવે તો એ દરરોજ ભરપેટ મકાઈ ખાતો અને 'ક્વેક', 'ક્વેક' કરતો નિરાંતે વાડામાં આંટા મારતો.

થોડા મહિના એમ જ વીતી ગયા. શિયાળો પૂરો થવા આવ્યો. એક દિવસ વોલીએ પોતાના ઝુંડનો અવાજ સંભાળ્યો. એણે ઊંચું જોયું. શિયાળો ગાળીને એનું ઝુંડ હવે પાછું પોતાના વતન તરફ ઉત્તર દિશામાં જઈ રહ્યું હતું. એ બધાં લહેરથી ઊડતાં હતાં. અને આનંદથી ગીતો ગાતાં હતાં. એમને આટલા આનંદથી ઊડતા જોઈને વોલીને પણ એમની જોડે જવાની ઈચ્છા થઈ આવી. ઘણા મહિના થઈ ગયા હતા એટલે એને પોતાનું વતન પણ યાદ આવ્યું હતું. આમેય મકાઈ ખાવાની ઈચ્છા પણ હવે મરી પરવારી હતી. પોતાના વતનની મોકળાશ સામે વાડાની સાવ સાંકડી જગ્યા એના મનમાં હવે ખટકતી હતી. જંગલમાં અને સાફ પાણીમાં એ મોટો થયો હતો. જયારે વાડામાં તો ચારે તરફ બતકોની ચરક જ ભરી પડી હતી. એમાં જ કાયમ આંટા મારવામાં એને સૂગ પણ ચડતી હતી. એને વાડાની જિંદગીથી હવે કંટાળો આવી ગયો હતો. એને લાગ્યું કે વાડાની જિંદગી છોડીને હવે પોતાનાં ઘરે જવાનો સમય આવી ગયો છે!

પોતાનાં ઝુંડ સાથે ભળી જવા માટે એણે પાંખો ફફડાવી. પણ એનાં આશ્ચર્ય વચ્ચે એ ઊડી જ ન શક્યો. છેલ્લા કેટલાક મહિનાઓથી એણે ક્યારેય પાંખો ખોલી જ નહોતી કે ફફડાવી જ નહોતી. એ ઉપરાંત આટલા મહિના વધારે પડતી મકાઈ ખાવાથી એનું વજન પણ ખાસ્સું વધી ગયું હતું. પરંતુ પોતાના ઝુંડ સાથે જવાની એને તીવ્ર ઈચ્છા હતી એટલે એણે એનું હતું તેટલું જોર લગાવીને પાંખો ફફડાવી. એ ઊડી શક્યો. જમીનથી ચારેક ફૂટ અધ્ધર થયો. એની ખુશીનો પાર ન રહ્યો. એટલી જ ઊંચાઈએ ઊડતો એ આગળ વધ્યો. પરંતુ વાડાની દીવાલ છ ફૂટ ઊંચી હતી. એ ધડામ્ કરતો વાડાની દીવાલ સાથે અથડાયો અને તમ્મર ખાઈને જમીન પર પડ્યો. થોડીવાર પછી એની આંખ ખૂલી. જોયું તો એનું ઝુંડ ઘણું આગળ નીકળી ગયું હતું. વોલી નિરાશ થઈ ગયો. છતાં એણે એમ કહીને મન મનાવ્યું કે, 'કાંઈ વાંધો નહી! એ લોકો થોડા મહિના પછી દક્ષિણ તરફ જવા નીકળશે ત્યારે હું એમની સાથે જોડાઈ જઈશ અને ફરીથી એમના જેવો સ્વતંત્ર બની જઈશ.'

થોડા મહિના પસાર થઈ ગયા. ફરીથી શિયાળો આવ્યો. એનું ઝુંડ દક્ષિણ તરફ જવા નીકળ્યું. એ લોકોએ વોલીના નામની ઘણી બૂમો પાડી. વોલીએ પણ ફરી એકવાર એમની સાથે જોડાઈ જવા ભરપૂર પ્રયત્નો કર્યા, પરંતુ, હવે તો એની પાંખો સાવ કમજોર થઈ ગઈ હતી. એ લાચારીથી પોતાના ઝુંડને જતું જોઈ રહ્યો. એ પછી એકાદ-બે શિયાળા સુધી એણે આકાશમાંથી પસાર થતાં પોતાના ઝુંડ સામે જોયા કર્યું.

અંતે એક દિવસ એવો આવ્યો કે એણે માથા પરથી ઊડીને જતા પોતાના ઝુંડ સામે જોવાનું પણ બંધ કરી દીધું. થોડા વખત પછી એણે પાંખો ફફડાવવાનો પ્રયત્ન પણ છોડી દીધો. હવે તો ચરકથી લથપથ વાડો જ એની દુનિયા બની ગઈ હતી. અને છેલ્લે વોલી એ પણ ભૂલી ગયો કે એક દિવસ એ એક સ્વતંત્ર બતક હતો!

*

ખરાબ આદતો અને ખરાબ ધંધાઓનું પણ આવું જ હોય છે ને? એમાં લલચાઈને ફસાઈ જતા માણસોને શરૂઆતમાં તો ખૂબ મજા આવે છે. એમને થાય છે કે થોડા વખતમાં જ આમાંથી નીકળી જઈશું અને ફરીથી જૂની જિંદગી જીવવા માંડીશું. પણ એ લોકોને એનો અંદાજ જ નથી હોતો કે એક વખત એમાં ઘૂસ્યા પછી વોલી જેવી દશા જ થતી હોય છે. એમાંથી ફરી ક્યારેય સ્વતંત્ર થઈ શકાતું જ નથી. ***

25. જાદુઈ મંત્ર!

એક માણસને જાદુઈ અને ચમત્કારિક શક્તિઓ મેળવવાનો ગજબનો અભરખો હતો. એના માટે એ કાંઇક ને કાંઇક પ્રયત્નો કરતો જ રહેતો. એવામાં કોઈકે એને કહ્યું કે ફલાણા પર્વત પર એક ચમત્કારી સાધુ રહે છે. એમને ઘણા જાદુઈ મંત્રો આવડે છે. આ વાત કાને પડતાં જ એ માણસ ચમત્કારી સાધુને મળવા માટે નીકળી પડ્યો.

એને ખબર હતી કે સાધુની સેવાચાકરી કરવાથી જો એ પ્રસન્ન થઈ જાય તો કામ થઈ જાય! એ તો સાધુ પાસે જઈને એના શિષ્ય તરીકે રહી ગયો. અને રાતદિવસ જોયા વિના સાધુની સેવામાં લાગી ગયો. બને ત્યાં સુધી સાધુ માટે ભોજન એ પોતે જ બનાવતો અને રાતે એમને ઊંઘ આવી જાય ત્યાં સુધી એમના પગ દબાવી આપતો. સાધુ એની સાથે ઘણી વાતો કરતાં, પણ જાદુઈ મંત્રની કે એવી કોઈ વાત ક્યારેય ન કરતાં.

એમ ને એમ ઘણો સમય પસાર થઈ ગયો. પેલા માણસની ધીરજ હવે ખૂટવા લાગી હતી. આટ-આટલી સેવા-ચાકરી કરવાં છતાં સાધુ મહારાજ તો ચમત્કારિક શક્તિઓની વાત પણ નહોતા કરતા. કંટાળીને એક દિવસ એણે નક્કી જ કરી લીધું કે આજે તો આ પાર કે પેલે પાર! જાદુઈ મંત્રો વિષે જાણી જ લેવું અને બને તો આજીજી કરીને પણ ગુરુજી પાસેથી એ પ્રાપ્ત પણ કરી લેવા.

એ રાત્રે મોડે સુધી એણે સાધુના પગ દબાવ્યા. રાતના બાર વાગ્યા પણ એણે પગ દબાવવાનું બંધ ન કર્યું! હવે સાધુ કંટાળ્યા. એમણે કહ્યું, ‘બસ બેટા! હવે રહેવા દે, અને તું સૂઈ જા.’

‘ના ગુરુજી! આજ મને ઊંઘ આવે એવું લાગતું નથી!’ પેલાએ જવાબ આપ્યો.

‘કેમ?’ સાધુએ પૂછ્યું.

‘આજે તમે મને જો જાદુઈ મંત્ર વિષે જણાવશો અને શીખવાડશો તો જ મને ઊંઘ આવશે!’

સાધુ વિચારમાં પડી ગયા. થોડીવાર પછી બેઠા થયા. આંખ બંધ કરીને કેટલીક ક્ષણો એમણે ઊંડો વિચાર કર્યો. પછી કહ્યું, ‘ભલે ભાઈ! જો એવું જ હોય તો આપણે તારી ઈચ્છાને જ માન આપીએ! આજે હું તને એક ખૂબ જ શક્તિશાળી મંત્ર શીખવીશ. તારી જે કોઈ ઈચ્છા હોય એ આ મંત્રથી તરત જ પૂરી થશે. તારે એ મંત્ર દસ વખત બોલવો. પછી ઈચ્છા કરવી. એટલે તું જે ધારીશ એ ચમત્કાર થઈ જશે!’

એટલું કહીને સાધુએ એને એ મંત્ર શીખવાડ્યો. એને બોલતી વખતે કરવાની વિધિ શીખવાડી. અને કહ્યું, 'બોલ બેટા! હવે ખુશ?'

ખુશખુશાલ ચહેરે પેલાએ 'હા' પાડી. પછી ગુરુને પગે લાગીને એણે પોતાના ઘરે જવાની તૈયારીઓ શરૂ કરી.

'અરે! તારે અત્યારે રાતનાં બાર વાગ્યે જતા રહેવું છે? એક કામ કર, સવારે જજે.' નવાઈ પામતાં ગુરુ બોલ્યા.

'નહી ગુરુજી! હવે રોકાવાય એમ નથી. મારા અહી રોકાવા પાછળ આ મંત્રજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ જ મુખ્ય હતો. હવે એ પૂરો થઈ ગયા પછી અહી રોકાઈને કામ પણ શું છે? હવે તો મને ઘરે જલદી પહોંચવાની તાલાવેલી જાગી છે.' પોતાનો સામાન સમેટતા એ બોલ્યો.

ગુરુ ખૂબ જ્ઞાની હતા. હસતાં હસતાં એ આ માણસની ગતિવિધિ જોતા રહ્યા. આશ્રમ છોડીને પેલો માણસ જવાની તૈયારીમાં જ હતો ત્યારે ગુરુએ એને નજીક બોલાવ્યો અને કહ્યું, 'જો ભાઈ! તું સુખી થા એવું હું ઈચ્છું છું. એટલે જ મેં તને આવો જાદુઈ અને શક્તિશાળી મંત્ર શીખવાડ્યો છે. પણ એ મંત્ર સાથે જોડાયેલી એક શરત અંગે તને જણાવવાનું હું ભૂલી ગયો છું.'

પેલાના પગ અટકી ગયા. ગુરુની નજીક આવીને એણે કહ્યું, 'આ વળી નવું! કઈ શરત અંગે કહેવાનું રહી ગયું છે એ કહેશો?' એના અવાજમાં થોડીક નારાજગી હતી. એવું લાગતું હતું કે એને જલદી ત્યાંથી નીકળીને મંત્રનો ઉપયોગ કરવો હતો.

'જો ભાઈ! આ એક ખૂબ જ સિદ્ધ મંત્ર છે,' ગુરુ બોલ્યા, 'એને બોલતી વખતે તારું પૂરેપૂરું ધ્યાન મંત્ર પર જ હોવું જોઈએ, અને એ બોલતી વખતે વાંદરાનો વિચાર ક્યારેય ન આવવો જોઈએ. જો વાંદરાનો વિચાર આવ્યો કે વાંદરું દેખાયું તો આ મંત્ર એ જ ક્ષણે નકામો થઈ જશે.'

'અરે ગુરુજી! બસ! આટલી અને આવી ફાલતુ શરત?!' પેલો ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, 'તમે સાચું માનશો ગુરુજી! મને તો છેલ્લાં ઘણાં વરસોથી ક્યારેય વાંદરાનો તો વિચાર જ નથી આવ્યો, બોલો! એટલે તમે એની ચિંતા જ નહી કરતા! લો, હવે હું જાઉં છું.' એટલું કહીને ગુરુને પગે પણ લાગ્યા વિના ઝટપટ એ ત્યાંથી નીકળી ગયો.

ગુરુ એને જતો જોઈને થોડુંક હસ્યા અને પછી ઈશ્વરને યાદ કરીને સૂઈ ગયા.

પેલો માણસ હજુ તો ઘરે પણ નહોતો પહોંચ્યો ત્યાં અર્ધે રસ્તે જ એને મંત્રની શક્તિની ચકાસણી કરવાની તાલાવેલી જાગી. એ તો રસ્તાની બાજુમાં એક મોટા પથ્થર પર બેસી ગયો. ગુરુએ જણાવેલી વિધિ કર્યા પછી એને યાદ આવ્યું કે વાંદરાનો વિચાર નથી કરવાનો! બસ, ખલાસ! એને વાંદરા જ યાદ આવવા માંડ્યા! જેમ જેમ એ વાંદરાને ભૂલવા પ્રયત્ન કરતો ગયો એમ એમ તો એને પોતાની ચારે તરફ ઘણા બધાં વાંદરાઓ જ હોય એવું લાગવા માંડ્યું!

એ કંટાળી ગયો. ઊભો થઈને પોતાના ઘરે પહોંચ્યો. ઘરના કોઈ સાથે પણ વાત કર્યા વિના એ પોતાના ઓરડામાં ગયો. ઝડપથી રૂમનાં બધાં બારી-બારણાં બંધ કરીને એણે આસન પાથર્યું. હજું તો મંત્ર બોલવાની શરૂઆત જ કરી ત્યાં જ એને વાંદરાનો વિચાર આવ્યો. એ વિચાર ખંખેરીને એ ફરી વાર મંત્ર બોલવા બેઠો. આ વખતે તો એને લાગ્યું કે જાણે ઘણાં બધાં વાંદરાઓ બારીની તિરાડમાંથી એને જ જોઈ રહ્યા છે. જેટલાં જોરથી એ 'વાંદરાનો વિચાર નથી કરવાનો' એવું નક્કી કરે, એટલાં જ જોરથી બલકે એનાથી બમણાં જોરથી એને વાંદરાના જ વિચાર આવવા માંડે!

સવાર પડતાં સુધીમાં એણે દસથી પંદર વખત મંત્ર બોલવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ એકેય વખત વાંદરાના વિચારોએ એનો પીછો ન જ છોડ્યો. એ ગાંડા જેવો થઈ ગયો. પછી તો એ મંત્ર ન બોલતો હોય ત્યારે પણ એને વાંદરાના વિચારો જ આવવા લાગ્યા. ત્રાસીને એ ઊંઘવા પડ્યો તો ઊંઘમાં પણ એને ચારે તરફ વાંદરાઓ જ દેખાવા માંડ્યા. બપોર સુધીમાં એને થયું કે જો હવે કાંઈ નહી કરું તો સાચ્ચે જ ગાંડો થઈ જઈશ. એ તો ભાગ્યો પાછો ગુરુજીના આશ્રમ તરફ!

એ પહોંચ્યો ત્યારે ગુરુજી જાણે એની જ રાહ જોઈ રહ્યા હોય એમ શાંતિથી બેઠા હતા. એ નજીક આવ્યો એટલે ગુરુ બોલ્યા, 'કેમ ભાઈ! વાંદરાઓએ બહુ હેરાન કર્યો?'

પેલો ગુસ્સે થઈ ગયો. ઊંચા અવાજે એ બોલ્યો, 'કેવા ગુરુ છો તમે તો? મેં તમારી કેટલી સેવા કરી, પણ તમે મને એનો આવો બદલો આપ્યો? મારે નથી જોઇતી આવી ચમત્કારિક શક્તિ! તમે એ જલદી પાછીલઈ લો, નહિતર હું સાચ્ચે જ હવે ગાંડો થઈ જઈશ!'

ગુરુ એકદમ શાંતિથી પણ મક્કમ અવાજે બોલ્યા, 'મારા ભાઈ! તેં મારી સેવા ફક્ત આ જાદુઈ મંત્રની પ્રાપ્તિ માટે જ કરી હતી એવું તું જ બોલ્યો હતો, ખરુંને? અને મેં તને ક્યાંય હેરાન નથી કર્યો. તને તો તારા અવળચંડા મને હેરાન કર્યો છે. મેં તો તને મંત્ર શીખવાડી જ દીધો હતો. પણ તારે આવા મંત્રને ધારણ કરતા પહેલાં તારા અવળચંડા મનને કાબૂમાં કરવાની જરૂર છે. તો જ આવી સિદ્ધિ ફળ આપે. જો મન

કાબૂમાં ન હોય તો એ જ શક્તિ આપણને હેરાન પણ કરી દે. તારી સાથે બિલકુલ એવું જ બન્યું છે. તું કહે છે તો જા, હું મારી શક્તિઓ પાછીલઈ લઉં છું.'

એટલું કહી ગુરુએ પાણીની અંજલિ છાંટી.

વાંદરાઓને મનમાંથી વિદાય આપીને વીલા મોંએ પેલો પોતાના ઘર તરફ ચાલતો થયો.

***

26. થોડીક નાનકડી વાતો!

(i.) ટેકો

એરપોર્ટ પર ભીની લાદી પર પગ લપસવાથી એક માણસે સંતુલન ગુમાવ્યું. એ પડે અને ઈજા પામે એ પહેલા બાજુમાંથી એક વ્હીલચેરમાં પસાર થઈ રહેલા બંને પગે અપંગ એક યુવાને એને પકડી લીધો. પેલો માણસ આભારના બે શબ્દો બોલે એ પહેલાં જ વ્હીલચેરમાં બેઠેલો યુવાન બોલી ઊઠ્યો, 'ભગવાનની કૃપા મારા ભાઈ! તમે નહી માનો પણ બરાબર આવી રીતે ત્રણ વરસ પહેલા હું અહી પટકાયો હતો અને મારી કરોડરજ્જુને નુકસાન થયું હતું. ઈશ્વરની મહેરબાની કે તમારે મારી જેમ બંને પગ નહી ગુમાવવા પડે!'

(ii.) બિન-અનુભવી !

એક યુવાને પોતાના પિતાને પૂછ્યું, 'પિતાજી! હું બિઝનેસ કરવા માંગું છું. હું હજુ આ ક્ષેત્રનો જરા પણ અનુભવ ધરાવતો નથી. તો એ અંગે તમારો શો અભિપ્રાય છે?'

'અરે મારા દીકરા! તારા દિલને ગમે તે કરવામાં વિચાર શો કરવાનો? ટ્રાય કરી જોવાની!' બાપે જવાબ આપ્યો.

'પણ પિતાજી!' દીકરાએ શંકા વ્યક્ત કરતા કહ્યું, 'હું સાવ બિન-અનુભવી છું.'

'કાંઈ વાંધો નહી !' બાપે કહ્યું, 'સફળ થવા માટે તમારે ખૂબ બધા અનુભવની જરૂર પડે એવું નથી હોતું. યાદ રાખજે કે નવ-શીખીયાઓએ ગુગલ, ફેસબુક અને એપલ જેવી સફળ કંપનીઓ ઊભી કરી છે અને ખૂબ જ અનુભવી માણસો અને કારીગરોએ ટાઈટેનિક બાંધ્યું હતું!'

(iii.) જિંદગીની સફળતા:

સાયકોલોજી(માનસશાસ્ત્ર)નો અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ એક દાદીમાનો ઈન્ટરવ્યુ લીધો. એના એક સવાલમાં એણે દાદીમાને સફળ જીવન એટલે શું એ એમના પોતાના શબ્દોમાં વર્ણવવાનું કહ્યું.

દાદીમાએ કહ્યું, ' બેટા! આ ઉંમરે પહોંચ્યા પછી તમે તમારી વીતેલી જિંદગી પર નજર નાખો અને તમારા ચહેરા પર સ્મિત આવી જાય,

કોઈ વાતનો અફસોસ ન થાય એનું નામ જ સફળ જીવન!'

(iv.) કદર !

અમેરિકાની વાત છે.

૭૨ કલાકનાં સતત કામ પછી એક ફાયરમેન (આગ ઓલવવાવાળો) નજીકના ગ્રોસરી સ્ટોરમાં ખરીદી કરવા ગયો. એ ખરીદીમાં મશગૂલ હતો એ જ વખતે એક સ્ત્રી દોડતી આવીને એને વળગી ગઈ. એ સ્ત્રીની આંખો આંસુથી છલોછલ હતી.

અચાનક બનેલી આ ઘટનાથી પેલો ફાયરમેન મૂંઝાઈ ગયો. હતપ્રભ બનીને એ એમ જ ઊભો રહ્યો. એને મૂંઝાયેલો જોઈને પેલી સ્ત્રી પરિસ્થિતિ પામી ગઈ. એ એનાથી અળગી થઓ ગઈ. પછી આંસુ લૂછતાં બોલી, 'તમે કદાચ મને નહી ઓળખી હોય. પરંતુ હું તમને બરાબર ઓળખું છું. વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટાવર્સ સાથે વિમાનો ભટકાયા એ ૧૧-૯-૨૦૦૧ના દિવસે તમે જ મને ઊંચકીને સળગતાં ટાવરમાંથી બહાર કાઢી હતી. તમારે લીધે જ આજે હું જીવતી છું. થેન્ક યૂ સો મચ!'

ફાયરમેનનાં મો પર સ્મિત આવી ગયું. પેલી સ્ત્રીની આંખમાં ફરી એકવાર આંસુ.

(v.) પ્રેમ! અદભુત પ્રેમ!

પરદેશની વાત છે. ત્યાં પાળેલાં પ્રાણીઓમાં આપણાં રખડતાં કૂતરાં કે પ્રાણીઓ જેવી 'ટ્રાફિક સેન્સ' નથી હોતી! એટલે જો આવા પ્રાણીઓ રોડ પર આવી ચડે તો તરત જ અકસ્માતનો શિકાર બનતા હોય છે.

એક ભાઈનો પાળેલો કૂતરો ભૂલથી ખુલ્લા રહી ગયેલા દરવાજાની બહાર નીકળી ગયો અને થોડીવારમાં જ ત્યાંથી પસાર થઈ રહેલી એક કારની અડફેટે આવી ગયો. કૂતરાના પેટ પરથી કારનું વ્હીલ ફરી ગયું હતું. પેલા માણસે દોડીને કૂતરાને ઉપાડી લીધો. પછી રોડની સાઈડમાં આવેલ બાંકડા પર કૂતરાને ખોળામાં તેડીને એ બેસી ગયો. પોતાના પ્રિય કૂતરાના છેલ્લા શ્વાસ ચાલતા જોઈને એ રડી પડ્યો. એની આંખમાંથી દડ...દડ કરતાં આંસુ સરી પડ્યા.

એ જ વખતે કૂતરાએ આંખો ખોલી. પ્રેમથી પોતાના માલિકની આંખમાં આંખ પરોવી. એ પછી પોતાનું માથું ઊંચું કર્યું, અને જીભ લાંબી કરીને

માલિકની આંખમાંથી આંસુ લૂછી નાખ્યાં. ત્યારબાદ બે ક્ષણ માલિકની સામે જોઈને મૃત્યુ પામ્યો. એવું લાગતું હતું કે જાણે મરતાં મરતાં કહી ન રહ્યો હોય કે – જીવન અને મૃત્યુની આ ઘટમાળ તો ચાલ્યા જ કરશે. બહુ આંસુ ન વહાવશો. બસ, પ્રેમથી યાદ કરજો!

(vi.) એક દરવાજો બંધ થાય ત્યારે બીજો આપોઆપ ખૂલતો જ હોય છે!

એક માણસ સવારે ઊઠ્યો ત્યારે એનું આખું શરીર તાવથી ધગતું હતું. આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. શરીર ખૂબ દુખતું હતું. એને ફરીથી સૂઈ જવાનું મન થયું. આમેય આવી તબિયત સાથે કામ પર જવાનો કોઈ અર્થ પણ નહોતો. પરંતુ એ શક્ય નહોતું. આરામ કરવાનું એ મહા મંદીનાં સમયમાં એને તો શું, કોઈને પણ પોસાય તેમ નહોતું. કામ પર ગયા વિના છૂટકો જ નહોતો. એકાદ દિવસની રજા પાડવાથી પણ નોકરી જતી રહેવાની શક્યતા હતી. તાવ સાથે જ એ ઊભો થયો. ઘણી મુશ્કેલીથી એ તૈયાર થયો અને નોકરી પર ગયો.

પરંતુ એ દિવસ જાણે કાંઈક અલગ જ ઊગ્યો હતો. બપોરે ત્રણ વાગ્યે એને નોકરીમાંથી છૂટ્ટો કરાયાનો પત્ર મળ્યો. એનું હૃદય બેસી ગયું. એ સમયે બીજી નોકરી તરત જ મળી રહેવાની કોઈ શક્યતા જ નહોતી. બોસને આજીજી કરવાનો કોઈ મતલબ નહોતો એની એને જાણ હતી. 'હવે શું થશે?' એ પ્રશ્ન સાથે નરમ તબિયતે અને ઉદાસ મને એ ઘરે આવવા નીકળ્યો. વરસો જૂની એની કાર ધીરે ધીરે ચલાવતો એ ઊંડા વિચારોમાં ખોવાયેલો હતો.

પણ, એ દિવસે કઠણાઈ જાણે કે આદુ ખાઈને એની પાછળ જ પડી હતી. ઘરથી હજુ એ ઘણો દૂર હતો ત્યાં જ એની કારમાં પંક્ચર પડ્યું. થોડોક ગિન્નાયેલો એ નીચે ઉતાર્યો. સ્પેરવ્હીલ કાઢવા ડીકી ખોલી. પરંતુ એ દિવસ જાણે કે હાડમારીઓ માટે જ સર્જાયો હોય એમ સ્પેરવ્હીલમાં પણ હવા નહોતી. એ પણ ફ્લેટ હતું. ઉદાસ થઈને એ પોતાની કારને અઢેલીને બેસી ગયો. કિસ્મતનાં જાણે કે બધાં જ દરવાજા એક પછી એક બંધ થઈ રહ્યા હોય એવું એને લાગ્યું.

બરાબર એ જ વખતે બી.એમ.ડબલ્યુ કારનું છેલ્લામાં છેલ્લું મોડલ લઈને એક માણસ ત્યાંથી નીકળ્યો. પેલાને પોતાની બગડેલી કારની બાજુમાં બેઠેલો જોઈને એણે એને લિફ્ટ આપી. રસ્તામાં બંને જણાએ ખૂબ બધી વાતો કરી.

આ માણસનું ઘર આવતાં બી.એમ.ડબલ્યુ. કારના માલિકે પોતાની કાર ઊભી રાખી. પેલાને પોતાનું વિઝિટિંગ કાર્ડ આપતા એ અમીર માણસે કહ્યું, 'બડી! તારો સ્વભાવ અને ઝિંદાદિલી મને ખૂબ જ ગમ્યા છે. આ મારું કાર્ડ રાખ. કાલથી મારી ઓફિસમાં નોકરી પર લાગી જજે!'

પેલો આશ્ચર્યચકિત થઈ ગયો. પરંતુ એને ખાતરી થઈ ગઈ કે એક દરવાજો બંધ થાય ત્યારે બીજો હંમેશાં ખૂલતો જ હોય છે!

(vii.) હતાશ થોડું થવાય?

એક છોકરાને એક પગે ફ્રેક્ચર થયું હતું. દોઢેક મહિના પછી ડૉક્ટરે એને ઘોડી પર ચાલવાની છૂટ આપી એ દિવસે એ પ્રથમ વખત નિશાળે ગયો. પરંતુ નિશાળના કમ્પાઉન્ડમાં પ્રવેશ્યા પછી એને ખબર પડી કે બેકપેક, લંચબોક્સ તેમજ વોટરબેગ લઈને ઘોડીની મદદથી ચાલવું ખરેખર ખૂબ અઘરું હતું. નિશાળનાં બિલ્ડિંગ સુધી પહોંચતાં જ એ થાકી ગયો. એ પછી હજુ તો એને પોતાના ક્લાસ સુધી જવાનું હતું. એ કામ હવે એને એવરેસ્ટ પર ચડવા જેવું અઘરું લાગવા માંડ્યું. થોડુંક વધારે ચાલ્યા પછી એ એકદમ હતાશ થઈ ગયો. એને રડવું આવી ગયું. પોતાની બધી વસ્તુઓ નીચે મૂકીને એ એક પાળી પર બેસી ગયો.

એને આમ હતાશ થઈને બેસી પડેલો જોઈને વ્હીલચેરમાં જઈ રહેલો એક વિદ્યાર્થી એની પાસે આવીને બોલ્યો, 'હેય ફ્રેન્ડ! લાવ, તારું બેકપેક, લંચબોક્સ તેમજ વોટરબેગ મને આપી દે.'

પેલો ખંચાયો.

'અરે! વિચાર શું કરે છે?' વ્હીલચેરવાળો વિદ્યાર્થી બોલ્યો, 'મારે ક્યાં એ ઉપાડવાનું છે? એ બધું તો મારા ખોળામાં રહેવાનું છે. એટલે વધારે વિચાર કર્યા વિના એ મને આપી દે!'

પેલાનો સંકોચ ઓછો થયો. એણે પોતાની વસ્તુઓ એને ઊંચકવા માટે આપી. પછી બંને વાતો કરતાં કરતાં ધીમે ધીમે પેલા ફ્રેક્ચરવાળા છોકરાનાં ક્લાસ સુધી પહોંચ્યા. પેલો અપંગ વિદ્યાર્થી એને છેક એના ક્લાસના બારણા સુધી છોડી ગયો. અને જતાં જતાં કહેતો ગયો, 'ફ્રેન્ડ! એમ કાંઈ આટલી નાનકડી વાતમાં હતાશ થોડું થવાય? બેસ્ટ ઓફ લક! તારો પગ જલદી સારો થઈ જશે!'

એટલું કહીને એ પોતાના ક્લાસ તરફ ગયો. એના બંને પગે પેરાલિસિસ હતો!

ફ્રેક્ચરવાળા છોકરામાં હાથતાળી દઈ ગયેલી હિમત પાછી આવી ગઈ. હસતાં હસતાં એ પોતાના ક્લાસમાં દાખલ થયો. એને ખાતરી થઇ ગઈ હતી કે એને તો હતાશ થવાનું કોઈ કારણ જ નહોતું.

(viii.) શો ફેર પડે?

એક માણસ એની નાનકડી દીકરી સાથે ક્યાંક જઈ રહ્યો હતો. રસ્તામાં એક નદી આવી. ચોમાસાની ઋતુ હતી. ઉપરવાસમાં ક્યાંક ભારે વરસાદ પડ્યો હશે એટલે નદીમાં ધસમસતું પૂર આવ્યું હતું. નદી પર બાંધેલ લાકડાના પૂલ પરથી ઘૂંટી સમાણું પાણી વહી રહ્યું હતું. પાણીનું જોર જોઈને બાપને થોડી ચિંતા થઈ. એણે એની દીકરીને કહ્યું કે, 'બેટા હું તને તેડી લઉં?'

દીકરીએ ના પાડી.

પરંતુ બાપની ચિંતા ઓછી ન થઇ. એટલે એણે કહ્યું, 'તો પછી એક કામ કરજે. તું મારો હાથ બરાબર પકડી રાખજે. એટલે ઉપરથી અચાનક પાણીનો પ્રવાહ વધે તો પણ તું નદીમાં તણાઈ ન જા.'

'નહી પિતાજી! એમ નહી. તમે મારો હાથ પકડી રાખજો. દીકરીએ કહ્યું.

દીકરીની વાતથી બાપને નવાઈ લાગી. એણે પૂછ્યું, 'અરે બેટા! એ બંનેમાં ફર્ક શો છે? તું મારો હાથ પકડે કે હું તારો હાથ પકડું, બેઉ એક જ તો છે!'

'નહી પિતાજી!' દીકરી બોલી, 'એ બંનેમાં ઘણો ફેર છે. જો હું તમારો હાથ પકડું અને એ વખતે અચાનક પાણી વધ્યું, પૂલનું લાકડું તૂટ્યું કે અન્ય કાંઈ પણ થાય તો કદાચ મારાથી તમારો હાથ છૂટી જાય એવું બની શકે, પરંતુ મને ખાતરી છે કે જો તમે મારો હાથ પકડ્યો હશે તો ગમે તે થશે, તમે મારો હાથ ક્યારેય નહી છોડો!'

*

આવું આપણે આપણા પરમ પિતા પરમેશ્વરને પણ વિશ્વાસથી ન કહેવું જોઈએ કે તું અમારો હાથ ઝાલજે, અમે ગમે ત્યારે લપસી જઈએ, પણ

તું કચકાવીને અમારો હાથ પકડી રાખજે, અને પછી એ કોઈ પણ સંજોગોમાં નહીં જ છૂટે એની અમને હૈયા સુધી ખાતરી છે!

***